સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂ. ૧૨૫/-
ઓક્ટોબર, ૨૦૧૯



## વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનાં

# વસ્ત્ર-પરિધાન


૧


૨


૩


૪


૫

## આફ્રિકા ખંડમાં મહંત સ્વામી મહારાજને વધાવ્યા વડાપ્રધાનશ્રી અને અન્ય મહાનુભાવોએ

પૂર્વ અને દક્ષિણ આફ્રિકાની સત્સંગયાત્રાએ પધારેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું ઠેર ઠેર ઉષ્માભર્યું સ્વાગત કરીને આફ્રિકા ખંડના મહાનુભાવોએ તેઓને વધાવ્યા હતા. પૂર્વ આફ્રિકામાં યુગાન્ડા તથા ટાન્ઝાનિયાના રાષ્ટ્રવડાઓએ સ્વામીશ્રીને સત્કાર્યા હતા. (૧) યુગાન્ડાના વડાપ્રધાન ભવનમાં સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કરતા વડાપ્રધાનશ્રી રુહાકાના રુગુન્ડા. (૨,૩,૪) દક્ષિણ આફ્રિકામાં જોહાનિસબર્ગ ખાતે સ્વામીશ્રીને વધાવતા મહાનુભાવો શ્રી ડેવિડ મખુરા (પ્રીમિયર, દક્ષિણ આફ્રિકા), મંત્રીશ્રી ઝવેલી મખિઝી, હર્મન મશાબા (મેયરશ્રી, જોહાનિસબર્ગ). (૫) આ સત્સંગયાત્રા દરમ્યાન આફ્રિકાના ધુરંધર લોકનેતાઓની જેમ અનેક સ્થાનિક આફ્રિકન બંધુઓ પણ સ્વામીશ્રીના સ્નેહ અને વાત્સલ્યની વર્ષાથી ધન્ય થતા રહ્યા...



# વચનામૃતના ઉદ્‌ગાતા શ્રીહરિને કોટિ કોટિ વંદન...

## ક્રમિકા


૪. આળસઃ જીવતા માણસની કબર
– પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ

૭. વચનામૃત ચિંતન
– શ્રી હર્ષદરાય ટી. દવે

૧૦. વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વસ્ત્ર-પરિધાન
– સાધુ મુકુંદચરણદાસ

૧૮. વચનામૃતમાં નિત્ય સાધના
– સાધુ જ્ઞાનવર્ધનદાસ

૨૨. વચનામૃતમાં અંતર્દષ્ટિ
– સાધુ જ્ઞાનતૃપ્તદાસ

૨૭. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૩૯. સત્સંગ શિક્ષણ પરીક્ષા પરિણામ

૪૦. એડિસન ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

૪૪. ડૉક્ટર સ્વામીનું સત્સંગ વિચરણ

૪૫. ફીજી ખાતે પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે બહુમાન

૪૬. ફ્રાન્સ અને રશિયામાં સંતવૃંદ દ્વારા સત્સંગલાભ

૪૭. અક્ષરધામનાં દર્શને મોંગોલિયાના રાષ્ટ્રપ્રમુખશ્રી અને મહાનુભાવો...

૪૮. રાજકોટના યુવાઓની દિલ્હી ખાતે સત્સંગ શિબિર

૪૯. બી.એ.પી.એસ. સંસ્થાનાં વિવિધ વૃત્ત

૫૦. અક્ષરવાસ


સનાતન હિન્દુ ધર્મની અનેકવિધ લાક્ષણિકતાઓ છે. તેમાંની એક લાક્ષણિકતા એટલે અવતારવાદ.

પૃથ્વી પર પરમાત્મા અવતરે છે - એ શાશ્વત સત્યને 'અવતારવાદ' તરીકે ઓળખવામાં આવે છે. ભારતવર્ષની, સનાતન હિન્દુ ધર્મની એ મહાન પરંપરામાં આજથી ૨૦૦ વર્ષ પૂર્વે અવતર્યા – પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ.

તેઓની હયાતીમાં જ તેમના ૩૦૦૦થી વધુ સંતશિષ્યો અને ૨૦ લાખ કરતાં વધુ હરિભક્તોએ તેમને સ્વયં પરબ્રહ્મ પરમાત્મા તરીકે આરાધ્યા હતા. એટલે જ એમની પ્રત્યેક ક્રિયા, એમનું પ્રત્યેક ચરિત્ર, એમનો પ્રત્યેક બોધ, એમના શ્રીવિગ્રહ-શરીરનું પ્રત્યેક ચિહ્‌ન, એમના સંબંધમાં આવેલા પ્રત્યેક સ્થાન, એમણે ધારણ કરેલ વસ્ત્ર, એમણે ઉપયોગમાં લીધેલ પ્રત્યેક સાધન-વાહન વગેરેની દસ્તાવેજી નોંધ દિવ્યતાભરી નજરે એમની હયાતીમાં જ કરવામાં આવી હતી.

એટલું જ નહીં, એમની હયાતીમાં જ એમના મહાકવિ સંતશિષ્યોએ એમનાં દિવ્ય સ્વરૂપ-ચરિત્રો-ચિહ્‌નો-ક્રિયાઓ પર અતુલનીય ગદ્ય-પદ્ય સાહિત્ય પણ રચ્યું છે, જે આપણા ભાષા-વૈભવનો પણ એક મહાન વારસો છે.

એ જ શૃંખલામાં એમની પરાવાણીના ગ્રંથ વચનામૃતમાં એમના પ્રત્યેક ઉપદેશની સાથે, એમણે ધારણ કરેલાં વસ્ત્ર-પરિધાનનું પણ વિગતપૂર્ણ વર્ણન છે, જેમાં એક ઇતિહાસદૃષ્ટિ તો છે જ, પરંતુ એમાં પરમાત્માના દિવ્ય સ્વરૂપની પ્રતીતિ પણ છે.

વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વચનામૃત-ગ્રંથના આધારે ભગવાન શ્રી સ્વામિનારાયણનાં એ વસ્ત્ર-પરિધાનની સ્મૃતિ સાથે આ અંક પ્રસ્તુત થાય છે.

આ અને નિત્ય સાધના તથા અંતર્દૃષ્ટિ સહિતના લેખો વચનામૃત દ્વિશતાબ્દી પર્વે પ્રકાશિત થનાર પુસ્તકશ્રેણીમાંથી આચમનરૂપે આ અંકમાં પ્રસ્તુત છે. વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વચનામૃતના ઉદ્‌ગાતા પરબ્રહ્મ શ્રીહરિને કોટિ કોટિ વંદન... ◆


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ। જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૧, અંક : ૧૦, ઑક્ટોબર, ૨૦૧૯**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી

**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપકઃ** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)



**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**

વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વચનામૃત નિદિધ્યાસન -

**પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની કલમે.**

# આળસઃ જીવતા માણસની કબર



'હરિભક્તને તો જેટલી કાંઈ કસર રહે છે,
તે પોતાની આળસે કરીને રહે છે...'

'જેને આળસ બહુ હોય ને નિદ્રા બહુ હોય ને સ્નાન-ધ્યાનાદિક જે નિયમ તેને પાળવાનું કોઈક કહે તો કહે, 'હમણાં કરીશું, શી ઉતાવળ છે? ધીરે ધીરે થશે.' એમ બોલે તે સૂધો સારો હોય તો પણ તેનો સંગ ન કરવો...'

**– ભગવાન શ્રી સ્વામિનારાયણ**

(વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૦; લોયા પ્રકરણ ૬)



ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં આળસથી સાવધાન રહેવાનું કહે છે. આળસુના સંગથી પણ દૂર રહેવાનું કહે છે. આધ્યાત્મિક માર્ગ અને ભૌતિક માર્ગમાં આળસ સૌથી મોટું વિઘ્ન છે. એટલે થોડુંક મનન આળસ પર કરીએ.


એક શાળામાં, શિક્ષકે શીઘ્ર નિબંધની હરીફાઈ રાખી. વિષય આપ્યોઃ 'આળસ એટલે...'

બધા જ છોકરાઓ આળસ ઉપર લખવા મંડી પડ્યા. કોઈકે લખ્યું કે 'આળસ મહાન શત્રુ છે.' કોઈએ લખ્યું કે 'આળસ જીવતા માણસની કબર છે.' બધાએ આવું કાંઈક ને કાંઈક લખ્યું. એક છોકરાએ ચાર પાનાં સાહેબને આપ્યા, પણ ચારે ચાર પાનાં કોરાં હતાં. છેલ્લા પાને સાવ નીચે લખ્યું હતુંઃ 'આનું નામ આળસ!'

એક શિક્ષકે પોતાના વિદ્યાર્થીઓને પૂછ્યું કે 'જેને આળસ નડી હોય તે હાથ ઊંચો કરે.' વર્ગના બધા જ વિદ્યાર્થીઓએ હાથ ઊંચા કર્યા! એક વિદ્યાર્થીએ હાથ ઊંચો નહોતો કર્યો. શિક્ષકે તેને પૂછ્યુંઃ 'કેમ! તેં કેમ હાથ ઊંચો નથી કર્યો?!'

તેણે ઠંડા કલેજે જવાબ આપ્યોઃ 'સાહેબ! હાથ ઊંચો કરવાની આળસ થાય છે...'

આળસ એટલે શું? બે દૃષ્ટાંતો જોયાં.



આળસ એટલે એદીપણું, બેદરકારી, ગાફેલપણું. કાંઈ કરવાનું મન ન થાય, પડી રહેવાનું મન થાય એ આળસ. જરૂર કરતાં વધારે આરામ એ પણ આળસ છે.

ઘણા લોકો કહેતા હોય છે કે 'આળસ એ જીવતા માણસની કબર છે.' કોઈ કહે છે કે 'ગરીબીનું મૂળ આળસ છે.' કોઈએ એમ પણ કહ્યું છે કે 'આળસ શેતાનનું કારખાનું છે.' આશ્ચર્ય એ છે કે આ વાતો કરનારા, આવાં સૂત્રો આપનારા પોતે પણ આળસ ભોગવતા હોય છે અને આળસની એક મજા માણતા હોય છે. આળસ Sweet poison એટલે કે એક મીઠું ઝેર છે. એનો સ્વાદ છોડવાનું બહુ અઘરું છે.

ઘણી વખત એમ પ્રશ્ન થાય કે ઘણા લોકોને આળસમાં મજા આવે છે તો પછી બધા જ મહાપુરુષોએ આળસનું ખંડન શા માટે કર્યું છે?

આળસ લાગે છે મજેદાર પણ એનાં ફળ એટલાં મજેદાર નથી. એ કાતિલ છે. આળસ કરવામાં ભલે મજા આવે, પણ એ મજા કરતાં સજા હજાર ગણી ભોગવવી પડે છે. કોઈ આળસુ ક્યારેય જિંદગીમાં ફાવ્યો જ નથી. એક ચિંતકે કહ્યું છે કે 'પોતાની જવાબદારીમાંથી છટકવું સહેલું છે, પણ પોતાની જવાબદારીઓમાંથી છટકવાનાં પરિણામોમાંથી છટકી શકાતું નથી.' આપણે આપણને સોંપેલી જવાબદારીને, આળસને લીધે બહાનાં હેઠળ ઠેલીએ, તો થોડા વખત પૂરતું ઠીક લાગશે, પરંતુ એનાં પરિણામ ભારે કડવાં લાગશે.

એક કહેવત છે કે Heaven never helps the man who will not act. આળસુને મદદ કરવા ભગવાન પણ તૈયાર નથી થતા. આપણે જાતે જ આપણી જાતને મદદ નહીં કરીએ તો ભગવાન પણ આપણું ભલું કરવામાં અસહાય છે.

આળસ સમાજનું એક મોટામાં મોટું દૂષણ છે. ક્રિમિનલ લૉ – અપરાધ શાસ્ત્રના નિષ્ણાત ગણાતા ડૉ. શેઠનાએ એક વખત પ્રસ્તાવ મૂક્યો કે 'જેલના કેદીઓને સતત કાર્યશીલ રાખવા જોઈએ.' કોઈએ કહ્યુંઃ 'કેદીઓ જેલમાં છે એ જ એમના ગુનાની સજા છે. હવે વધારે સજા શું કરવી?' ત્યારે ડૉ. શેઠનાએ કહ્યુંઃ 'આરામ અને આળસમાંથી તો બધો દાટ વળ્યો છે. આળસને લીધે જ એને ચોરી કરવાનો કે ગુનો કરવાનો સમય આવીને ઊભો રહ્યો છે. મજૂરી ન કરવી પડે તેથી ચોરી કરી! શ્રમ દ્વારા એ ટેવમાંથી એમને મુક્ત કરવા જ જોઈશે.' આળસ કેવો અનર્થ સર્જે છે!

આળસથી એક પ્રકારની બેદરકારી કે બેકાળજી પણ આવે છે. બેન્જામિન ફ્રેંકલિને એક વાર્તા કહી છે તેમાં આળસનું જ પરિણામ બતાવે છે. કોઈ એક રાજા યુદ્ધે ગયો ત્યારે તેના ઘોડાની નાળની એક ખીલી નીકળી ગઈ અને એમાંથી તે રાજા યુદ્ધ હાર્યો અને કહેવત બની કે For want of a nail, king lost his kingdom.

આવી બેદરકારી કે આળસની સામે, એવાં કેટલાંય જીવંત દૃષ્ટાંતો છે કે જેમણે સખત મહેનત અને શ્રમના સહારે ઉચ્ચ જીવન બનાવ્યું છે. સ્વામી શ્રદ્ધાનંદજી નામના એક વિદ્વાન સંન્યાસી હતા. રાષ્ટ્રકક્ષાએ તેઓ ખૂબ વિખ્યાત હતા. તેઓ સતત

કાર્યશીલ રહેતા. એક વખત કોઈએ એમને કહ્યું કે ‘આટલી મોટી ઉંમરે પણ આપનામાં સહેજ પણ આળસ જોવા મળતી નથી! શાથી?’ ત્યારે તેમણે કહ્યું: ‘આળસ એ માણસની કબર છે. હું અત્યારથી એ કબરમાં પોઢવા નથી માંગતો!’

પ્રમુખસ્વામી મહારાજ પણ સતત કાર્યશીલ રહ્યા! જીવનભર. કામ નાનું હોય કે મોટું, આળસને લીધે ક્યારેય તેમણે ‘કાલ’ પર ઠેલ્યું નથી.

## આળસનાં કારણો

આળસ થવાનાં કારણો કયાં કયાં છે?

- આળસનું એક મોટું કારણ છે ધ્યેય-શૂન્યતા. જીવનનું કોઈ ધ્યેય જ બાંધ્યું ન હોય તેવા માણસને ખબર જ નથી કે મારા દિવસની એક એક પળ કેટલી કીમતી છે! સરદાર પટેલે કહ્યું છે કે ‘ધ્યેય વિનાનો માનવી એ સુકાન વિનાના નાવ જેવો છે.’ ધ્યેય-શૂન્ય હોય અથવા ધ્યેયની સ્પષ્ટતા ન હોય તેવો માણસ કચરાની પેઠે ઊડાઊડ કરે. થોડીવાર અમુક ક્રિયા કરે અને થોડીવાર બીજી ક્રિયા કરે અને પછી બંને મૂકી દે.
- આળસનું બીજું કારણ છે: અજ્ઞાન.
- ત્રીજું કારણ છે: નસીબ પર છોડવાની આદત.

કાંઈપણ કાર્ય કરવાનું હોય ત્યારે કેટલાક લોકો નસીબ કે ભગવાનને વચ્ચે લાવીને કહે: ‘એ કરે તે ખરું’ અરે! કાર્ય કરતાં પહેલાં એને વચ્ચે લાવવાની જરૂર નથી, કાર્ય કર્યા પછી પરિણામ વખતે એને વચ્ચે લાવો. નસીબ પર છોડી દઈએ તે ન ચાલે. એ કાયરતા છે.

પાણિનીના હાથની રેખાઓ જોઈને એક જ્યોતિષીએ કહ્યું કે ‘તારા હાથમાં વિદ્યાની રેખા નથી.’ પાણિનીએ પૂછ્યું: ‘એ ક્યાં હોય મને બતાવો’ જ્યોતિષીએ એ રેખા બતાવી કે તરત પાણિનીએ ચપ્પાથી ત્યાં ચીરો પાડી દીધો અને કહ્યું કે ‘હવે હું વિદ્વાન થઈશ ને!’ અને ખરેખર મહાવિદ્વાન થયા. તેઓ ભાગ્ય પર બેસી ન રહ્યા.

ડૉ. રાધાકૃષ્ણને પણ દસ વરસની ઉંમરે એક જ્યોતિષીને સંભળાવી દીધું હતું કે ‘હું વિલાયત જઈશ, ભણવા નહીં, ભણાવવા.’ અને કઠોર પરિશ્રમ કરીને તેઓ ખરેખર એટલા આગળ વધ્યા. તેમણેય નસીબની બલિહારીને ન સ્વીકારી.

- કેટલીક વખત કેટલાક લોકો માત્ર મનોરથો જ કર્યા કરે છે, પણ એને પાર પાડવા માટે ઉદ્યમ નથી કરતા. માત્ર સંકલ્પ કરવાથી નથી ચાલતું. ‘ઉદ્યમેન હિ સિધ્યન્તિ કાર્યાણિ, ન મનોરથૈઃ’ સંકલ્પ કર્યા પછી, ધ્યેય નક્કી કર્યા પછી શ્રમ કરવો જ પડે. શ્રમ કરવામાંય ખૂબ દૃઢતાપૂર્વક વળગી રહેવું પડે.
- ધીરજ અને સહનશક્તિનો અભાવ હોય તે પણ આળસનું એક કારણ છે. જ્યારે કોઈક કાર્યમાં નિષ્ફળતા મળે, કોઈક વખતે ધારેલી સફળતા ન મળે, ત્યારે ધીરજ અને સહનશીલતાનો અંત આવી જાય અને પછી પડી રહેવાનું મન થાય. કાર્યમાંથી મન ઊઠી જાય.

ડિઝરાયલી ત્રણ ત્રણ વખત ચૂંટણીમાં હાર્યો તોય એટલી જ ધીરજ સાથે તે મંડ્યો હતો – ઇંગ્લૅન્ડના વડાપ્રધાન બનવા માટે. અને બન્યો પણ ખરો. અરે! અબ્રાહમ લિંકન તો ૧૪ વખત હારેલા! તોય કેટલી ધીરજ! ૧૫મી વખત પણ ચૂંટણી લડ્યા.

## આળસ-રોગમાંથી કઈ રીતે છૂટવું?

વચનામૃતનાં વચનો દ્વારા આપણે જોયું કે ભગવાનને આળસ ગમતી નથી. એને ટાળવાનો ઉપાય કરવો જોઈએ. એનાથી છૂટવા માટે કેટલાક અગત્યના ઉપાયો જોઈએ.

**(૧) ધ્યેયની સ્પષ્ટતા:** સૌ પ્રથમ ધ્યેયની સ્પષ્ટતા કરો. ભજન-ભક્તિ-સત્સંગ કે સત્સંગનું કાર્ય કરવાનું હોય કે વહેવારનું કાર્ય કરવાનું હોય, પરંતુ ધ્યેય નિશ્ચિત કરો. ત્યારબાદ ધ્યેયને હાંસલ કરવા માટે સમયનું આયોજન કરો. ત્યારબાદ રોજના ટાઈમ ટેબલ ઉપર આવો. સવારથી તે સાંજ સુધીનાં આપણાં તમામ કાર્યોનું વિગતવાર વ્યવસ્થિત આયોજન કરો. અને નક્કી કરો કે આજે સાંજ સુધીમાં આટલું કાર્ય પૂરું કરવું જ છે.

રોજ રાતે વીતેલા દિવસનો હિસાબ મેળવી લો કે આજે ધાર્યું હતું તેમાંથી કેટલું કાર્ય બાકી રહ્યું? તેને પૂરું કરવા ફરીથી સંકલ્પ કરો અને બીજા દિવસનું સમયપત્રક ત્યારે જ બનાવી દો. પ્રમુખસ્વામી મહારાજે પણ અનેકવાર રોજેરોજનું સમયપત્રક બનાવવા પર ખૂબ ભાર મૂક્યો છે.

**(૨) શત્રુ સ્વભાવ:** ‘ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે કોઈપણ અવગુણને આપણામાંથી હાંકી કાઢવો હોય તો તે અવગુણ માટે શત્રુભાવ કેળવો. ‘આળસ - મારો શત્રુ છે’ એણે મારું ખૂબ બગાડ્યું છે...’ એવી મનમાં ગાંઠ વાળો!

**(૩) જાત છેતરામણી:** કેટલીક વખત ‘મેં બહુ કામ કર્યું, હવે થોડો આરામ લઈએ’ એવી જાત-છેતરામણી આપણને આળસના ખાડામાં નાખે છે, પણ ક્યારેય પોતાની જાત પર દયા ન ખાવી જોઈએ. Self pityનો ત્યાગ કરો. જાત પર નિર્દય થઈએ તો જ Self pityથી બચી શકાશે. યોગીજી મહારાજ ઘણી વખત કહેતા: ‘ઇન્દ્રિયો-અંતઃકરણના ભુક્કા બોલાવી દેવા. એ તો થર થર ધ્રૂજવાં જોઈએ.’

**(૪) સુધારા વૃત્તિ:** હંમેશાં સતત સુધારો કરતા

(અનુસંધાન પૃષ્ઠ ૮ પર)

વચનામૃત
દ્વિશતાબ્દી મહોત્સવ



## પોતાના આચરણથી આપ્યો

# સેવા-ધર્મનો ઉપદેશ

**વચનામૃત ચિંતનઃ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૦**

■ શ્રી હર્ષદરાય ટી. દવે

અક્ષરનિવાસી ભક્તરાજ હર્ષદરાય ત્રિભોવનદાસ દવે એટલે સ્વામિનારાયણ સંપ્રદાયનું વિપુલ ઐતિહાસિક સાહિત્ય સર્જનાર સંપ્રદાયના અભિનવ વ્યાસ. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અત્યંત કૃપાપાત્ર હર્ષદભાઈ સંપ્રદાયના રહસ્ય ગ્રંથોના એક નિરાળા મર્મજ્ઞ હતા. એક પ્રખર વિદ્વાન તરીકે જ નહીં, પરંતુ ભગવાન સ્વામિનારાયણનાં તત્ત્વજ્ઞાન અને આધ્યાત્મિક રહસ્યોના ઊંડા અભ્યાસી તરીકે તેઓ સૌના દિલમાં સ્થાન પામ્યા હતા. યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી વર્ષો સુધી સંતોએ તેમના મુખેથી મુંબઈમાં નિત્ય વચનામૃતનું ચિંતન-મનન-નિરૂપણ સાંભળવાનો લહાવો લીધો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનામૃતો પરનું તેમનું મનનીય ચિંતન 'સ્વામિનારાયણ પ્રકાશ'માં ૧૯૬૦-૭૦ના દાયકામાં શ્રેણીબદ્ધ રીતે પ્રકાશિત થતું રહ્યું હતું. વચનામૃત દ્વિશતાબ્દી પર્વે તેમની રોચક કલમે લખાયેલા વચનામૃતના એ ચિંતનાત્મક લેખોની શ્રેણીને પુનઃ 'સ્વામિનારાયણ પ્રકાશ'ના પૃષ્ઠપટ પર માણતા રહીશું...

यद्यदाचरति श्रेष्ठस्तत्तेवेतरो जनः।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते॥ (गीता – 3/21)

શ્રેષ્ઠ પુરુષો જે જે આચરણ કરે છે તેને જ સાધારણ મનુષ્યો અનુસરે છે. જેને તેઓ પ્રમાણભૂત ગણે છે, લોકો પણ તેને પ્રમાણ ગણી અનુસરે છે.

અવતારી પુરુષો અને મહાન સંતો સામાન્ય મનુષ્યો માટે જીવન જીવવાની કળા બતાવે છે. તેમને અનુસરવાથી જીવન ઊર્ધ્વગામી બને છે. જ્ઞાન, ભક્તિ અને સેવાના ઉત્તમ ગુણો તેમના જીવનના અનેક નાના-મોટા પ્રસંગોમાંથી શીખવા મળે છે. એ પ્રસંગોનું શ્રવણ ને મનન કરીને, બોધપાઠ ગ્રહણ કરીને, પોતાના જીવનમાં એ ગુણો ઉતારવા એ મુમુક્ષુનું કર્તવ્ય છે.

ગઢડા પ્રથમ પ્રકરણના ૧૦મા વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના અતિ અલૌકિક ને દિવ્ય જીવનની સૌરભ પ્રસરાવતો સેવાનો ગુણ જોવા મળે છે. એક અધમમાં અધમ મનુષ્ય ત્યાગનો સ્વાંગ લઈ વિચરે છે. શાસ્ત્રોનો ભણેલો છે છતાં કેટલો સ્વાર્થી સાધુ અને કૃતઘ્ની છે તે જોતાં મુક્તાનંદ સ્વામીનું પદ યાદ આવે છેઃ

*'ભાત દેખી ભૂલે નહીં, અનુભવ ઉજાશે રે...'*

ભગવું વસ્ત્ર પહેરેલા બધા કંઈ સાધુ ન ગણાય. સેવકરામ પણ એ અર્થમાં સાધુ ન હતો.

શ્રીહરિએ પોતાના ઉપદેશમાં દાસાનુદાસ થઈ સેવા કરવા પર ખૂબ જ ભાર મૂક્યો છે. પણ તેમનો ઉપદેશ કેવળ શાબ્દિક નથી. એમનું જીવન જ ઉપદેશરૂપ છે. Example is better than precept. ક્ષણેક્ષણ અને પળેપળ સેવાને જીવનમંત્ર બનાવી સેવાનો આદર્શ પોતાના આશ્રિતોને દૃઢ કરાવ્યો છે. ૧૪-૧૫ વર્ષની કુમળી વયના સેવામૂર્તિ નીલકંઠ (ભગવાન શ્રી સ્વામિનારાયણ) કેળનાં પાન લાવી સેવકરામની માંદગીમાં તેને માટે પથારી કરે, મરડાને કારણ બગડેલાં કપડાં જાતે ધોઈ નાખે, પગ દાબે, માથું દાબે. વળી, બજારમાંથી ઘી-સાકર, અનાજ વગેરે ખરીદી લાવી રસોઈ કરે ને પ્રેમથી જમાડે અને પેલો કૃતઘ્ની સેવકરામ હોંશે હોંશે બધું જ જમી જાય, પણ પૈસાભાર અન્ન નીલકંઠવર્ણીને જમવા ન આપે. તોપણ નીલકંઠવર્ણી લેશમાત્ર દુઃખાય નહીં. પોતાને માટે ગામમાં જઈ ઘેર ઘેર ભિક્ષા માગે, કોઈવાર ભિક્ષા ન મળે તો ઉપવાસ કરે પણ સેવામાં જરાય ગૌણતા આવવા જ ન દે.

મા-બાપ છોકરાને ઉછેરી ભણાવી-ગણાવી મોટો કરે. નોકરી-ધંધે લગાડે પણ છોકરો મા-બાપની સામું પણ ન જુએ. અરે, મા-બાપનો તિરસ્કાર કરે એવું જ્યારે આપણે સાંભળીએ કે જોઈએ છીએ ત્યારે નીલકંઠવર્ણીનું આ વર્તન કેટલું અદ્‌ભુત, અલૌકિક અને આશ્ચર્યકારી જણાય. સેવકરામ સાથે પોતાને કંઈ જ સંબંધ કે સ્વાર્થ ન હતો, છતાં એક સાધુ ગણી તેની સર્વ પ્રકારની સેવા ઉપાડી લીધી. અને તે પણ એક-બે દિવસ નહીં, પણ બે મહિના સુધી! બે મહિના પછી સેવકરામ સાજો થયો તોપણ તેનાં પોટલાં ઉપાડી ઘણા લાંબા સમય સુધી સેવા કરી. પણ પેલાએ તો પૈસાભાર અનાજ પણ ન આપ્યું તે ન જ આપ્યું. અરે, આભારની લાગણી પણ વ્યક્ત ન કરી તોય નીલકંઠવર્ણી ઝાંખા ન પડ્યા.

કેવો અદ્‌ભુત સેવાભાવ!

सेवाधर्मो परम गहनो योगीनामप्यगम्यः।

આવો સેવાધર્મ સ્વીકારનાર શ્રીહરિનું આ પરમ ઉદાત્ત ચરિત્ર યાવદ્-ચંદ્ર-દિવાકરૌ જનસમુદાયને પ્રેરણાનાં પીયૂષ પાઈ આધ્યાત્મિક ઉત્થાનના પંથમાં આગળ દોરી જાય છે.

સેવાધર્મ શીખવાની સાથે આવા કૃતઘ્નીનો સંગ કલ્યાણના માર્ગમાં લેશમાત્ર ઉપકારક નથી, ઊલટું વિઘ્નકર્તા છે તેમ સમજી ત્યાગવો જ જોઈએ. જે મનુષ્યો ભગવાન કે સંતે પોતાના પર કરેલા ઉપકારને ભૂલી કેવળ સ્વાર્થમૂલક પ્રવૃત્તિઓમાં જ રાચતા હોય તેનો સંગ કોઈપણ પ્રકારે ન કરવો જોઈએ.

પૂર્ણ પુરુષોત્તમ નારાયણ, સર્વાવતારી, સર્વ કારણના કારણ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં આવાં અનેક ચરિત્રો છે, જેમાં આવી અલૌકિકતા અને દિવ્યતા ભારોભાર ભરેલી છે. તેનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરી જીવન ઊર્ધ્વગામી બનાવવાની સદ્‌બુદ્ધિ અને બળ આપણા સૌને પ્રાપ્ત થાય એ જ સ્વામીશ્રીજી અને સંતોનાં ચરણકમળમાં અભ્યર્થના... ◆

---

(અનુસંધાન પૃષ્ઠ ૬ પરથી)

રહેવાની વૃત્તિ કેળવવી જોઈએ. દા.ત. આપણે રોજ પ્રાતઃપૂજા કરીએ છીએ. અથવા ઘરસભા કરીએ છીએ. પણ આપણી પ્રાતઃપૂજા કે આપણી ઘરસભા આદર્શ બને તે માટે સતત તેમાં સુધારો કરતા રહેવું જોઈએ... નહીંતર એમાંથી આળસનો એક ફણગો ફૂટશે.

**(૫) સારાનો વાદઃ** જેણે આળસને છોડી હોય તેવાને નજર સામે રાખો.


દાદર મંદિરે એક વખત હું સવારે સાડા આઠ વાગે અગાશી ઉપર ગયો. ત્યાં બે-ત્રણ જણ સૂતા હતા. હું ગયો ત્યારે જ એક જણ બેઠો થયો. પણ પોતાની બાજુમાં બે જણાને સૂતેલા જોઈને પાછો સૂઈ ગયો! મેં તેને ઉઠાડ્યો ને પૂછ્યું કે 'કેમ પાછો સૂઈ ગયો?' ત્યારે તેણે કહ્યું: 'આ તો હજુ બીજા બે જણા સૂતા છે ને!' મેં કહ્યું: 'પણ એ સિવાય બીજા ત્રીસ જણા ઊઠીને ગયા છે તેનો વિચાર નથી આવતો?' આમ, વાદ લેવામાં આપણે ઊતરતાનું તરત ગ્રહણ કરીએ છીએ. આળસને ત્યાગવી હોય તો એમ ન ચાલે. જેણે આળસને છોડી હોય તેમનો વાદ લો.

ગઢડા પ્રથમ પ્રકરણના ૨૦મા વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણ આધ્યાત્મિક માર્ગે આળસ છોડવાની વાત કરે છે. ભગવાન અહીં વરદાન આપે છે કે જેને સત્સંગ થયો છે તેને આત્મદર્શન કે પરમાત્મદર્શન સહેલું છે, પરંતુ હરિભક્તને જેટલી પણ કસર રહે છે તે આળસે કરીને રહે છે. લોયાના છઠ્ઠા વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે 'જેને આળસ બહુ હોય ને નિદ્રા બહુ હોય ને સ્નાન-ધ્યાનાદિક જે નિયમ તેને પાળવાનું કોઈક કહે તો કહે, 'હમણાં કરીશું, શી ઉતાવળ છે? ધીરે ધીરે થશે.' એમ બોલે તે સૂધો સારો હોય તો પણ તેનો સંગ ન કરવો.'

આળસ છોડીને આપણે શ્રીજીમહારાજના કૃપાપાત્ર થઈએ. ◆

દિવ્ય આધ્યાત્મિક પ્રેરણાઓથી છલકાવતા બ્રહ્મભીના પ્રસંગો...

નૂતન પ્રકાશન




# બ્રહ્મના સંગે

**પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સન ૨૦૧૬-૨૦૧૭ના દિવ્ય વિચરણમાં નોંધાયેલા પ્રેરક પ્રસંગોનું હૃદયંગમ સ્મરણ...**

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ એટલે સાધુતા, શાંતિ અને આધ્યાત્મિકતાનું અનોખું શિખર.

તેમની પવિત્ર સાધુતાએ સંતો, હરિભક્તો અને અસંખ્ય ભાવિકોના જીવન પર ઊંડો પ્રભાવ પાથર્યો છે. ૮૬ વર્ષની વયે પણ અથાક ભીડો સહન કરીને દેશવિદેશમાં સત્સંગલાભ આપી રહેલા મહંત સ્વામી મહારાજ બોલે છે ખૂબ ઓછું, પરંતુ એમના સહજ સાંનિધ્યમાં પવિત્ર પ્રેરણાઓના સ્ફુલ્લિંગો ઊડતા રહે છે. એવા તેઓના કેટલાક પ્રેરક અને સ્મરણીય પ્રસંગોનો સંચય આ પુસ્તકમાં પ્રસ્તુત છે. આવો, તેને માણીએ અને ગુરુહરિના ગુણોથી આપણે પણ સુવાસિત થઈએ...

**લેખક :**
સાધુ બ્રહ્મવત્સલદાસ

**વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે**

# વચનામૃત વિષયક પ્રેરક પ્રકાશનોની શ્રેણી...

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં અમૃતવચનોનો અજોડ ગ્રંથ એટલે વચનામૃત. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે એક અનિવાર્ય ગ્રંથ. તેમાં આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે. આ વચનામૃત ગ્રંથના દ્વિશતાબ્દી મહોત્સવ પર્વે વચનામૃત વિષયક વિવિધ પ્રકાશનોની શ્રેણી પ્રકાશિત કરવામાં આવી રહી છે. વિવિધ દૃષ્ટિકોણથી વચનામૃતનું આચમન કરાવતી આ પુસ્તિકા-શ્રેણીને માણીએ અને વચનામૃતને હૈયે ઉતારીએ...




સ્વામિનારાયણ અક્ષરપીઠનાં વિક્રય કેન્દ્રો પરથી આજે જ વસાવીએ...



## વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનાં

# વસ્ત્ર-પરિધાન

■ સાધુ મુકુંદચરણદાસ

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની હયાતીમાં જ તેમની સર્વાવતારી પરમાત્મા તરીકે ઉપાસના કરતા ત્રણ હજાર પરમહંસો અને લાખો હરિભક્તોએ શ્રીહરિના પ્રત્યેક ચરિત્ર અને તેમના સંબંધમાં આવેલ ચરાચર સર્વત્રમાં દિવ્યતાનો અનુભવ કર્યો હતો. એટલે જ એમની હયાતીમાં જ ૨૦૦ વર્ષ પહેલાં એમનાં પરમાત્મા તરીકેનાં ચરિત્રો અને સ્વરૂપનાં હજારો પદો વિરક્ત પરમહંસ કવિઓએ રચ્યાં, એ સમર્થ પરમહંસ વિદ્વાનોએ શ્રીહરિના દિવ્ય જીવન અને અપરિમિત મહિમાનાં વિપુલ શાસ્ત્રો રચ્યાં, એટલું જ નહીં, શ્રીહરિના દિવ્ય શરીરનાં તલ જેવા નાના સરખા એક એક ચિન્હની દસ્તાવેજી નોંધ કરીને તેનું ધ્યાન ધર્યું, તેના પર અમર કીર્તનો રચ્યાં. ભગવાન સ્વામિનારાયણ જ્યાં જ્યાં બિરાજ્યા એ સ્થાનોને એમની હયાતીમાં જ તીર્થ તરીકે પૂજ્યાં, શ્રીહરિએ ધારણ કરેલાં વસ્ત્રો કે એમણે ઉપયોગમાં લીધેલા દાતણની ચીરીઓને પણ

સંગ્રહીને તેનાં આદરપૂર્વક દર્શન કરતાં રહ્યાં. ૨૦૦ વર્ષ પછી આજે પણ એવા જ તાજગીભર્યા મહિમાથી સૌ શ્રીહરિનાં એ પ્રાસાદિક વસ્ત્રો અને પ્રાસાદિક વસ્તુઓનાં શ્રદ્ધાથી દર્શન કરીને શાંતિ પામે છે. આ લેખમાં વચનામૃત ગ્રંથનાં ઇતિહાસ-વર્ણનોને આધારે શ્રીહરિનાં વસ્ત્ર-પરિધાનની પ્રાસાદિક સ્મૃતિઓ પ્રસ્તુત છે...

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ ઉત્તર ભારતમાં અયોધ્યા પાસે છપૈયામાં ૩ એપ્રિલ, ૧૭૮૧ના રોજ અવતર્યા અને ૫ વર્ષની વય થતાં માતાપિતા સાથે અયોધ્યા ખાતે સ્થાયી થયા હતા. ૧૭૯૧માં ૧૧ વર્ષની ઉંમરે એમણે ગૃહત્યાગ કરી, બાળયોગી નીલકંઠપ્રભુ તરીકે સમગ્ર ભારતવર્ષનું પરિભ્રમણ કર્યું. ૨૧ ઑગસ્ટ, ૧૭૯૯ના રોજ સૌરાષ્ટ્રના દક્ષિણ કિનારે માંગરોળ નજીક લોજ ગામે પહોંચ્યા. એક વર્ષ પછી ૨૦ ઑક્ટોબર, ૧૮૦૦ના રોજ રામાનંદ સ્વામીએ પીપલાણામાં નીલકંઠવર્ણીને સહજાનંદ સ્વામી તરીકે દીક્ષિત કર્યા. એક જ વર્ષના ટૂંકાગાળામાં ૧૬ નવેમ્બર, ૧૮૦૧ના દિવસે જેતપુર મુકામે, રામાનંદ સ્વામીએ તેમને સંપ્રદાયની ધર્મધુરા સોંપી. આ એક ઐતિહાસિક પ્રસંગે તેમણે ગુરુ તરીકે ૨૦-૨૧ વર્ષીય યુવાન ભગવાન સ્વામિનારાયણને એવી આજ્ઞા કરી કે તમે સાક્ષાત્ પરમાત્મા છો, એટલે હરિભક્તો દ્વારા અપાયેલાં કે આપવામાં આવે તે બધાં જ વસ્ત્રો અને શણગાર ગ્રહણ કરવાં.

આથી જ ભગવાન સ્વામિનારાયણે સ્થાનિક લોકોનો જ શ્વેત પહેરવેશ ધારણ કરવો શરૂ કર્યો. મહદ્ અંશે અધોવસ્ત્ર તરીકે ધોતી અને ઉપર અંગરખું, કેડિયું, ડગલી કે ગાતરિયું એમની ઓળખ બની રહ્યાં. ગાતરિયું અને ધોતી તો સળંગ, સીવ્યા વગરનું કાપડ જ હતું. ત્યારે માથું ઢાંકવાનો રિવાજ હતો એટલે તેમણે એ સમયે સૌરાષ્ટ્ર અને કચ્છમાં પ્રચલિત વિવિધ પ્રકારની પાઘ અને છટાદાર સાફો પણ ધારણ કર્યાં. આમ, આ સમકાલીન પ્રચલિત વેશભૂષા ધારણ કરીને તેઓ હરિભક્તોના પ્રાણપ્યારા બની ગયા. ક્યારેક, ખાસ કરીને ઉત્સવોમાં હરિભક્તો દ્વારા ભેટ-સોગાદ રૂપે અપાયેલા ભારે ભરતકામવાળા જરિયાન વાઘા પણ તેઓ ધારણ કરતા.

હરિલીલામૃત ગ્રંથ(૬/૧૫/૫૯)માં ભગવાન સ્વામિનારાયણે સર્વપ્રથમ ભારે જરિયાન વસ્ત્રો સ્વીકાર્યાનો ઉલ્લેખ છે. સન ૧૮૦૭માં ધોરાજીમાં ઊજવાયેલા ફૂલદોલ ઉત્સવ પ્રસંગે સુરતના હરિભક્તોએ શ્રીહરિને ઉત્તમ વસ્ત્ર-અલંકાર ભેટ આપ્યાં હતાં અને તેઓએ તે ધારણ કર્યાં હતાં. એમણે જરિયાન જામો, સુરવાળ અને શિર ઉપર મુગટ સહિત અન્ય શૃંગાર પણ ધારણ કર્યો હતો. જુઓ કેટલીક પંક્તિઓઃ

*માવને શિર મુગટ ધરાવ્યો, હતો સુરતના સંઘે કરાવ્યો;*
*પેલવેલો એવો શણગાર, ધર્યો તે દિન ધર્મકુમાર.*

(હરિલીલામૃતઃ ૬/૧૫/૫૯)

આવા અપવાદોને બાદ કરતાં, એમની પોતાની પસંદગી તો રોજિંદા વપરાશમાં આવતાં એવાં સાદાં શ્વેત વસ્ત્રો જ હતાં, જે એમનો વૈરાગ્ય, એમની સાદગી અને સાધુતા દર્શાવે છે.

એમના વિવિધ વસ્ત્રપરિધાનનો પરિચય વચનામૃતમાં પાને પાને મળે છે. વચનામૃત જો કે આધ્યાત્મિક ઉપદેશનો ગ્રંથ છે, પરંતુ આ ઉપદેશનું દસ્તાવેજી સંકલન કરનારા તેમના મહાન પરમહંસ શિષ્યોએ દરેક વચનામૃત-પ્રકરણના પ્રારંભમાં ભૂમિકા લખી છે, તેમાં તેઓના ઉપદેશ વેળાની ઝીણામાં ઝીણી વિગતો પણ નોંધી છે. આ ભૂમિકામાં ભગવાન સ્વામિનારાયણના વસ્ત્રપરિધાનની પણ વિગતો દસ્તાવેજી સ્વરૂપે નીરખવા મળે છે. વસ્ત્રપરિધાનનું પરમહંસોએ વર્ણવેલું મહિમાપૂર્ણ વર્ણન વાચકને શ્રીજીના વિશિષ્ટ વ્યક્તિત્વની ઝાંખી કરાવે છે. આ ભૂમિકાઓ વાચકને ૨૦૦ વર્ષ પૂર્વેના સમયમાં લઈ જાય છે અને ૧૯મી સદીની શરૂઆતમાં ભગવાન સ્વામિનારાયણ વિશે, તેમની દિવ્યવાણી સાંભળવા આવતા દેશ-પરદેશના અનુયાયીઓ વિશે, એ સમયની જીવનચર્યા વિશે તાદૃશ્ય માહિતગાર કરે છે. એટલું જ નહીં, એ સમયે ન હતી કાપડની મિલો કે ન હતાં સિલાઈ મશીનો, ત્યારે ફક્ત હાથ કારીગરીથી બનતા કાપડનું વૈવિધ્ય અને તેના પર હાથેથી જ થતાં બારીક ભરતકામની માહિતી પણ પ્રત્યેક વચનામૃતની ભૂમિકામાંથી મળે છે

ઉપરાંત તે સમયે સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં થતા વિવિધ ફૂલછોડની પણ જાણકારી મળે છે. સૌરાષ્ટ્રમાં સામાન્ય ફૂલો જ મળતાં જ્યારે મધ્ય ગુજરાતમાં એ સમયે ફૂલોમાં અનેરું વૈવિધ્ય જોવા મળે છે.

જ્યારે વાચક આ સમગ્ર માહિતીનું સંકલન કરતાં

# ભગવાન સ્વામિનારાયણનાં પ્રાસાદિક વસ્ત્રો



અંગરખો (ઉનાળામાં ભગવાન શ્રી સ્વામિનારાયણે પહેરેલો મસલીનનો દોરિયાનો અંગરખો)



ગરમ પોસની સફેદ છીંટની ડગલી (ઠંડીમાં રક્ષણ આપવા માટે રૂ ભરેલો ડગલો)





પ્રાસાદિક સફેદ અંગરખું અથવા ડગલી અને રાતો જામો(જમણી બાજુ). જામો અંગરખા કરતા જાડાં કાપડમાંથી બનાવવામાં આવે છે તેમાં ક્યારેક સોનેરી તારની ગૂંથણી પણ કરવામાં આવે છે.

કરતાં વચનામૃત વાંચે, ત્યારે તેના ચંચળ ચિત્તને ભગવાન સ્વામિનારાયણની દિવ્ય મૂર્તિનું સ્મરણ શાંત અને નિર્દોષ કરી દે છે. આમ પણ, કથાશ્રવણ કે ગ્રંથપાઠ કરતી વેળાએ મનને શાંત અને સ્થિર રાખવું જરૂરી છે, જેથી કથાનો મર્મ સમજી શકાય.

આવો, વચનામૃતની એ ભૂમિકાઓના આધારે ભગવાન શ્રી સ્વામિનારાયણના વસ્ત્રપરિધાનની કેટલીક વિગતોને માણીએ અને તેના દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય મૂર્તિના સ્મરણમાં રમમાણ થઈએ...

## શ્રીહરિનાં વિવિધ વસ્ત્ર-પરિધાન

વચનામૃતના પ્રત્યેક પ્રકરણની ભૂમિકામાં એટલે કે તેના પ્રથમ ફકરામાં શરીર ઉપર ધારણ કરવાનાં ખેસ, ધોતિયું, ડગલી, ચાદર, ચોફાળ, રજાઈ, પછેડી, શેલું, રેંટો, સુરવાળ અને અંગરખો તથા મસ્તક પર ધારણ કરવાનાં પાઘ, ફેંટો, બોકાની અને મોળિયું જેવા શણગારનો ઉલ્લેખ છે. તેનું પૃથક્કરણ નીચે મુજબ કરી શકાય.

- વચનામૃતમાં આપેલા ૨૭૩ દિવસોના વર્ણનોમાંથી શ્રીહરિએ ૧૬૧ વખત તો 'સર્વ શ્વેત વસ્ત્ર' જ પહેર્યાં છે.
- ૬૬ વખત તેઓએ 'સફેદ ખેસ' અને ૭ વખત 'સફેદ સુરવાળ' ધારણ કર્યો છે.
- આમ, ૧૬૧+૬૬+૭ = ૨૩૪ વખત શ્વેત વસ્ત્ર-પરિધાન ધારણ કર્યાં છે.
- ૨૭૩ દિવસોનાં વર્ણનોમાંથી ફક્ત ૩૯ વખત જ શ્રીહરિએ રંગીન કે ભારે વસ્ત્રો ધારણ કર્યાં છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ધારણ કરેલાં એ વિવિધ વસ્ત્રોની હવે થોડીક છણાવટ કરીએ.

## ખેસ

વચનામૃતનાં વર્ણનોમાં વારંવાર ખેસ શબ્દ આવે છે.

તે સમયમાં ખેસ શબ્દ 'ઉપરણો' (ઉપવસ્ત્ર) અને અધોવસ્ત્ર ધોતી બંને માટે વપરાતો હતો. વચનામૃતમાં જ્યારે 'ખેસ ઓઢ્યો હતો' એમ વર્ણન કે વાક્યરચના આવે ત્યારે ખેસનો અર્થ ઉપવસ્ત્ર કે ઉપરણો થાય છે. અને જ્યારે 'ખેસ પહેર્યો હતો' એમ વર્ણન કે વાક્યરચના આવે ત્યારે ખેસનો અર્થ અધોવસ્ત્ર કે 'ધોતિયું' એમ સ્પષ્ટ સમજવું. (વાઘેલા ૧૯૮૮:૧૨૧)

સારંગપુર પ્રકરણના ત્રીજા વચનામૃતમાં આ વાતની સ્પષ્ટતા થાય છે. આ વચનામૃતના વર્ણન મુજબ ભગવાન સ્વામિનારાયણે બે ખેસ ધારણ કર્યા છે. કાળા છેડાનો ખેસ ઓઢ્યો છે, અહીં ખેસ એટલે ઉપવસ્ત્ર. અને બીજો ખેસ પહેર્યો છે, અહીં ખેસ એટલે અધોવસ્ત્ર-ધોતી. શ્રીહરિ માનસીપૂજાની વાત કરે છે ત્યારે પણ આ વાતની વધુ સ્પષ્ટતા થાય છે. શ્રીહરિ કહે છે, 'ધોયેલો શ્વેત ખેસ પહેરવા આપવો' એટલે કે ધોતિયું આપવું. જો એમણે 'ઓઢવા આપવો' કહ્યું હોત તો ઉપવસ્ત્ર અર્થ થાત.

વચનામૃતનાં વર્ણનોમાં ફક્ત એક જ વાર ગઢડા મધ્ય પ્રકરણ ૪૩માં ધોતિયું પહેરવાની વાત છે, અન્ય તમામ વચનામૃતોમાં ખેસ શબ્દ જ વપરાયો છે. ગઢડા પ્રથમ પ્રકરણના ૧૪મા અને ૧૭મા વચનામૃતમાં 'ચાદર ઓઢી' ક્રિયાપદ વપરાયું છે, જેનો અર્થ પણ ઉપવસ્ત્ર થાય છે.

તેમનાં વસ્ત્રોનાં વર્ણનોમાં એકવાર વિલાયતી સફેદ ધોતિયાનું પણ વર્ણન આવે છે. (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૧) વિલાયતી એટલે ઇંગ્લૅન્ડથી આવેલું કાપડ. કોઈક ભક્તે તેમને ભાવપૂર્વક આ સફેદ બ્રિટિશ વસ્ત્ર અર્પણ કર્યું હશે, જે લેંકેશાયરની સ્ટીમ પાવરલૂમમાં બન્યું હતું. અત્રે નોંધવું જોઈએ કે ૧૭૮૦માં જેમ્સ વોટે સ્ટીમ એન્જિન શોધ્યા પછી આ શરૂઆત થયેલી. એ પછી ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતમાં બનતા હાથ વણાટના કાપડ પર પ્રતિબંધ લાદી બ્રિટિશ હકૂમતના તાબા હેઠળના દેશોમાં મશીનવણાટના સસ્તા કાપડની નિકાસ શરૂ કરી. એ પૈકીનું આ વસ્ત્ર શ્રીહરિને ધારણ કરાવવામાં આવ્યું હતું.

સાથે સાથે એ વસ્તુ પણ નોંધવી જોઈએ કે ઉપરોક્ત અપવાદને બાદ કરતાં શ્રીજીમહારાજનાં બધાં જ વસ્ત્રો હાથેથી વણેલાં તથા હાથેથી જ સીવેલાં હતાં. સિલાઈ મશીનની શોધ તો ૧૮૩૦ની આસપાસ થઈ, અને ભારતમાં તો ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં આ મશીનો આવ્યાં. આપણે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં અભિષેક મંડપમાં દર્શનાર્થે મૂકવામાં આવેલ ભગતજી મહારાજનું મશીનથી સીવેલું 'કેડિયું' પણ તેની સાક્ષી પુરાવે છે. (ભગતજી મહારાજનો સમય – ૧૮૨૯થી ૧૮૯૮)

## શાલ, ચોફાળ ઇત્યાદિ ઉપરનાં વસ્ત્રો

સમગ્ર ભારતમાં ઠંડીના દિવસોમાં ઠંડીથી બચવા રોજિંદા વસ્ત્રો ઉપર શાલ ઓઢવી તે એક પ્રથા હતી અને આજેય તે પ્રચલિત છે. ભગવાન સ્વામિનારાયણને

સંતો-ભક્તો ઠંડીના દિવસોમાં શાલ વગેરે ઉપરી વસ્ત્રો ઓઢાડતા તેનાં વર્ણનો પણ વચનામૃતમાં નિરખવાં મળે છે. આવાં ઉપરી વસ્ત્ર માટે ચોફાળ, ચાદર, રજાઈ, પછેડી, શેલું અને રેંટો વગેરે વર્ણન મળે છે. શેલું અને રેંટો સિવાય બધાં જ શાલ કરતાં ભારે અને પ્રમાણમાં જાડાં વસ્ત્રો છે. ગઢડા પ્રથમ પ્રકરણના વચનામૃત ક્રમાંકો ૨૦, ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭; ગઢડા મધ્ય પ્રકરણના વચનામૃત ક્રમાંકો ૧૬, ૨૦ અને લોયા પ્રકરણના વચનામૃત ક્રમાંકો ૬, ૧૩, ૧૫, ૧૭, ૧૮ વગેરેમાં ભગવાન સ્વામિનારાયણે આ વસ્ત્રો ધાર્યાનું વર્ણન ઉપલબ્ધ છે.

લોયા પ્રકરણના વચનામૃત ક્રમાંકો ૧૫, ૧૭, ૧૮ના દિવસો વિશેષ ઠંડા હોય એમ જણાય છે, કારણ કે બે જાતનાં ભારે વસ્ત્રો ધારણ કર્યાં છે. અન્ય વચનામૃતોમાં પણ બે વસ્ત્રો ધારણ કર્યાંનાં વર્ણનો છે. જુઓ ઉદાહરણો: ચોફાળ અને પછેડી (લોયા પ્રકરણ ૧૫), ચાદર અને બુટ્ટાદાર રજાઈ (ગઢડા મધ્ય પ્રકરણ ૧૮), ચોફાળ અને છીંટની રજાઈ (ગઢડા મધ્ય પ્રકરણ ૨૦). ગઢડા મધ્ય પ્રકરણના ૨૦, ૨૬, ૪૭માં છીંટની રજાઈ ઓઢી છે, કારણ કે આ કથાઓ માગશર અને પોષ માસના ઠંડીના દિવસોમાં હતી.

રસપ્રદ હકીકત તો એ છે કે લોયા (૬, ૧૩, ૧૫, ૧૮)ના વાતાવરણમાં ભગવાન સ્વામિનારાયણે કથાનો સમય પણ ખૂબ ઠંડો હોય એવો પસંદ કર્યો છે: સવારે, સાંજે અને રાત્રે. સામાન્યતઃ ભારતમાં ઠંડીના દિવસોમાં પણ બપોરનો સમય હૂંફાળો અને અનુકૂળ રહે છે. કલ્પના કરી શકાય તેમ છે કે શ્રીહરિએ આવા ઠંડા દિવસોમાં બે વસ્ત્ર ધારણ કર્યાં છે તો તેમના કેટલાય પરમહંસો તો ફક્ત એક ગાતરિયાભર જ રહેતા હતા! ઠંડી સહન કરીને પણ સવાર હોય કે સાંજ, કથા માટેનો શ્રીહરિ તથા ભક્તજનોનો ઉત્સાહ-ઈશક અનેરો હતો. શ્રોતાઓને તો વિશેષ જાગ્રત અને ખબરદાર રહેવું પડ્યું હશે. કારણ કે લોયાનાં એ વચનામૃતોની બધી જ કથાઓ ગૂઢ અધ્યાત્મવાદથી ભરેલી છે અને જલદીથી સમજાય એવી નથી.

## શેલું

ભગવદ્ગોમંડલમાં વર્ણવ્યા મુજબ શેલું એટલે સુંદર કસબી કોર પાલવવાળો બારિક વણાટનો ખેસ, ઉપવસ્ત્ર, ઉત્તરીય કે ઉપરણો. નીચેનાં વચનામૃતોમાં ભગવાન સ્વામિનારાયણે શેલું ધારણ કર્યાંનાં વર્ણનો પ્રાપ્ત થાય છે:

ગઢડા પ્રથમ પ્રકરણ: ૧૩, ૨૩, ૫૩

કારિયાણી પ્રકરણ: ૧

ગઢડા મધ્ય પ્રકરણ: ૯, ૬૧

વરતાલ પ્રકરણ: ૨, ૧૫

## અંગરખું

અંગરખો એટલે સીવેલું, લાંબી બાંયવાળું, ઘૂંટી સુધી પહોંચતું, લાંબા ઝભ્ભા જેવું ઉપરી વસ્ત્ર. (જુઓ રંગીન પૃ.૧૨)

વચનામૃતોનાં વર્ણનોમાં ભગવાન સ્વામિનારાયણે કુલ ૯ વખત સફેદ અંગરખું ધારણ કર્યાંનાં વર્ણનો પ્રાપ્ત થાય છે.

ગઢડા પ્રથમ પ્રકરણ: ૨૩, ૩૮(દોરિયાનું), ૫૧, ૫૩

પંચાળા પ્રકરણ: ૧, ૬

સારંગપુર પ્રકરણ: ૯

લોયા પ્રકરણ: ૧૭ અને વરતાલ પ્રકરણ ૧

## ડગલી

વધારે ઠંડી હોય ત્યારે, હાલના જૅકેટ જેવું, કેડ સુધી પહોંચતું સીવેલું વસ્ત્ર એટલે ડગલી. વચનામૃતોનાં દિવસોમાં ભગવાન સ્વામિનારાયણે કુલ ૨૩ પ્રસંગોએ ચાર જાતની ડગલી ધારણ કરી હતી. જુઓ તે વચનામૃતોના ક્રમાંકો:

**સફેદ છીંટની ડગલી:** કારિયાણી પ્રકરણ ૧૧, ૧૨; લોયા પ્રકરણ ૧, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯

**રાતા કિનખાબની ડગલી:** ગઢડા મધ્ય પ્રકરણ ૯; વરતાલ પ્રકરણ ૨, ૧૫

**કાળા કિનખાબની ડગલી:** કારિયાણી પ્રકરણ ૬; લોયા પ્રકરણ ૨

**રાતા ઊનની ડગલી:** ગઢડા પ્રથમ પ્રકરણ ૧૩, ૨૪; લોયા પ્રકરણ ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭ (અંગરખું, ચોફાળ અને રજાઈ સાથે), ૧૮.

આમ, ભગવાન સ્વામિનારાયણે ૨૩ વાર ડગલી પહેર્યાનું વર્ણન છે, તેમાંથી સૌથી ભપકાદાર અને ચિત્તાકર્ષક ડગલી કારિયાણી પ્રકરણના છઠ્ઠા વચનામૃતમાં છે. કારણ કે તેમાં 'નરનારાયણ-સ્વામિનારાયણ' એવું ભરતકામ કરવામાં આવ્યું હતું. આ સિવાય ફક્ત એક જ વાર શ્રીહરિએ આવી આકર્ષક સુંદર ડગલી પહેરી છે. સન ૧૮૨૯માં વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણના ૩૪ની કથાના થોડા જ દિવસ પહેલાં સુરતના હરિભક્ત

આત્મારામ દરજીએ ખંતથી સીવેલી ડગલી પહેરીને શ્રીહરિ ભાવનગરના મહારાજા વજેસિંહના આમંત્રણને માન આપીને તેમના મહેલમાં પધાર્યા હતા. આ ડગલી એટલી બધી કલાસભર હતી કે મહારાજા વજેસિંહ પણ આ મુલાકાત દરમિયાન વારંવાર ડગલી તરફ જોઈ રહ્યા હતા. (દવે ૨૦૦૩, ૫: ૩૧૬)

## રેંટો

રેંટો એટલે સુતરાઉ અથવા કિનખાબ/રેશમમાંથી બનાવેલું જરિયાન (જરીયુક્ત) ભરતકામવાળું વસ્ત્ર. જે ધોતી કે ઉપવસ્ત્ર કે ઉત્તરીય તરીકે પણ પહેરાય છે. ભગવાન સ્વામિનારાયણે વચનામૃતોના ૭ પ્રસંગોએ કલાત્મક રેંટો માથે ઓઢ્યાનાં કે કમરે બાંધ્યાનાં વર્ણનો રસપ્રદ છે. જુઓ ઉદાહરણોઃ

- વરતાલ પ્રકરણ ૧: ગૂઢા રંગનો રેંટો કમરે બાંધ્યો હતો ને માથા ઉપર કસુંબલ રેંટો સોનેરી તારના છેડાવાળો બાંધ્યો હતો ને ખભે કસુંબલ રેંટો જરકસી છેડાનો વિરાજમાન હતો.
- ગઢડા પ્રથમ પ્રકરણ ૩૩: માથે કસુંબી રંગને છેડે રેંટો બાંધ્યો હતો.
- ગઢડા પ્રથમ પ્રકરણ ૫૩, ૫૪: જરકસી છેડાનો ભારે કસુંબલ રેંટો માથે બાંધ્યો હતો.
- ગઢડા પ્રથમ પ્રકરણ ૫૬: જરિયાન કસુંબલ રેંટો ઓઢ્યો હતો ને માથે ફરતા છેડાનો કસુંબી રેંટો બાંધ્યો હતો.
- લોયા પ્રકરણ ૨: બુરાનપુરી આસમાની રંગનો રેંટો સોનેરી તારના ફરતા છેડાનો બાંધ્યો હતો અને કસુંબી રંગનો રેંટો કેડ્યે બાંધ્યો હતો.
- ગઢડા મધ્ય પ્રકરણ ૯: મસ્તક ઉપર સોનેરી ફરતા છેડાનો કસુંબી રેંટો બાંધ્યો હતો.

## સુરવાળ

વચનામૃતોનાં વર્ણનોમાં શ્રીહરિએ ૧૯ વાર સુરવાળ ધારણ કર્યાંનાં નિર્દેશો છે.

લોયા પ્રકરણ ૧માં આજે પણ શેરવાની સાથે પહેરવામાં આવતા કે આજના લેંઘા/પાયજામા જેવો સુરવાળ પહેર્યો છે. શ્રીહરિની રુચિ સફેદ સાદા સુરવાળ (વરતાલ પ્રકરણ ૧) પ્રત્યે વિશેષ હતી, પરંતુ ગઢડા મધ્ય પ્રકરણ ૯, વરતાલ પ્રકરણ ૧૫, કારિયાણી પ્રકરણ ૬ અને લોયા પ્રકરણ ૨માં એમણે રાતા કિનખાબનો સુરવાળ પહેર્યો છે.

૧૯માંથી ૧૦ વાર એમણે શ્વેત સુરવાળ જ પહેર્યો છે. બાકીના ૯ પ્રસંગોએ એક સાદો (સુતરાઉ) અને બાકી કિનખાબનાં વર્ણનો છે. ઠંડીના દિવસોમાં લોયા પ્રકરણના ૧, ૩, ૭ વચનામૃતોમાં શ્રીહરિએ ધારણ કરેલા સુરવાળમાં કિનખાબના બે પડ વચ્ચે રૂની ગાદી મૂકેલી છે, તો વરતાલ પ્રકરણ બીજા વચનામૃતમાં પીળા તાસતાની સુરવાળનું વર્ણન છે. આ તાસતાની સુરવાળ તે એક અપવાદ છે અને જે હરિભક્ત ભક્તિભાવથી લાવ્યા હશે તેમનો ભક્તિભાવ જોઈને જ શ્રીહરિએ તે ધારણ કર્યો હશે. કારિયાણી પ્રકરણના છઠ્ઠા વચનામૃત પરથી તે સ્પષ્ટ સમજાય છે. આ વચનામૃતમાં શ્રીહરિએ ધારણ કરેલાં ભારેભારે વસ્ત્રો દીવબંદરનાં પ્રેમાબાઈએ જાતે તૈયાર કરીને એકલપંડે જ છેક દીવથી ચાલતાં ચાલતાં કારિયાણી લઈને આવ્યાં હતાં. પ્રેમાબાઈની ભક્તિ તો જુઓઃ સોનેરી બુટ્ટાદાર રાતા કિનખાબની સુરવાળ, કાળા કિનખાબની ‘નરનારાયણ સ્વામિનારાયણ’ ભરત ભરેલી ડગલી, સોનેરી તારના ફરતા છેડાની કસુંબલ પાઘ, આસમાની રંગનો કસવાળો ફેંટો, પીળું છત્ર અને કાષ્ટની ચાખડી. આ બધું તેમણે જાતે બનાવેલું. આ બધાં વસ્ત્રો લઈને પ્રેમાબાઈ કારિયાણી પહોંચ્યા ત્યારે શ્રીહરિ તો સંત-ભક્તમંડળ સમક્ષ કથા કરી રહ્યા હતા. પરંતુ કથાને વિરામ આપીને પોતાના આસન પરથી ઊભા થઈ તેઓ પ્રેમબાઈની સામે જઈ બધી જ ભેટસોગાદ સ્વીકારે છે અને કથામાં એમની ભક્તિની વાત પણ કરે છેઃ

‘આટલાં આટલાં વર્ષ થયાં તેમાં અમારે અર્થે કેટલાક હરિભક્ત વસ્ત્ર તથા હજારો રૂપિયાના અલંકાર લાવે છે, પણ અમે આવી રીતે કોઈ સામા જઈને લેતા નથી અને આવી રીતે કોઈનાં વસ્ત્ર-ઘરેણાં પહેરીને રાજી થયા નથી. આજ તો અમારે એ હરિભક્ત ઉપર અતિશય રાજીપો થયો.’ (વચનામૃત કારિયાણી પ્રકરણ ૬)

આ વચનામૃતમાં જ શ્રીહરિની અજોડ નિઃસ્પૃહિતા અને તેમનો વૈરાગ્ય તો બીજી જ ક્ષણે દેખાઈ આવે છે. વસ્ત્ર ધારણ કરીને તરત જ તેઓ આ બધાં જ ભારેભારે વસ્ત્રો એ સમયે કથામાં આવેલા દીનાનાથ ભટ્ટને ભેટમાં આપી દે છે! આગામી દિવસોમાં અન્યોને પોતાનાં આવાં પ્રભાવશાળી વસ્ત્રો દેખાડી કોઈનું ધ્યાન આકર્ષવાની તેમની કોઈ જ મનશા નથી.

## ભાલ/મસ્તકના શણગાર

ભગવાન સ્વામિનારાયણ તે સમયના સૌરાષ્ટ્રમાં

# ભગવાન સ્વામિનારાયણનાં પ્રાસાદિક વસ્ત્રો



રાતા કિનખાબનો સુરવાળ. કિનખાબ એટલે રેશમમાંથી વણેલું બુટ્ટાદાર ભાતવાળું કે જરી સાથે ભરતકામ કરેલું વસ્ત્ર.



સોનેરી કોરનો રેશમી સફેદ ખેસ. ક્યારેક આ ખેસનો ઉપયોગ પાઘ બાંધવામાં પણ કરાતો.



સુરતના પારસી ભક્ત અરદેસર કોટવાલને ભગવાન સ્વામિનારાયણે સ્વહસ્તે આપેલી સફેદ પાઘ.



સોનેરી બુટ્ટાદાર શેલામાંથી નિર્મિત શ્રીહરિની પ્રાસાદિક પાઘ.



સોનેરી કોરનું રેશમી સફેદ ધોતિયું.

પ્રવર્તમાન સાફો કે સફેદ પાઘ શિર પર ધારણ કરતા. વચનામૃતમાં એમણે ધારેલા પાઘ, ફેંટો કે શેલું સાફા તરીકે બાંધવામાં આવતા લાંબાં વસ્ત્રનાં વર્ણનો છે. કેટલાંક વચનામૃતોનાં વર્ણનોમાં શ્રીહરિએ મસ્તકે ધારેલાં શણગારનાં ઉદાહરણોઃ

- **સફેદ પાઘઃ**

  ભગવાન સ્વામિનારાયણ મહદ્ અંશે સફેદ પાઘ મસ્તક પર ધારણ કરતા. વચનામૃતમાં તેના વિપુલ ઉલ્લેખો છે. જુઓ કેટલાંક ઉદાહરણોઃ

  ગઢડા પ્રથમ પ્રકરણઃ ૧૩, ૧૪, ૧૭, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૯, ૩૨, ૩૪, ૩૬, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૫૧, ૫૩, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૭૮

  સારંગપુર પ્રકરણઃ ૨, ૩, ૪, ૯, ૧૪, ૧૮

  કારિયાણી પ્રકરણઃ ૬, ૧૧

  લોયા પ્રકરણઃ ૪, ૫, ૭

  ગઢડા મધ્ય પ્રકરણઃ ૧, ૧૩, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૭, ૨૮, ૩૦, ૪૧, ૪૮, ૪૯, ૫૨, ૫૪, ૫૭, ૬૦, ૬૨, ૬૬

  વરતાલ પ્રકરણઃ ૨, ૩, ૫, ૬, ૧૧, ૧૨

  અમદાવાદ પ્રકરણઃ ૧, ૩

  ગઢડા અંત્ય પ્રકરણઃ ૧, ૨, ૩, ૫, ૭, ૮, ૯, ૧૩, ૧૪, ૧૬, ૧૮, ૨૨

  અમદાવાદ વધારાનાં પ્રકરણઃ ૪, ૫, ૬, ૭, ૮

  અસલાલી પ્રકરણઃ ૧

  જેતલપુર પ્રકરણઃ ૧, ૨, ૩, ૪, ૫

- **મોળિયુંઃ**

  મસ્તક પર ફેંટાની જેમ બંધાતું, પણ પ્રમાણમાં ફેંટાથી ટૂંકું કાપડ. ગઢડા મધ્યના ૫૫મા વચનામૃતમાં શ્રીહરિએ (સોનેરી તારનું નવાનગર(જામનગર)નું મોળિયું ધારણ કર્યાનું વર્ણન છે.

- **ફેંટોઃ**

  મસ્તક પર બંધાતું જરીભરતવાળું કસબી વસ્ત્ર એટલે ફેંટો. નીચેનાં વચનામૃતોમાં શ્રીહરિએ ફેંટો ધારણ કર્યાનાં વર્ણનો છેઃ

  ગઢડા પ્રથમ પ્રકરણઃ ૨૩, ૨૪, ૨૫, ૨૭, ૩૦, ૩૮, ૫૪, ૬૬, ૭૧, ૭૩

  કારિયાણી પ્રકરણઃ ૧, ૩, ૬, ૧૨

  લોયા પ્રકરણઃ ૧, ૨(બુરહાનપુરી ફેંટો), ૩, ૬, ૮, ૯, ૧૦, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮

  પંચાળા પ્રકરણઃ ૧ (મસ્તક ઉપર ધોળો ફેંટો અને માથાના ફેંટાનો પેચ જમણી કોરે છૂટો હતો), ૨, ૩, ૪, ૫, ૬, ૭

  ગઢડા મધ્ય પ્રકરણઃ ૧૪, ૧૮, ૧૯

  અમદાવાદ પ્રકરણઃ ૨

  ગઢડા અંત્ય પ્રકરણઃ ૩૧

- **બોકાનીઃ**

  ઠંડી ઋતુમાં સાફાનો એક છેડો લાંબો ખેંચી કાન અને મોં ઢાંકવામાં બંધાતો તેને બોકાની કહેવાતી. નીચેનાં વચનામૃતોમાં બોકાનીનાં વર્ણનો છેઃ

  ગઢડા પ્રથમ પ્રકરણઃ ૪૪

  કારિયાણી પ્રકરણઃ ૧૨

  લોયા પ્રકરણઃ ૬, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮

## અન્ય ચિત્તાકર્ષક શણગાર

વચનામૃતની ઘણી ભૂમિકાઓમાં શ્રીહરિએ નયનરમ્ય શણગાર ધાર્યાનાં વર્ણનો પ્રાપ્ય છે. જુઓ કેટલાંક ઉદાહરણોઃ

મોતીની માળાઃ ગઢડા પ્રથમ પ્રકરણ ૧૩

નવી તુલસીની કંઠીઃ ગઢડા પ્રથમ ૬૪, મધ્ય ૪૮

કાંડા પર રાખડીઃ ગઢડા મધ્ય પ્રકરણ ૯ (શ્રાવણ સુદ પૂર્ણિમાને બદલે ચૌદશને દિવસે રાખડી બાંધી છે.)


હાથમાં રૂમાલઃ જેતલપુર પ્રકરણ ૨

લલાટે કેસરીચંદનની અર્ચાઃ ગઢડા પ્રથમ ૩૨, ૫૯

શરીર પર કેસરચંદનની અર્ચનાઃ જેતલપુર પ્રકરણ ૪

(ચંદનની અર્ચાના ઉપરોક્ત ત્રણેય પ્રસંગોએ ઋતુની નોંધ લેવા જેવી છે. પ્રથમ વખતે પોષ માસ અને અન્ય બે દિવસો વખતે ફાગણ માસ હતો. બંને મહિનામાં ઠંડીનો ચમકારો હોય છે. પોષમાં થોડો વિશેષ. આથી આપણે સમજી શકીએ છીએ કે કોઈ વડીલ સંત કે ભાવિક ભક્તનું મન રાખવા પૂજન સમયે શ્રીહરિએ ચંદનની અર્ચા સ્વીકારી છે. આપણે સૌ જાણીએ છીએ કે ચંદન ગરમીમાં અનુકૂળ છે, ઠંડીમાં નહીં.)

આમ, વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે ધારણ કરેલાં વસ્ત્ર-પરિધાનની દસ્તાવેજી વિગતો તેમના દિવ્ય સ્વરૂપને ઉજાગર કરે છે. એટલું જ નહીં, એ દસ્તાવેજી ઐતિહાસિક વર્ણનો તેમના વ્યક્તિત્વનો પરિચય આપે છે અને એમની ધ્યાનમૂર્તિનું વર્ણન પણ હૃદયને શાંત અને સ્થિરતા બક્ષે છે. ◆



# વચનામૃતમાં શ્રીહરિ દ્વારા પ્રેરિત
# નિત્ય સાધના

■ સાધુ જ્ઞાનવર્ધનદાસ

## સાધના એટલે શું?

સાધના શબ્દ સંસ્કૃત ભાષાના સાધ્ ધાતુ ઉપરથી બનેલો છે. સાધના એટલે સંપન્ન કરવું, નિષ્પન્ન કરવું, પૂર્ણ કરવું, જીતવું. સાધના એટલે સાધવું તે. સાધના એટલે નિશ્ચિત્ લક્ષ્યને સાધવા કે સિદ્ધ કરવા આવશ્યક પ્રયત્ન પુરુષાર્થ કે ક્રિયા કરવી તે.

અર્થાત્ લૌકિક કે પારલૌકિક, સાંસારિક કે આધ્યાત્મિક, માયિક કે અમાયિક, કોઈપણ ક્ષેત્રમાં કરવામાં આવતો સખત અને સતત પુરુષાર્થ એટલે સાધના.

સંસારમાં દરેક વ્યક્તિ સાધના કરતી હોય છે. કોઈની સાધના ભુક્તિ માટે હોય છે તો કોઈની સાધના મુક્તિ માટે હોય છે; કોઈની સાધના કામ માટે હોય છે તો કોઈની સાધના રામ માટે હોય છે; કોઈની સાધના અર્થ અને કામ માટે હોય છે તો કોઈની સાધના ધર્મ અને મોક્ષ માટે હોય છે; કોઈની સાધના સત્તા-સંપત્તિ-સુંદરી માટે હોય છે તો કોઈની સાધના સંપ-સંયમ-શાશ્વત સુખ માટે હોય છે; કોઈની સાધના વિકાસ માટેની હોય છે તો કોઈની સાધના માયાના રકાસ માટે હોય છે; કોઈની સાધના સ્વાર્થ માટે

હોય છે તો કોઈની સાધના પરાર્થ માટે હોય છે. અર્થાત્ સાધના તો દરેક વ્યક્તિ કરે જ છે ભલે પ્રકાર-પ્રયોજન જુદાં જુદાં હોય.

વિજ્ઞાન હોય કે અધ્યાત્મજ્ઞાન, વેપાર કરવો હોય કે માયા પાર કરવી હોય દરેકમાં સખત અને સતત સાધનાની આવશ્યકતા છે.

આમ જોવા જઈએ તો સાધના શબ્દના અર્થમાં જ સખત અને સતત વિશેષણો સમાઈ જાય છે. છતાં ઘણીવાર સખત સાધના કરવા છતાં સતત સાધનાના અભાવે સફળતાથી વંચિત રહી જવાય છે માટે સતત સાધના ઉપર વિશેષ ભાર આપવા નિત્ય વિશેષણ લગાડ્યું છે. તો હવે આપણે 'નિત્ય સાધના' વિષે વિશેષ ચિંતન કરીશું.

## નિત્ય સાધના એટલે શું?

નિત્ય શબ્દનો અર્થ છે – કાયમ, સતત, દરરોજ, નિરંતર, અખંડ, સદા.

ગ્રંથશિરોમણિ વચનામૃતમાં પણ પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ ભિન્ન ભિન્ન વચનામૃતોમાં એવી નિત્ય સાધનાની વારંવાર પ્રેરણા આપે છે.

જેમ કે –

- ઉત્તમ વૈરાગ્યવાળો વિષયને વિષે નિરંતર દોષને દેખતો રહે. (ગઢડા પ્રથમ પ્રકરણ ૨)
- ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ કામ નથી. (ગઢડા પ્રથમ પ્રકરણ ૧)
- આ વાતને નિત્ય આજ છે તેવી જ કાલ નવી રાખજ્યો. (ગઢડા મધ્ય પ્રકરણ ૧૩)
- શોક તો ક્યારેય કરવો નહીં. (લોયા પ્રકરણ ૪)
- જાગ્રત સ્વપ્નમાં એને સર્વકાળે એ વાતનો જ આલોચ રહે. (ગઢડા અંત્ય પ્રકરણ ૩૯)
- સદા આનંદમાં રહેવું. (ગઢડા મધ્ય પ્રકરણ ૬)
- દિવસે દિવસે પોતાને વિષે અવગુણને દેખે. (ગઢડા પ્રથમ પ્રકરણ ૬)
- નિર્માન આદિક વર્તમાનમાં કોઈ દિવસ ચૂક પડવા દેશો નહીં. (જેતલપુર પ્રકરણ ૩)
- અમારો સ્વભાવ (સ્વભાવ એટલે નિત્ય એકની એક ક્રિયા કરવાની ટેવ) તે તો સદા ગુણગ્રહણ છે. (જેતલપુર ૩)
- પદાર્થમાત્ર તેના નાશવંતપણાનું જે અનુસંધાન (નિત્ય એનો જ વિચાર) તે રાખવું. (ગઢડા મધ્ય પ્રકરણ ૬૦)
- ક્ષણમાત્ર મનને નવરું રહેવા દેવું નહીં. (ગઢડા મધ્ય પ્રકરણ ૩૩)
- એવી સદાય રુચિ રહે છે. (ગઢડા અંત્ય પ્રકરણ ૧૩)
- આઠે પહોર તેના હૈયામાં સત્સંગનો આનંદ વર્ત્યા કરે. (ગઢડા પ્રથમ પ્રકરણ ૨૮)
- દેહ પર્યન્ત મૂંઝાય નહીં. (ગઢડા પ્રથમ પ્રકરણ ૭૬)
- રાતદિવસ સંભારવાનો અધ્યાસ રાખવો. (સારંગપુર ૩)
- જે વાર્તા નિશ્ચય કરીને મનને વિષે ગ્રહણ કરી હોય તેને રાત-દિવસ સંભારવાનો જે અધ્યાસ રાખવો, તેને નિદિધ્યાસ કહીએ. (સારંગપુર પ્રકરણ ૩)

વગેરે...

નિત્ય એટલે નિરંતર. કોઈ પણ ક્રિયા નિત્ય કરવી એટલે જ્યાં સુધી નિશ્ચિત લક્ષ્યની સિદ્ધિ ન થાય ત્યાં સુધી નિયમિતપણે કે નિરંતર પ્રયત્ન કરવો તે. કોઈ ક્રિયા નિરંતર કરવી એટલે એક પણ સેકન્ડ અટક્યા વગર ૨૪ કલાક, ૧૪૪૦ મિનિટ, ૮૬૪૦૦ સેકન્ડ ક્રિયા ચાલુ જ રાખવી એવો અર્થ નથી. એવી નિત્યતા રાખવી અશક્ય છે. સાધનામાં કેટલીક ક્રિયા દર વર્ષે તો કેટલીક દર મહિને, કેટલીક ક્રિયા દર અઠવાડિયે તો કેટલીક દરરોજ, કેટલીક ક્રિયા દર મિનિટે તો કેટલીક દર સેકન્ડે કરવાની હોય છે. જે ક્રિયા જે જે સમયગાળાના અંતરે કરવાની હોય તે ક્રિયા તે સમયગાળા અનુસાર નિયમિતપણે ક્રિયાની સંપૂર્ણ ફલશ્રુતિ મળે ત્યાં સુધી થતી રહે એને નિત્યક્રિયા કરી કહેવાય.

આધ્યાત્મિક માર્ગે વાર્ષિક આવકના દશમા કે વીસમા ભાગરૂપે ધર્માદો દર વર્ષે કે દર મહિને અપાતો રહે તે નિત્ય ધર્માદો કર્યો કહેવાય. અઠવાડિક સભામાં દર અઠવાડિયે એક વાર જવાનું હોય તેમાં એક પણ સભા ચૂક્યા વગર જવાતું હોય તો નિત્ય અઠવાડિક સભા કરી કહેવાય. દરરોજ સવારે એક વાર પૂજા કરવાની હોય, દરરોજ એક વાર મંદિરે દર્શન કરવા જવાનો નિયમ લીધો હોય, દરરોજ રાત્રે ચેષ્ટા બોલવાની હોય, દરરોજ એક વચનામૃત અને સ્વામીની વાતોનું વાંચન કરવાનો નિયમ લીધો હોય કે દરરોજ ઘરસભા કરવાનો નિયમ લીધો હોય – આ બધી ક્રિયાઓ દરરોજ વર્ષો સુધી ચાલુ રહે તો તેને તે તે ક્રિયા નિત્ય પૂજા કે નિત્ય દર્શન કે નિત્ય ચેષ્ટા કે નિત્ય વાંચન કે નિત્ય ઘરસભા કરી તેમ કહેવાય. રોજ દરેક ક્રિયામાં પ્રગટ ગુરુહરિની સ્મૃતિ રહે, દરેક ક્રિયામાં ભગવાન ને સંતને રાજી કરવાનો વિચાર રહે, આત્માનો વિચાર રહે કે ભગવાનના કર્તાપણાનો વિચાર રહે તો તેને તે તે ક્રિયા નિત્ય સ્મૃતિ કે રાજીપાનો વિચાર કે આત્મવિચાર કે કર્તાપણાનો વિચાર કર્યો કહેવાય.

વચનામૃતમાં પરબ્રહ્મ સ્વામિનારાયણ આધ્યાત્મિક માર્ગમાં નિત્યતા રાખવાની વાત ખૂબ સુંદર શબ્દોમાં વર્ણવે

છેઃ ‘જેમ પાણીનો ઘડો ભરીને એક ઠેકાણે ઢોળી આવીએ, પછી વળી બીજે દિવસ અથવા ત્રીજે દિવસ તે ઠેકાણે પાણીનો ઘડો ઢોળીએ તેણે કરીને ત્યાં પાણીનો ધરો ભરાય નહીં; કાં જે, આગલા દિવસનું જળ આગલે દિવસ સુકાઈ જાય ને પાછલા દિવસનું પાછલે દિવસ સુકાઈ જાય. અને જો આંગળી જેવી નાની જ પાણીની સેર્ય અખંડ વહેતી હોય તો મોટો પાણીનો ધરો ભરાઈ જાય.’ (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૩)

પણ કદાચ કોઈ વ્યક્તિ સખત સાધના કરે છે, પણ સતત સાધના એટલે કે નિત્ય સાધના નથી કરતી તો શું થાય?

**નિત્ય સાધના ન કરવાથી ગેરફાયદા**

જો કોઈ માણસ સાધના કરવાની શરૂઆત કરે અને નિત્ય ન કરે એટલે કે અધવચ્ચે પડતી મૂકે તો તેણે આગળ કરેલી સખત સાધના પાણીમાં જાય અથવા ધાર્યું પરિણામ ન મળે. ઘણીવાર મળેલી સફળતા પણ નાશ પામી જાય.


**સખત સાધના વ્યર્થ જાય**

જેમ કે કોઈક વ્યક્તિ અમદાવાદથી મુંબઈ જવા નીકળે. ગાડી દ્વારા મુંબઈ પહોંચતાં પાંચ કલાક લાગે તેમ હોય, પરંતુ તે ચાર કલાક સુધી ગાડી ચલાવે ને મુંબઈ ન આવે તો કંટાળીને ગાડી બંધ કરી બેસી જાય તો ચાર કલાકનો પુરુષાર્થ નિત્યતાના અભાવે નિરર્થક જાય.

કોઈક વ્યક્તિએ લાકડું કાપવા માટે કુહાડીના પચ્ચીસ ઘા માર્યા છતાં લાકડું ન કપાયું હોય તેથી તે નિરાશ થઈ ને કાપવાનું છોડી દે તો? શક્ય છે કે પછીના છવ્વીસમા ઘાથી લાકડું કપાઈ જવાનું હોય, પણ આવશ્યક સમય સુધી પુરુષાર્થની નિત્યતા ન જાળવી તેથી તેની સાધના પાણીમાં ગઈ.

એ વાત સમજાવતાં વચનામૃતમાં પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ કહે છેઃ ‘ઘડીક પોતાને આત્મારૂપ માને અને ઘડીક દેહરૂપ માનીને સ્ત્રીનું ચિંતવન કરે એને ગોબરો જાણવો, માટે એના અંતરમાં સુખ ન આવે. જેમ સુંદર અમૃત સરખું અન્ન હોય ને તેમાં થોડુંક ઝેર નાખ્યું હોય, તો તે

**આવાં અનેક ભૌતિક ઉદાહરણો પણ નિત્ય સાધનાની જ ગરિમા ગાય છે. ભૌતિક માર્ગમાં પણ નિત્ય સાધનાની અનિવાર્યતા હોય, તો પછી આધ્યાત્મિક માર્ગમાં તો નિત્યતા સિવાય કેવી રીતે ચાલે?**



અન્ન સુખદાયી ન થાય, સામું દુઃખદાયી થાય છે. તેમ આઠે પહોર આત્માનો વિચાર કરીને એક ઘડી પોતાને દેહરૂપ માનીને સ્ત્રીનું ચિંતવન કરે એટલે એનો સર્વે વિચાર ધૂળમાં મળી જાય છે.’ (વચનામૃત સારંગપુર પ્રકરણ ૪)

**ધાર્યું પરિણામ ન મળે**

કોઈક વિદ્યાર્થી દસમા કે બારમા ધોરણમાં ભણતો હોય, સ્કૂલમાં નિત્ય જતો હોય, હોમવર્ક પણ રોજ કરતો હોય, છમાસિક પરીક્ષામાં ૯૫ ટકા હોય, નવમાસિક પરીક્ષામાં ૯૫ ટકા હોય પણ વાર્ષિક પરીક્ષામાં વર્લ્ડકપની મેચ જોવામાં રોજ રિવિઝન ન થયું તો પરિણામમાં કેટલો ફેર પડી જાય? સ્કૂલમાં માંદગીને કારણે રજા પડે ને જે ચૅપ્ટર છૂટી ગયાં હોય એને લીધે માર્ક્સમાં કેટલો ફેર પડી જાય? થોડીક સ્કૂલમાં જવાની કે રિવિઝનની નિત્યતા ટૂટી તો પરિણામ ધાર્યું ન આવે.

આ વાત સમજાવતાં વચનામૃત કહે છેઃ ‘જે સત્સંગી હોય તેને જ્યાંથી પોતાને સત્સંગ થયો હોય ત્યાંથી પોતાના મનનો તપાસ કરવો જે, ‘પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું અને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની હતી’ એમ વર્ષોવર્ષનો સરવાળો વિચાર્યા કરવો અને પોતાના મનમાં જેટલી જગતની વાસના બાકી રહી ગઈ હોય તેને થોડે થોડે નિરંતર ટાળવી. અને એમ વિચારે નહીં ને બધી ભેગી કરે તો તે વાસના એની ટળે નહીં.’ (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૮)

**મળેલી સફળતા નાશ પામે**

સંગીતકાર રોજ પ્રૅક્ટિસ ન કરે તો? ગમે તેવો તબલાનો ખેરખાં હોય પણ એક દિવસ પ્રૅક્ટિસ ન કરે તો તેને ખબર પડે કે તબલાં જોઈએ તેવાં વાગતાં નથી. બે-ત્રણ દિવસો પ્રૅક્ટિસ ન કરે તો બીજા તબલાવાદકને ખબર પડે કે તબલાં બરાબર વાગતાં નથી. પણ થોડા વધારે દિવસો પ્રૅક્ટિસ ન કરે તો શ્રોતાઓને પણ ખબર પડી જાય કે તબલાં બરાબર વાગતાં નથી. નિત્ય સાધના ન કરે તો પ્રથમ સારું વગાડતો હોય ને સફળતા મળી હોય છતાં તે ધોવાઈ જાય.

વચનામૃત આ ખોટને જણાવતાં કહે છેઃ ‘જેમ કોઈક પુરુષ શ્લોક શીખ્યો હોય તથા કીર્તન શીખ્યો હોય ને તેને

પૂછીએ જે, 'તને આ શ્લોક તથા કીર્તન આવડ્યો?' ત્યારે તે કહે જે, 'આવડ્યો' ને કંઠથી મુખપાઠે કહી દેખાડે, પણ પછી થોડાક દિવસ થાય ત્યારે તે શ્લોક કીર્તનને ભૂલી જાય... કેમ જે, શ્રવણ મનને કરીને એનો દૃઢ અભ્યાસ થઈને એના જીવમાં એ શ્લોક-કીર્તન ચોંટી નહોતો ગયો.' (વચનામૃત પંચાળા પ્રકરણ ૪)

## નિત્ય સાધના કરવાથી ફાયદા

### સફળતા અવશ્ય મળે

૧૯૮૧માં અમેરિકામાં યોજાયેલી બોસ્ટન મૅરેથોન રેસમાં ટોશીહિકો સેકો નામની વ્યક્તિ પ્રથમ નંબર લાવી. તેમને પૂછવામાં આવ્યું તમારો પ્રથમ નંબર આવ્યો તેનું રહસ્ય શું? તેઓ કહે: 'ફક્ત રોજ સવારે ૧૦ કિલોમીટર અને સાંજે ૨૦ કિલોમીટર હું દોડતો. બીજી કોઈ તાલીમ લેતો નહીં. પણ રોજ નિયમિત કરતો તેથી જીતી શક્યો.'

આવી ભૌતિક સિદ્ધિઓની જેમ આધ્યાત્મિક માર્ગે પણ સિદ્ધિઓ મેળવવા માટે નિરંતરતા જોઈએ.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે: 'ભગવાનનું દર્શન કરીને તથા વાર્તા સાંભળીને જો તેનું મનન ને નિદિધ્યાસ નિરંતર કર્યા કરે તો તેનો સાક્ષાત્કાર થાય.' (વચનામૃત સારંગપુર પ્રકરણ ૩)

### ઘણું મોટું કામ થાય

નિત્ય સાધના કરવાથી ખબર ન પડે ને ઘણું મોટું કામ થાય એ લોકજીભે ચડેલી કાવ્યપંક્તિઓમાં જોઈએ...

*ભણતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય,*
*ચાર ચાર ગાઉ ચાલતાં, લાંબો પંથ કપાય,*
*પોપટ પણ અભ્યાસથી શીખે બોલતાં બોલ,*
*કાયર થઈ આળસ કરે તે નર ખરને તોલ,*
*કૂવા પરના કઠણ જે પાકા કાળા પાણા,*
*દોરડીએ છેદાય છે, એ લેવું એંધાણ...*

નિત્ય સાધનાનો ફાયદો ગણાવતાં યોગીજી મહારાજ એક બોધકથા કહેતા. એક પટેલને ત્યાં ભેંસને પાડી વિયાઈ. પટેલને તે પાડી ઉપર ખૂબ હેત તેથી પાડીને ખભે ચડાવીને ફરે. ધીરે ધીરે વિચાર આવ્યો કે આને મેડા પર લઈ જઉં. પછી તો દરરોજ પાડીને મેડા પર લઈ જાય. પાડી દિવસે દિવસે મોટી થતી ગઈ. વજન પણ વધતું ગયું. છતાં રોજ પટેલ પાડી લઈને મેડે ચડી જાય. વરસ જતાં તે મોટા કદની ભેંસ થઈ ગઈ. એકવાર પટેલને ત્યાં મહેમાન આવ્યા. પટેલે તેની સાથે શરત મારી કે ભેંસને ઊંચકીને મેડા પર જે ચડાવી દે તેને ૧૦૦ રૂપિયા મળે. મહેમાન ને નિત્ય સાધના નોતી તો ભેંસને ઊંચકવા જતાં તે ફસડાઈ પડ્યા. પરંતુ આ પટેલને તો નિત્ય સાધના હતી તેથી તરત જ ભેંસને ઊંચકીને મેડા પર ચડાવી દીધી. નિત્ય પ્રૅક્ટિસ કરી તો અઘરું કામ અઘરું ન લાગ્યું, સરળ થઈ ગયું ને ૧૦૦ રૂપિયા જીતી ગયા.

### ઓછી મહેનતે વધુ કામ થાય

ખૂબ સુંદર કહેવત છે: 'ટીપે ટીપે સરોવર ભરાય કાંકરે કાંકરે પાળ બંધાય...' ખરેખર આ કહેવત નિત્ય સાધના કરે તો ઓછી મહેનતે વધુ કામ થાય તેનું ઉત્તમ ઉદાહરણ છે.

પશ્ચિમ આફ્રિકાના લાઈબેરિયા દેશના એક પત્રકારે બિલ રોજર્સ નામની વ્યક્તિને પ્રશ્ન પૂછ્યો: 'તમે લાંબી દોડમાં ચૅમ્પિયન થવાની પ્રેરણા અને પ્રોત્સાહન આપવા માટે ખરેખર કોને યશભાગી માનો છો?'

બિલ રોજર્સે જવાબ આપ્યો 'એક ચોરને.'

પત્રકારે પૂછ્યું: 'ચોર? એ કઈ રીતે?'

બિલ કહે: 'મારી ઑફિસ ઘરથી ૭ કિલોમિટર દૂર હતી. હું બાઈકથી રોજ ઑફિસે જતો હતો. પરંતુ એક દિવસ બાઈક ચોરાઈ ગયું. પછી હું સાઇકલ લઈને ઑફિસે જવા લાગ્યો તે પણ ચોરાઈ ગઈ. પછી મેં રોજ દોડતાં દોડતાં જ ઑફિસે જવાનું નક્કી કર્યું. બસ, રોજની વર્ષોની પ્રૅક્ટિસે મને લાંબી દોડમાં ચૅમ્પિયન બનાવી દીધો.'

આવાં અનેક ભૌતિક ઉદાહરણો પણ નિત્ય સાધનાની જ ગરિમા ગાય છે. ભૌતિક માર્ગમાં પણ નિત્ય સાધનાની અનિવાર્યતા હોય, તો પછી આધ્યાત્મિક માર્ગમાં તો નિત્યતા સિવાય કેવી રીતે ચાલે?

ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં વારંવાર નિત્યતા અને નિરંતરતા પર ભાર મૂકે છે. ચાહે તે આત્મ-વિચાર હોય, ભગવાન કે સંતના મહિમાનો વિચાર હોય, સાંખ્યવિચાર હોય, પોતાના અવગુણ તરફ દૃષ્ટિ કરવાનો વિચાર હોય, નવધા ભક્તિ કરવાની હોય, પોતાના આધ્યાત્મિક ઉત્કર્ષનું નામું માંડવાનો વિષય હોય કે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવાનો વિષય હોય.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવનને વર્ષો સુધી નિરખનારા સૌએ તેમનામાં એવી નિરંતરતાનું દર્શન કર્યું છે. શ્રીહરિ પ્રત્યેની પરાભક્તિમાં કે શ્રીહરિની આજ્ઞાના પાલનમાં એમની એવી નિરંતરતા લાખો લોકોને પ્રેરણા આપતી રહી હતી.

આજે એવી જ પ્રેરણા મહંત સ્વામી મહારાજના દિવ્ય જીવનમાંથી મળી રહી છે. આપણે પણ તેમનામાંથી પ્રેરણા મેળવીને શ્રીહરિને અપેક્ષિત નિરંતરતા આપણી નિત્ય સાધનામાં સાધી લઈએ. ◆



# વચનામૃતમાં અંતર્દૃષ્ટિઃ
# ભૂલનો સ્વીકાર

■ સાધુ જ્ઞાનતૃપ્તદાસ

આધ્યાત્મિક સાધનામાં અંતર્દૃષ્ટિનું મહત્ત્વ અનોખું છે.

અંતર્દૃષ્ટિ એટલે પોતાની જાત પર સતત નજર.

અંતર્દૃષ્ટિ એટલે અંતર સન્મુખ જોતાં જોતાં પોતાની જાતને ભૌતિકતાથી મુક્ત રાખીને પરમાત્મા તરફ જોડવાની એક ચાવી.

અંતર્દૃષ્ટિ માટે જુદી જુદી પરિભાષાઓનો ઉપયોગ થયો છે. વચનામૃત, સ્વામીની વાતો વગેરે શાસ્ત્રોમાં અંતર્દૃષ્ટિ માટે વિવિધ પર્યાયવાચી શબ્દોનો પ્રયોગ થયો છે; જેમ કે, જાણપણું, જાણપણારૂપ દરવાજો, ખટકો, પ્રતિલોમ, સાવધાની વગેરે. વળી, જુદા જુદા સંદર્ભોમાં આ સદ્‌ગુણ વિશિષ્ટ રીતે પ્રગટ થતો નજરે ચઢે છે. જેમ કે ક્યાંક પોતાની ભૂલ જોવા બાબતે તો ક્યાંક કામાદિક દોષો હૃદયમાં ન પ્રવેશે તેની સાવધાની રાખવા બાબતે, ક્યાંક પોતાને જ ઉપદેશ આપવા બાબતે તો ક્યાંક પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવા બાબતે. આમ, ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃતમાં અંતર્દૃષ્ટિની જુદી જુદી વિભાવનાઓ સાથે સમગ્રપણે સાધના સંગ્રહાયેલી છે.

વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનોના

આધારે સમજાય છે કે અંતર્દષ્ટિ કરવાથી, જાણપણું રાખવાથી પોતાની બાહ્ય ક્રિયાનું તેમજ આંતરિક ભાવના અને સ્થિતિનું સાચું નિદાન થાય છે અને તેને લીધે આપણામાં જે કાંઈ કસર છે તેનો ખ્યાલ આવતાં તે દૂર કરવાનો યોગ્ય પુરુષાર્થ કરી શકાય છે. આ રીતે આધ્યાત્મિક સાધનામાં યથાર્થ પ્રગતિ અને ફલશ્રુતિ માટે અંતર્દષ્ટિ વગેરે અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આથી જ ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુઓ અંતર્દષ્ટિ કરવાનો સૌને આદેશ આપે છે.

શ્રીહરિ કહે છે, 'જો જરાય ગાફલાઈ રાખશો તો તમારો પગ ટકશે નહીં... માટે સર્વે હરિભક્ત તથા સર્વે મુનિ-મંડળ સાવધાન રહેજ્યો.' (ગઢડા મધ્ય પ્રકરણ ૪૫)

'તમારે સર્વેને પણ એવી રીતે અંતર સન્મુખ દૃષ્ટિ રાખીને નિરંતર ભગવાનની સેવામાં રહેવું અને ભગવાન વિના બીજા પદાર્થ વહાલા થવા દેવા નહીં, એ વાતની અતિશય સાવધાની રાખવી. અને જેમ રાજાનો ચાકર છે તે રાજા પાસે ગાફલ થઈને ઊભો હોય તો રાજા પાસે ચોર-ચકાર જઈ પૂગે, ત્યારે એ ચાકરની ચાકરી ખોટી થાય, તેમ હરિભક્તને પણ ભગવાન વિના બીજા પદાર્થમાં પ્રીતિ થઈ જાય તો જે ઠેકાણે પોતાના હૃદયને વિષે જાણપણામાં ભગવાન રહ્યા છે તે ઠેકાણે ધન-સ્ત્રી આદિક બીજા પદાર્થ પણ પેસી જાય, ત્યારે એની ભક્તિ ખોટી થઈ જાય. માટે પોતાની ભક્તિને નિર્વિઘ્ન રાખીને જે પરમેશ્વરનાં ચરણારવિંદને પામવાને ઇચ્છે તેને જાણપણા-રૂપ જે ભગવાનના ધામનો દરવાજો તેને વિષે સાવધાન થઈને રહેવું અને ભગવાન વિના બીજા પદાર્થ ત્યાં પેસવા દેવા નહીં.' (ગઢડા અંત્ય પ્રકરણ ૯)

વળી, શ્રીહરિએ અનેક વચનામૃતોમાં દરેક ભક્તને પોતાનો અવગુણ જોઈને, તેનો વિચાર કરીને ટાળવાની વાત કરી છે. તેમજ અનેક વચનામૃતોમાં જગતના નાશવંતપણાનો, આત્માનો અને ભગવાનના મહિમાનો વિચાર કરીને પંચવિષય કે સ્વભાવો ટાળવાની જે સાધના બતાવી છે તેમાં આ અંતર્દષ્ટિ અને જાણપણાનો જ નિર્દેશ છે.

ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છેઃ

'ખરેખરા ભગવદી હોય તેને ગુણ ન વ્યાપે, એ તો દરવાજે રહીને જોયા કરે છે.' (સ્વા.વા. : ૧/૨૦૫)

'મોટા મોટાના શબ્દની હાર્યું (વિષયવાર શ્રેણી-યાદી) કરીને તપાસ કરવો જે, એમનો શું મત છે ને એ શું કરવાનું કહે છે, એ કેમ વર્તે છે, એમ તપાસીને પછી તે માર્ગે ચાલવું.' (સ્વા.વા. : ૨/૭)

'નિરંતર સર્વ ક્રિયામાં પાછું વાળી વાળીને જોવું જે, મારે ભગવાન ભજવા છે ને હું શું કરું છું? એમ જોયા કરવું.' (સ્વા.વા. : ૨/૩૫)

'ભગવાન મળ્યા પછી કરવાનું એ છે જે, જાણપણારૂપ દરવાજે રહેવું.' (સ્વા.વા. : ૫/૧)

અંતર્દષ્ટિની પ્રેરણા આપતાં પ્રમુખસ્વામી મહારાજ કહે છેઃ 'અંતર્દષ્ટિ કાયમ કરતાં જ રહેવું જોઈએ. 'હું કોણ છું? હું કોનો ભક્ત છું? હું શા માટે સત્સંગમાં આવ્યો છું? શું થાય છે? કેવી રીતે થાય છે?' એનો વિચાર કાયમ કરતા રહેવું જોઈએ.'

'સત્સંગ કરીને આપણે આપણું જોવાનું છે, બીજાનું નહીં. અંતર્દષ્ટિ આપણે કરવાની છે. સત્સંગમાં આવ્યા પછી જો જગતમાંથી પાછી વૃત્તિ વળે તો ભગવાનનું સુખ આવે, નહીં તો વૃત્તિઓ ફેલાતી જાય. ...ભગવાન આપણામાં બેઠા છે તો એ ભગવાનનું સુખ દરરોજ આવે એમ વિચાર કરવો, તો અંતરમાં સુખ-શાંતિ રહે. સાંજ-સવાર પા-અડધો કલાક, કલાક બેસીને આ જ વિચાર કરવો. મહારાજનાં આ સિદ્ધાંત-વચનો, આજ્ઞા છે તેની સામું વૃત્તિ રાખીને જીવન જીવીએ.'

'આપણે એ અનુસંધાન રાખવું કે આજે ભગવાનની આજ્ઞા કેમ ન પાળી? આજે પૂજા-માળા કેમ ન થઈ? આજે દર્શન કેમ ન થયાં? આજે મારાથી કોઈની સેવા કેમ ન થઈ? આજે મારાથી ભક્તિ કેમ ન થઈ? આજે મારાથી વચનામૃત-વાતો કેમ ન વંચાયાં? આવી રીતે આપણે જાણપણું રાખવું.'

'આપણે સવારથી સાંજ સુધીનું બૅંક-બૅલેન્સ મેળવવાનું છે. મારા સ્વભાવ વધ્યા છે કે ઘટ્યા છે? મારી આ સેવા બરોબર થઈ? મેં આ વિચાર કર્યો, તે સાચો છે કે ખોટો છે? આજે મારી કઈ ભૂલ થઈ? જે કાંઈ ભૂલ થઈ હોય, ખામી હોય તો અંતર્દષ્ટિ અને ભગવાનને પ્રાર્થના કરીને એનું નિરાકરણ થઈ જવું જોઈએ. નહીંતર ભૂલોનું બૅલેન્સ વધતું જ જાય. માટે જમા-ઉધાર પાસાનો વિચાર કરીને દરરોજનો હિસાબ ચોખ્ખો કરી નાંખવો.'

## ભૂલનો સ્વીકાર

અંતર્દષ્ટિનાં વિવિધ પાસાંઓમાં એક મહત્ત્વનું પાસું છે – પોતાની ભૂલ દેખાવી અને તેનો સ્વીકાર થવો.

આ અંતર્દષ્ટિએ અનેકનાં જીવન સુધાર્યાં છે, અંતરની મલિનતાને દૂર કરી છે, હૃદય શુદ્ધ બનાવ્યાં છે.

વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે માનવ સહજ પ્રકૃતિનો ઉલ્લેખ કરતાં કહ્યું છે, 'જીવમાત્રનો તો એવો સ્વભાવ છે જે, જ્યારે કાંઈક પોતામાં વાંક આવે ત્યારે એમ બોલે જે, 'મને બીજે કોઈએ ભુલાવ્યો ત્યારે મારામાં ભૂલ્ય પડી, પણ મારામાં કાંઈ વાંક નથી.' (ગઢડા અંત્ય પ્રકરણ ૬)

'મારી ભૂલ છે.' આ શબ્દો પહેલી નજરે ખૂબ સાદા અને સરળ જણાય છે, પરંતુ તેને સ્વીકારવા એ લોઢાના ચણા ચાવવા જેવું કઠણ છે. તેના માટે ખૂબ હિંમતની જરૂર પડે.

'મારી ભૂલ શું?' એ પ્રશ્ન માત્ર આજના માનવીનો નથી, પરંતુ આસુરી પરંપરામાંથી ચાલ્યો આવતો અને એવા જ વ્યક્તિઓ પાસેથી ભેટ મળેલો આ સનાતન પ્રશ્ન છે.

કુરુક્ષેત્રના મેદાનમાં યુદ્ધના વિરામ બાદ દુર્યોધનના મુખમાંથી નીકળેલો આ જ પ્રશ્ન તેને પણ કોરી ખાતો હતો. મહાભારતના યુદ્ધનો અઢારમો દિવસ હતો. ધૂળથી રગદોળાયેલું શરીર, ઊંચી ચડી ગયેલી ભ્રમરો, ઊંડી ઊતરી ગયેલી આંખો અને ફરતાં કાળાં કુંડાળાં, ભાંગેલી સાથળોને કારણે બે હાથ ટેકવીને બેઠો થવા મથતો દુર્યોધન, ભોરિંગની જેમ માથું પછાડતો, ફૂંફાડા મારતો નિસાસા સાથે ઘમંડ ઓકતો હતો. સામે સેવક સંજય પોતાના સ્વામીની આવી દુર્દશા જોઈ સ્તબ્ધ બની ઊભો હતો.

'બોલ સંજય! મેં ખોટું શું કર્યું છે? મેં ધર્મ, અર્થ અને કામનું સેવન કર્યું છે, વિધિપૂર્વક વેદાધ્યયન કર્યું છે, દાન કર્યું છે. મેં યજ્ઞો કર્યા છે, સમુદ્રપર્યંત પૃથ્વી પર રાજ્ય કર્યું છે. મેં જીવતા શત્રુઓના મસ્તક પર પગ મૂક્યો છે. ભલે મારું મૃત્યુ થાય, પણ મારા જેવું ઉત્તમ મરણ મેળવનાર બીજો કોણ છે?'

'સંજય! સૌને કહી દેજે - મેં સ્વધર્મથી લોકોને જીત્યા છે છતાં આજે મારી આ દશા!! મારી સાથે અજેય ભીષ્મ હતા. શ્રેષ્ઠ ધનુર્ધર, મારો જમણો હાથ કર્ણ મારી સાથે હતો. શસ્ત્રવેત્તા મહારથીઓ દ્રોણાચાર્ય, કૃપાચાર્ય વગેરે મારું રક્ષણ કરતા હતા છતાં મારી આ દશા?!' પ્રશ્ન પૂછતી દુર્યોધનની આંખો જાણે હમણાં બહાર નીકળી પડશે એવું સંજયને લાગ્યું. વળી, દુર્યોધને આગળ કહ્યું:

'કાળની ગતિ ન્યારી છે. પાંડવોએ અધર્મ આચર્યો છે. ભીમે યુદ્ધરીતિનો ભંગ કર્યો છે. કપટથી મને, મારા બાંધવોને, મારા સાથીઓને માર્યા છે. તેઓ ધૂર્ત છે સંજય! તેઓ કપટી છે, લુચ્ચા છે, અધર્મી છે. છતાં તેઓનો વિજય? પણ એને વિજય કોણ કહેશે?' હા... હા... હા... અટ્ટહાસ્ય કરવાનો પ્રયત્ન કરતો, તૂટતા સ્વરે અહંનો દોર સાંધતો એ ફરી કહેવા લાગ્યો, 'કૃષ્ણ! એનાં જ આ અવળાં કરતૂતો, પણ એ દોષ મારા પર ઢોળતો હતો કે જે જે અન્યાયી આચરણ, અધમી કૃત્યો પાંડવોને કરવા પડ્યાં છે તેમાં મૂળ કારણ તો મારો જ અત્યાચાર છે. પણ સંજય તું કહે, મેં ખોટું શું કર્યું? આમાં મારી ભૂલ શું? મેં અવળી બુદ્ધિનો આશ્રય નથી કર્યો. કોઈ ઘાતકી સૂતેલાને મારે અથવા કોઈ ક્રૂર શત્રુને ઝેર આપીને મારે એવું કશું જ મેં નથી કર્યું. તો કહે, 'મારી ભૂલ શું?'[1]

આખી જિંદગી જેણે પાંડવોને ત્રાસ આપવામાં ગાળી હતી, પાંડવો પ્રત્યેની ઈર્ષ્યાની આગમાં જે સતત સળગતો રહેતો, પાંડવોના દુઃખમાં જ પોતાનું સુખ માનીને આસુરી મજા જે માણતો રહેતો એવો દુર્યોધન પોતાની અનેક ભૂલોની પરંપરાનો વાહક બન્યો હોવા છતાં, ભૂલોના દલદલમાં ખૂંપેલો હોવા છતાં જીવનની અંતિમ ઘડીઓમાં પણ ઊછળી ઊછળીને બોલતો રહ્યો, 'સંજય! મારી ભૂલ શું?'

અતિ હાસ્યાસ્પદ લાગે તેવું આ વાક્ય દુર્યોધનની પ્રગતિના માર્ગમાં વજ્રના બંધ કમાડ જેવું સાબિત થયેલું. પોતાની ભૂલ ન દેખાય એ જ વ્યક્તિની મોટામાં મોટી ભૂલ. *'એથી ભૂલ બીજી કઈ ભારી, નિજ દોષને નવ દેખે રે.'*

આ જ આશ્ચર્યકારી વાક્યને શબ્દો બદલીને ધૃતરાષ્ટ્રે પણ કહેલું. તેણે કહ્યું, 'न स्मराम्यात्मनः किञ्चित् पुरा सञ्जय दुष्कृतम्।'[2] અર્થાત્ 'હે સંજય! મેં પૂર્વે કોઈ દુષ્કૃત્ય કર્યું હોય તેવું મને યાદ નથી. છતાં મારા પુત્રો કેમ હણાયા?'

ધૃતરાષ્ટ્રને કેવળ બાહ્યચક્ષુનો જ નહીં, પરંતુ અંતઃચક્ષુનો પણ અભાવ હતો. એટલે જ દુર્યોધનના પ્રત્યેક કપટ-કાર્યમાં મૂક સંમતિ અને સહકાર આપનાર, કપટી દુર્યોધનનો પિતા ધૃતરાષ્ટ્ર પોતાની એક પણ ભૂલને જોઈ શકતો ન હતો.

આ વાક્યનું રાજ આજે પણ વધતા-ઓછા અંશે ચાલી રહ્યું છે. વિદ્યાર્થી શિક્ષક પર આરોપ મૂકે તો શિક્ષક વિદ્યાર્થીને નીંદે, પતિ પોતાની પત્નીનો વાંક કાઢે તો પત્ની પોતાના પતિના હજાર દોષ ચીંધે, મજૂર ઉદ્યોગપતિને શોષક કહે તો ઉદ્યોગપતિ મજૂરની મહેનતને ખોટી કરી બતાવે.

જીવનમાં કંઈક ખૂટે છે એ તો સૌ અનુભવે છે, પણ શું ખૂટે છે એ ખબર પડતી નથી. અંતરમાં અશાંતિ રહે છે એવો તો બધાનો અનુભવ છે, પણ તેના માટે જવાબદાર કોણ એ ખબર પડતી નથી. એટલે જ પ્રત્યેક વ્યક્તિ સમાજને વ્યક્તિગત રીતે આ જ પ્રશ્ન પૂછે છે, 'મારી ભૂલ શું? મને અન્યાય શા માટે?' અને પછી પોતે જ ન્યાય તોળી દે છે. 'મેં તો સારું જ કર્યું છે.' સારપનું ડિમડિમ વગાડતો પોતાનાં જ કાર્યોને બિરદાવતો ફરે છે.

જ્યાં સુધી વ્યક્તિને પોતાનામાં ભૂલ હોઈ શકે એમ મનાતું નથી, ત્યાં સુધી એને પોતાની ભૂલ દેખાતી નથી. જ્યાં સુધી પોતાની ભૂલ દેખાતી નથી, ત્યાં સુધી એને સુધારવાનો પ્રયત્ન થતો નથી. આથી, ભૂલનું પુનરાવર્તન થતું જ રહે છે અને વ્યક્તિ જીવનમાં આગળ વધી શકતી

૧. મહાભારત : શલ્યપર્વ/૬૧/૩૯-૫૩

૨. મહાભારત : સ્ત્રીપર્વ/૧/૧૭

નથી. એના જીવનમાં સફળતાની ભ્રાંતિમાત્ર જ રહે છે. આવી વ્યક્તિને કોઈ શિખામણ પણ અડતી નથી. એ બરબાદ થઈ જવાનું પસંદ કરે, પરંતુ સાચા હૃદયે પોતાની ભૂલ સુધારવાનો પ્રયત્ન કરી શકતો નથી.

યોગીજી મહારાજ બોલેલા, 'શ્રીજીમહારાજ પુરુષોત્તમ હતા. દૃષ્ટિએ દોષ ટાળી નાખે તેવા હતા. છતાં અલૈયાનો સ્વભાવ કેમ ન ગયો? વળી, સાધુઓ પણ ઘણા હતા. મહારાજે દીક્ષા આપેલી. ગોતીતાનંદ, રોળાનંદ, નિર્વિકલ્પાનંદ એવા ઘણા હતા, પણ તેનાય સ્વભાવ ન ગયા. તેમનો અસુરભાવ ઝળકાઈ ગયો. સ્વભાવને દબાવી રાખ્યા હોત તો નભી જાત. આનો ઉત્તર ઈ કે સાક્ષાત્ ભગવાન પુરુષોત્તમ નારાયણ ભેગા તે બધા રહ્યા, પણ પોતાનો અવગુણ ન લીધો. પોતાના સ્વભાવનો ગુણ લીધો.'[3]

સાર એ છે કે ભગવાન તો જ કૃપા કરે છે કે અંતર્દૃષ્ટિ કરીને વ્યક્તિ પોતાના અવગુણોને ઓળખીને ભૂલ કબૂલે.

પોતાની ભૂલ ઓળખવી એ કઠણ કામ છે પણ એ પાયાનું કાર્ય છે. ભૂલ ઓળખ્યા વિના એના સર્વ પુરુષાર્થ મૃગજલીય સફળતા તરફ દોડે છે. જાવું છે દ્વારકા અને જાય છે દીવ. આ તે કેવો પુરુષાર્થ? વિપરીત દિશામાં જેટલી વધુ ઝડપ તેટલું વધુ નુકસાન.

વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે પોતાની ભૂલ જોનારને વિવેકી કહ્યો છે (ગઢડા પ્રથમ પ્રકરણ ૬, ૧૬), એને જ બુદ્ધિશાળી ગણ્યો છે (ગઢડા પ્રથમ પ્રકરણ ૩૦, પંચાળા ૩), એને જ સારો કહ્યો છે. (ગઢડા અંત્ય પ્રકરણ ૩૫) યોગીજી મહારાજ કહેતા, 'કોઈ મને મારી ભૂલ દેખાડે તે મને ગમે, જેથી આપણે સુધરાય.'

દરેક પ્રસંગે પોતાની ભૂલ જોવી એ મોટાની રીત છે. આફ્રિકાથી એક હરિભક્ત યોગીજી મહારાજ માટે પાર્કર પેન લાવ્યા હતા. યોગીજી મહારાજ પેન આડી રાખીને લખે, અને વળી પેન નવી, આથી કાગળ ફાટી ગયો. સેવક કહે, 'બાપા, આ પેન ખરાબ છે, કાગળ ફાડે છે.' ત્યારે યોગીજી મહારાજ કહે, 'ગુરુ! પેન તો સારી છે. ૩૦૦ રૂપિયાની છે, પણ આપણને વાપરતાં નથી આવડતું.' મોટાપુરુષો બીજાની ભૂલ બતાવવા કરતાં પોતાનામાં જ ભૂલ શોધતાં શીખ્યા છે.

સ્વયં પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ, કે જેઓની પ્રત્યેક ક્રિયા અનંત જીવોના કલ્યાણ માટે જ છે, જેઓના જીવનમાં ભૂલની કોઈ સંભાવના જ નથી તેઓ પણ પોતાના વર્તન દ્વારા અન્યને ઉપદેશ આપતાં જણાવે છે કે 'અમારાથી તો એક ગરીબ પણ દુખાયો હોય તો અમારા અંતરમાં એવો વિચાર આવે છે જે, 'ભગવાન સર્વાંતર્યામી છે; તે એક ઠેકાણે રહીને સર્વેના અંતરને જાણે છે. માટે જેને અમે દુખવ્યો તેના જ અંતરમાં વિરાજમાન હશે. ત્યારે અમે ભગવાનનો અપરાધ કર્યો.' એમ જાણીને તેને પગે લાગીને તેને કાંઈક જોઈતું હોય તે આપીએ, પણ જે પ્રકારે તે રાજી થાય તેમ કરીએ છીએ.' (ગઢડા મધ્ય પ્રકણ ૨૭)

યોગીજી મહારાજ ઘણી વાર બીજાની ભૂલ પોતાને માથે લઈ લેતા. એક વાર શરદ પૂર્ણિમાના સમૈયાની તૈયારીમાં ભંડારમાં સેવા કરતા સાધુ બળદેવચરણદાસથી ઉતાવળમાં ઘીનું પાત્ર ઢોળાઈ ગયું. તે તો બીચારા હાંફળા-ફાંફળા થઈ ગયા. મંદિરની સ્થિતિ સારી નહીં અને આ સમૈયા પ્રસંગે જ ઘી ઢોળાઈ જવાથી બીજું ઘી લાવવાનો પ્રશ્ન ઊભો થશે, એમ જાણી તેઓ વધારે મૂંઝાયા. આ વખતે જ ત્યાં નિર્ગુણદાસ સ્વામી આવ્યા.

નિર્ગુણદાસ સ્વામીને સત્સંગનું મમત્વ ઘણું જ. વળી, સ્વભાવ પણ સહેજ આકરો, એટલે સહેજ પણ બગાડ ચલાવી ન લે. તેમણે પેલા સંતનો ઊધડો લઈ લીધો. સાધુ કાંઈ બોલી ન શક્યા. નિર્ગુણ સ્વામીનો અવાજ સાંભળીને યોગીજી મહારાજ કોઠારમાંથી બહાર આવ્યા અને ક્ષણવારમાં પરિસ્થિતિ કળી ગયા.

તેઓ બોલ્યા, 'સ્વામી! એમાં એ સાધુનો વાંક નથી. મારાથી જ બોઘરણાને ઠેસ વાગી ગઈ ને ઘી ઢોળાઈ ગયું.' યોગીજી મહારાજે પેલા સાધુની ભૂલ ખૂબ જ સહજતાથી પોતાને માથે લઈ લીધી.

નિર્ગુણ સ્વામીએ યોગીજી મહારાજને પણ સહેજ ઠપકો આપ્યો: 'તો જરા ધ્યાન દઈને ચાલવું જોઈએ ને તમારે!' તેઓ હાથ જોડીને ઊભા હતા. નિર્ગુણ સ્વામી થોડું બોલીને ત્યાંથી ચાલ્યા ગયા.

બીજાનો ઠપકો સહન કરીને પણ યોગીજી મહારાજ અન્યની ભૂલ પોતે સ્વીકારી લેતા.

'જેવા મેં નીરખ્યા રે' પુસ્તકમાં પ્રેમપ્રકાશ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજ વિષેનો સ્વાનુભવ નોંધ્યો છે. સેવા કરવામાં એક બાબતમાં તેમની ભૂલ થવાથી પ્રમુખસ્વામી મહારાજે તેમને સમજાવીને મીઠો ઠપકો આપ્યો હતો. વળી, યોગીજી મહારાજની રુચિ મુજબ ઉપવાસ કરવાનું પણ તેમને કહ્યું હતું. આ વાતને બે દિવસ થઈ ગયા પછી વાર્તાલાપ દરમ્યાન એકાએક કિશોરવયના પ્રેમપ્રકાશ સ્વામી સમક્ષ પ્રમુખસ્વામી મહારાજે પોતાના બે હાથ જોડી દીધા અને પોતાની આંખે અડાડીને તેમને કહ્યું, 'માફ કરજે. તે દિવસે તને કહ્યું, ખોટું તો નથી લાગ્યું ને? તને ઉપવાસ

૩. યોગીવાણી : ૪૩

કરાવ્યો, તકલીફ પડી હશે.' પ્રેમપ્રકાશ સ્વામી તો વિચારમાં પડી ગયા કે આ શું?... દુઃખ લાગે તે રીતે સ્વામીશ્રીએ કાંઈ કહ્યું જ નહોતું. અને કહ્યું હોત તો પણ તેમનો અધિકાર હતો! પ્રમુખસ્વામી મહારાજે પોતાની ભૂલ થયા વિના જ ભૂલને સ્વીકારી લીધી અને તે માટે માફી પણ માગી લીધી.

આવા સદ્‌ગુણનાં દર્શન મહંત સ્વામી મહારાજમાં પણ થાય છે. ૨૦૦૧ના વર્ષમાં યુ.એસ.એ.થી બાળકો અને કિશોરો ભારતયાત્રાએ આવ્યા હતા. તેઓની એક સભામાં મહંત સ્વામી મહારાજે પ્રવચન કરવાનું હતું. તેનો વિષય હતો: 'માય ફ્રેન્ડ પ્રમુખસ્વામી મહારાજ.'

મહંત સ્વામી મહારાજની વિશેષતા એ છે કે જે વિષય આપવામાં આવે તેને પૂરેપૂરો ન્યાય મળે તે માટે તેના પર ખૂબ મનન અને ઊંડા વિચાર કરે. આ પ્રવચનમાં પણ તૈયારી કરવા માટે તેઓ ખાસ નડિયાદ પધાર્યા. વિશિષ્ટ રજૂઆત માટે ચિત્રકારને બોલાવી ચિત્ર તૈયાર કરાવ્યાં, પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન પણ બનાવડાવ્યું. વ્યવસ્થાપક સંતોને બોલાવીને બાળકોનું માનસ જાણ્યું.

બોચાસણમાં તેઓએ પ્રવચન કરવાનું હતું. મહંત સ્વામી મહારાજે પ્રવચનની શરૂઆત કરી. પણ યાત્રા કરીને આવેલા કિશોરો-બાળકો ખૂબ થાકી ગયા હતા. વળી, અહીં તેમને માટે બધું નવું હતું અને પ્રવચન થોડું વધારે લાંબું થયું, તેથી કેટલાક બાળકો તો પગ લાંબા કરીને સૂઈ પણ ગયા! આમ છતાં મહંત સ્વામી મહારાજે પ્રવચન કરવાની પોતાની ભક્તિ અદા કરી. અહીંથી તરત જ તેઓ અટલાદરા પધાર્યા. પણ તેઓના મનમાં રહી ગયું હતું કે બાળકોને માટે આ પ્રવચન દ્વારા બરાબર રીતે સંદેશ આપી શકાયો નથી. તો તેઓએ ત્યાંથી માફી માગતો એક પત્ર બાળકો પર લખી મોકલ્યો. તે પત્રના અંશો અહીં પ્રસ્તુત છે:

'I really regret that I was unable to explain to you what I had in my mind. That was sort of punishment for you. My lectures are never so long. This was my first trial and therefore time was not balanced. Next time it won't happen. Sorry. Pardon me. Your's SKS. જય સ્વામિનારાયણ.'

(હું ખરેખર દિલગીર છું કે મારા મનમાં જે હતું તે તમને સમજાવી ન શક્યો. તે તમારા માટે સજા જેવું હતું. મારાં પ્રવચનો ક્યારેય આટલાં લાંબાં હોતાં નથી. આ મારો પ્રથમ પ્રયત્ન હતો તેથી સમય ન જળવાયો. આગળ આવું નહીં થાય. મને માફ કરજો. આપનો સાધુ કેશવજીવનદાસ. જય સ્વામિનારાયણ.)

લાખોના ગુરુપદે બિરાજમાન હોવા છતાં ક્ષતિ વિના ક્ષમા માગવાની તેઓની રીત આજે પણ સૌને પ્રેરણા આપતી રહે છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અંતર્ધાન થયા ત્યાર બાદ તા. ૧૮-૮-૨૦૧૬ના દિવસે સ્વામીશ્રીએ સવારે પ્રાતઃપૂજા બાદ પારાયણના યજમાન તરીકે મોટી સંખ્યામાં ઊમટેલા હરિભક્તોને વ્યક્તિગત આશીર્વાદ આપ્યા. સંખ્યા વધુ અને સમય ઓછો હોવાથી હરિભક્તો ઝડપથી આવતા જતા હતા. જ્યારે મહંત સ્વામી મહારાજે સભામાં આશીર્વચન ઉચ્ચાર્યા ત્યારે સમયની કટોકટીને પોતાની ભૂલ તરીકે ગણતાં તેઓ બોલ્યા, 'હમણાં બધા ઝડપથી આવ્યા... ગયા, એટલે કોઈને અવિવેક થયો હોય, દુભાયા હોય તો માફ કરજો.'


પોતાની ભૂલ ન હોવા છતાં આ ગુણાતીત સત્પુરુષોએ તેનો સહર્ષ સ્વીકાર કરી લીધો છે. હવે આપણને જો પોતાની ભૂલ હોવા છતાં ઓળખાતી ન હોય તો તેના માટે એક આધ્યાત્મિક દર્પણ બતાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે, 'જ્યારે પોતાની ખોટ્ય કાઢવી હોય ત્યારે તેને મોટાઓનાં વચનની સાખ્ય લઈને કાઢવી. જેમ કોઈક વ્યાવહારિક કામ હોય ને તે કામને અતિશય સિદ્ધ કરવું હોય, ત્યારે સારા સારા માણસની સાયદી કરવી. તેમ અહીં પણ એ સાયદી છે જે, શુકદેવજી બ્રહ્મસ્વરૂપ થયા હતા તો પણ અતિ પ્રીતિએ કરીને શ્રીમદ્‌ભાગવત ભણ્યા અને આજ દિવસ સુધી પણ ભગવાનની ભક્તિને જ કરે છે. અને શૌનકાદિક અઠ્યાશી હજાર ઋષિ તે બ્રહ્મસ્વરૂપ છે તો પણ સૂતપુરાણીના મુખ થકી ભગવાનની કથાને સાંભળે છે. એવી જાતનાં વચનની સાખ્ય ભક્તિની દૃઢતાને અર્થે લેવી. અને જે ખોટ્ય પોતાના જાણ્યામાં ન આવતી હોય તેની કોરની ભગવાનને આગળ પ્રાર્થના કરવી જે, 'હે મહારાજ! મારામાં જે જે ખોટ્ય હોય તે કૃપા કરીને નાશ કરજ્યો.' જેમ કોઈક પુરુષને માથે કલંક આવ્યું હોય ને તે કલંક ટાળ્યાનો કોઈ સાયદી ન હોય, ત્યારે તે લોઢાનો ગોળો રાતોચોળ હોય તેને ઉપાડીને પોતાનું કલંક ટાળે છે; તેમ જે દોષ ન ઓળખાતો હોય, ત્યારે તે દોષ ટાળવાને અર્થે ભગવાનની સ્તુતિ કરવી, એ તે લોઢાનો ગોળો ઝાલ્યા જેવી છે. એમ કરીને પોતાની ખોટ્યને ટાળવી.' (ગઢડા મધ્ય પ્રકરણ ૬૬)

મહંત સ્વામી મહારાજ પણ કહે છે, 'પોતાની ભૂલ જોવી હોય તો વચનામૃત અને સ્વામીની વાતોને પૂછજો.'

સત્પુરુષોનું જીવન આદર્શ છે. તેઓની સામે દૃષ્ટિ કરતાં કરતાં અંતર્દૃષ્ટિ થાય છે અને ભવસાગર પાર પહોંચી જવાય છે. ◆

प्रगट ब्रह्मस्वरूप महंत स्वामी महाराजना विचरण समाचार

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા



## આફ્રિકા ખંડમાં અક્ષરનાં અજવાળાં પાથરતાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ...

આફ્રિકા ખંડ એટલે કુદરતી મહેરથી મહોરતો ખંડ. ભારત અને આફ્રિકાના સંબંધો સદીઓ પુરાણા છે. લગભગ એક શતાબ્દી પહેલાં ગુજરાતથી વ્યવસાય અર્થે આફ્રિકા જનારાઓમાં સ્વામિનારાયણીય સત્સંગીઓ પણ હતા. સન ૧૯૨૦ના દાયકામાં આંગળીના વેઢે ગણી શકાય એટલા હરિભક્તોએ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ લઈને પૂર્વ આફ્રિકામાં સ્વામિનારાયણીય સત્સંગની શરૂઆત કરી હતી. શાસ્ત્રીજી મહારાજે અને તેમના અનન્ય શિષ્ય સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામીએ ત્યાં વસતા હરિભક્તો પર પુસ્તક કદના પત્રો લખી લખીને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની જ્યોતિ પ્રજ્વલિત રાખી. શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી સન ૧૯૪૫માં નૈરોબીમાં પ્રથમ અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર રચાયું અને ત્યારથી સ્વામિનારાયણીય વૈદિક ઉપાસનાના પ્રવર્તનનો વિધિવત્ આરંભ થયો.

ત્યારબાદ સન ૧૯૫૫થી લઈને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અવારનવાર આફ્રિકા ખંડમાં પધારીને, પ્રચંડ પુરુષાર્થ કરીને અહીંની સત્સંગપ્રવૃત્તિને વેગ આપ્યો. તેના પરિપાકરૂપે આફ્રિકા ખંડમાં સત્સંગપ્રવૃત્તિની શાખા-પ્રશાખાઓ વિરાટ વડની જેમ વિસ્તરી. નાના નાના દેશોમાં બી.એ.પી.એસ.નાં મંદિરો નિર્માણ

પામ્યાં. તેના ફળસ્વરૂપે અનેક તેજસ્વી નવયુવાનો સત્સંગસેવામાં જોડાયા, કેટલાય સુશિક્ષિત યુવાનો ત્યાગાશ્રમના પંથે વળ્યા. અગણિત સત્સંગીઓ અંતરમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની નિષ્ઠા સાથે સત્સંગના સૂત્રધાર બન્યા. પરિણામે અહીં બાળ-કિશોર-યુવા તેમજ મહિલા પ્રવૃત્તિઓ ધબકવા લાગી.

સન ૧૯૯૯માં નૈરોબી ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા કરી ત્યારથી અહીં તેઓની આજ્ઞાથી સંતવૃંદ સ્થાયી થયું અને આ સંતોના સતત વિચરણથી આફ્રિકા ખંડમાં સત્સંગનાં અજવાળાં વધુ વેગથી વિસ્તર્યાં. તેમાં પ્રમુખસ્વામી મહારાજના અનુગામી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ ભળ્યા. તેઓ બી.એ.પી.એસ. સંસ્થાના ગુરુપદે બિરાજ્યા બાદ થોડા જ મહિનાઓમાં આફ્રિકા પધાર્યા અને સૌને અપાર આધ્યાત્મિક પ્રેરણાઓ આપી. તાજેતરમાં આફ્રિકા ખંડના ભક્તોની ભક્તિને કારણે તેઓ બીજીવાર આફ્રિકાની ધર્મયાત્રાએ પધાર્યા છે.

આ વખતની ધર્મયાત્રાનું સ્વામીશ્રીએ નામ આપ્યું – ‘અક્ષરનાં અજવાળાં’.

બી.એ.પી.એસ. સંસ્થાના ગુરુપદે બિરાજ્યા બાદ છેલ્લાં ત્રણ વર્ષમાં સ્વામીશ્રીએ દેશ-વિદેશનાં હજારો સત્સંગકેન્દ્રોમાં પધારી લાખો હરિભક્તોને દિવ્ય સત્સંગ-દર્શનલાભથી કૃતાર્થ કર્યા છે. સ્વામીશ્રીની દિવ્ય સાધુતા-પ્રતિભાથી લાખો મુમુક્ષુઓ ધન્ય થયા છે. તેમના પવિત્ર સાંનિધ્યમાં સૌને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય સંનિધિનો અહેસાસ થયો છે. એ જ અનુભવ મહંત સ્વામી મહારાજની આ દ્વિતીય આફ્રિકા યાત્રામાં પણ સૌને થઈ રહ્યો છે.

સ્વામીશ્રીની સાથે આ ધર્મયાત્રામાં વરિષ્ઠ સંતવર્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, આત્મસ્વરૂપદાસ સ્વામી, પ્રેમપ્રકાશદાસ સ્વામી, દિવ્યસ્વરૂપદાસ સ્વામી, ઋષિરાજદાસ સ્વામી, રાહુલદાસ સ્વામી, જ્ઞાનમુનિદાસ સ્વામી, શ્રુતિપ્રિયદાસ સ્વામી, ઉત્તમયોગીદાસ સ્વામી, વિનયપ્રિયદાસ સ્વામી, સંતચરિતદાસ સ્વામી, બ્રહ્મવત્સલદાસ સ્વામી અને તપોનિષ્ઠદાસ સ્વામી એમ ૧૪ સંતો જોડાયા હતા.

તા. ૮-૮-૨૦૧૯ના રોજ દાર-એ-સલામથી સ્વામીશ્રીએ આફ્રિકા ખંડની ધર્મયાત્રાનો પ્રારંભ કર્યો હતો. અમદાવાદ ઍરપોર્ટથી વિદાય લઈને સ્વામીશ્રી આફ્રિકાના ટાન્ઝાનિયા દેશના દાર-એ-સલામ સ્થિત ‘જુલિયસ ન્યરેરે ઇન્ટરનેશનલ ઍરપોર્ટ’ પર પધાર્યા ત્યારે ગુરુહરિનાં દર્શનથી આફ્રિકા ખંડના હરિભક્તોનાં અંતરમાં આનંદનાં પૂર ઊમટ્યાં હતાં. અહીંના કોઠારી પ્રિયવ્રતદાસ સ્વામી તેમજ ટાન્ઝાનિયાના અગ્રણી હરિભક્તો શ્રી કુમારભાઈ પૂજારા, શ્રી પ્રવીણભાઈ શાહ અને શ્રી મહેશભાઈ પટેલે હારતોરા કરી સ્વામીશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું. સૌનું સ્વાગત સ્વીકારીને સ્વામીશ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે પધાર્યા. સન ૧૯૭૭માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આ મંદિરને પ્રતિષ્ઠિત કર્યું છે. સ્વામીશ્રીના આગમનથી ભાવમય બનેલા સૌના પ્રેમભાવને સ્વીકારતાં સ્વામીશ્રીએ ઠાકોરજીનાં દર્શન કર્યાં. શ્રી નીલકંઠવર્ણીનો અભિષેક કર્યો. કલાત્મક હિંડોળામાં સ્વામીશ્રીનું આસન ગોઠવાયું હતું. પરંતુ સ્વામીશ્રીએ સૌપ્રથમ શ્રી હરિકૃષ્ણ મહારાજને એ હિંડોળે પધરાવી પરાભક્તિ અદા કરી. ત્યારબાદ સ્વામીશ્રી હિંડોળે બિરાજ્યા તે સાથે જ હિંડોળાનાં કીર્તનો ગુંજી ઊઠ્યાં. સૌ આ દિવ્ય સ્મૃતિ-દર્શનમાં ગરકાવ થયા. આફ્રિકાના સંતો તથા અહીંના મુખ્ય હરિભક્તોએ કલાત્મક હારતોરાથી સ્વામીશ્રીને વધાવ્યા. ગુરુહરિના આગમન નિમિત્તે વિશેષ વ્રત-તપ કરનાર તપસ્વીઓને અંતરના આશિષ પાઠવ્યા. અહીંના સંતો-ભક્તોની સેવા-ભક્તિ જોઈને રાજી થતાં ‘સત્સંગ તથા સૌ તન-મન-ધનથી સુખી થાય, સદાય સંપ રહે’ એવા શુભાશિષ અર્પી સ્વામીશ્રી હિંદ મહાસાગરના કિનારે રચાયેલા અગ્રણી ભક્તરાજ શ્રી સુભાષભાઈના ‘વ્હાઇટ સેન્ડ્સ રિસોર્ટ’માં પધાર્યા. સુભાષભાઈ અને પરિવારે ખૂબ ભાવથી શ્રી હરિકૃષ્ણ મહારાજ અને ગુરુહરિનું સ્વાગત કર્યું.

સ્વામીશ્રીના અહીંના નિવાસ દરમ્યાન વિવિધ આધ્યાત્મિક કાર્યક્રમોની સાથે સાથે ‘દિવ્યમ્’ શિબિર પર્વ પણ યોજાયું હતું. સ્વામીશ્રીએ શિબિરાર્થીઓને સત્સંગ-દર્શનનો લાભ આપીને સૌને આધ્યાત્મિક પ્રેરણાઓથી છલકાવી દીધા હતા. સાથે સાથે દાર-એ-સલામ શહેરમાં યોજાયેલી સત્સંગ સભાઓમાં પણ સ્વામીશ્રીએ સૌને દિવ્ય અમૃતલાભથી લાભાન્વિત કર્યા હતા, અહીં તેનું સ્મરણ કરીએ...

## પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિ પર્વ

તા. ૧૦-૮-૨૦૧૯ના રોજ હતો શ્રાવણ સુદ દશમનો પવિત્ર દિન. શ્રાવણ સુદ દશમ એટલે અસંખ્ય લોકોના જીવન-આધાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની અંતર્ધાન તિથિ.

દાર-એ-સલામ ખાતે સ્વામીશ્રીના સાંનિધ્યમાં પ્રમુખસ્વામી મહારાજના ધામગમનની તૃતીય તિથિએ સૌ પ્રમુખસ્વામી મહારાજમય બન્યા હતા.

આ દિને યોજાયેલી પ્રમુખસ્વામી



મહારાજની સ્મૃતિસભામાં સંતો તથા હરિભક્તોએ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના સ્વાનુભવના હૃદયસ્પર્શી પ્રસંગો વર્ણવ્યા. ત્યાગવલ્લભદાસ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજના ગુણોનું હૃદયથી ગાન કરીને અંતે કહ્યું, 'પ્રમુખસ્વામી મહારાજે આપણને મહંત સ્વામી મહારાજની ભેટ આપીને સુખિયા કરી દીધા, નિર્ભય કરી દીધા. પ્રમુખસ્વામી મહારાજે વચન આપ્યું હતું, 'I will always be with you.' (હું હંમેશાં તમારી સાથે રહીશ.) એ વચન તેમણે સંપૂર્ણપણે નિભાવ્યું છે અને આજે મહંત સ્વામી મહારાજ રૂપે પ્રગટ રહીને આપણને એ જ લાભ આપી રહ્યા છે.'

આજના અવસરે સ્વામીશ્રીએ સૌને શુભાશિષથી કૃતાર્થ કરતાં જણાવ્યું: 'આજે સ્વામીબાપાની તિથિ છે. બધાએ પોતાના પ્રસંગોની વાત કરી. કેટલી મજા આવી! અને મહિમાપૂર્વક વાત કરી હોય તો તમે ધામમાં જ બેઠા છો. પણ આપણી મસ્તી જુદી હોય છે ને ભગવાનની મસ્તી જુદી હોય છે. આપણે દેહભાવમાં રાચીએ છીએ તોય પ્રગટની વાત સમજાય તો કેટલો આનંદ હોય છે!

પ્રગટની વાત સમજાય તો 'આજ મારે ઘેર થાય લીલા લેર...' એ શબ્દો લાગુ પડે. અને જેને ન સમજાય એને ઘણું બાકી રહે છે. પણ આપણને આ વાત સમજાઈ ગઈ છે.

શાસ્ત્રીજી મહારાજે કહ્યું, 'સત્પુરુષ પૃથ્વી પરથી કદી જતા જ નથી.' આપણે સત્પુરુષમાં જ વૃત્તિ રાખવાની છે. ને બીજું બધું ગૌણપણે ચાલ્યા જ કરે તેનો વાંધો નહીં.


વચનામૃતના સારમાં સાર આ સત્પુરુષ છે ને આપણને એ મળ્યા છે. એટલે આપણે તો ધન્ય થઈ ગયા.''

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રગટપણાની પ્રતીતિ કરાવતાં અને તેમના કાર્યપરંપરાને આગળ વધારતાં મહંત સ્વામી મહારાજે છેલ્લાં ત્રણ જ વર્ષમાં ૯૮ સંતોને દીક્ષા આપી છે! બે શિખરબદ્ધ મંદિરો અને ૨૧૦ હરિમંદિરોની ભેટ આપી છે! આવાં અનેક કાર્યોની સ્મૃતિ દ્વારા સૌએ અનુભવ્યું કે આજે પણ પ્રમુખસ્વામી મહારાજ મહંત સ્વામી મહારાજ દ્વારા પ્રગટ જ બિરાજે છે અને આપણા સૌના યોગક્ષેમનું વહન કરી રહ્યા છે!

## દિવ્યમ્ શિબિર

ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના પ્રચંડ પુરુષાર્થ તથા આશીર્વાદથી પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં આફ્રિકા ખંડમાં બી.એ.પી.એસ. સત્સંગ દિન-પ્રતિદિન અભિવૃદ્ધિ પામી રહ્યો છે. સંસ્થા દ્વારા સંચાલિત વિવિધ કાર્યક્રમો સૌમાં સત્સંગબળ પ્રેરવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે. આ કાર્યમાં જોડાયેલા આફ્રિકાના વિવિધ પ્રાંતના કાર્યકરો તેમજ યુવાનો-કિશોરોને સ્વામીશ્રીનો દિવ્ય સત્સંગલાભ મળે તે માટે સ્વામીશ્રીના સાંનિધ્યમાં 'દિવ્યમ્' શિબિર યોજાઈ હતી.

તા. ૧૧ થી ૧૯ ઑગસ્ટ દરમ્યાન હિંદ મહાસાગરના કિનારે સુભાષભાઈ પટેલના 'વ્હાઇટ સેન્ડ્સ રિસોર્ટ' ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન ઉપસ્થિતિમાં આ 'દિવ્યમ્'



શિબિર ત્રણ સોપાનમાં યોજાઈ હતી. આ શિબિરો પૈકી પ્રથમ સોપાનમાં કાર્યકરો, દ્વિતીય સોપાનમાં યુવકો-કિશોરો અને તૃતીય સોપાનમાં હરિભક્તો જોડાયા હતા. ત્રણેય શિબિરના તમામ શિબિરાર્થીઓને સત્પુરુષનાં ચાર સુખ – દર્શન, પ્રસાદી, વાતું અને મળવું - પ્રદાન કરીને સ્વામીશ્રીએ સૌને ધન્ય કર્યા હતા.

તા. ૧૧મી ઑગસ્ટના સાયંકાળે પ્રથમ સોપાનરૂપે કાર્યકરોની 'દિવ્યમ્' શિબિરનો પ્રારંભ થયો. સ્વામીશ્રી શિબિરના ઉદ્ઘાટન સત્રમાં પધાર્યા ત્યારે બાળકો-યુવકોએ પુષ્પ-પાંદડીની વર્ષા, પંચાંગ-પ્રણામ અને દંડવત્-પ્રણામથી શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. આફ્રિકા ખંડના છ દેશોના અગ્રણી હરિભક્તોએ સ્વામીશ્રીને પુષ્પહાર અર્પણ કર્યો ને એકબીજાને હાર પહેરાવી વંદન કર્યાં, સૌમાં ભગવાન સ્વામિનારાયણ અને મહંત સ્વામી મહારાજ બિરાજી રહ્યા છે તે ભાવથી! અને એ જ ભાવથી સભામાં બેઠેલા સૌએ એકમેક પર પુષ્પ અને અક્ષત વરસાવી પૂજન કર્યું! સ્વામીશ્રી આ પરસ્પરના આદર અને સંપની ભાવનાથી ખૂબ પ્રસન્ન થયા. ત્યારબાદ દીપપ્રાગટ્ય કરી સ્વામીશ્રીએ પ્રથમ શિબિરનું મંગલ ઉદ્ઘાટન કર્યું. સૌ પર આશીર્વાદ વરસાવ્યા.

૧૨મી ઑગસ્ટની વહેલી સવારે સ્વામીશ્રીએ શિબિરાર્થીઓને દર્શન આપતાં પ્રાતઃપૂજા કરી. શિબિરસત્રમાં પધારી શિબિરાર્થીઓને સ્વામીશ્રીએ વ્યક્તિગત સ્મૃતિછબીનો લાભ આપ્યો. આવો અકલ્પ્ય લાભ મળતાં સૌ કાર્યકરોના મુખ પર અપાર આનંદ છલકાઈ રહ્યો હતો. આ દરમ્યાન સંતોના કંઠેથી ગવાતાં ભક્તિપદોના ગાનથી અદ્ભુત વાતાવરણ રચાઈ ગયું હતું. ભોજનસત્રના અંતે આફ્રિકાના કાર્યકરો-ભક્તોના વિશેષ પ્રસંગો-ગુણો ગવાયા. એ સૌ પર સ્વામીશ્રીના અંતરના આશિષ વરસ્યા.

સંધ્યા શિબિરસત્રનું મુખ્ય સૂત્ર હતું: *'મહંત સ્વામીના સંગે, દિવ્યતાના રંગે...'* શિબિરના કાર્યક્રમમાં આ સૂત્રને અનુરૂપ રજૂઆતો થઈ હતી. જેમાં એક કથાનક રજૂ થયું હતું, જેના એક ભાગરૂપે સ્વામીશ્રીના સેવકસંતોએ સ્વામીશ્રીના દિવ્ય સદ્ગુણોનું પ્રસંગ-કથન દ્વારા પાન કરાવ્યું. તેમાં સહન-શીલતા અને સહિષ્ણુતા, દાસત્વ-ભાવ, આત્મબુદ્ધિ, આહ્નિકની દૃઢતા વગેરે વિષયને અનુરૂપ ક્રિએટીવ ઍક્ટિવિટી પણ રજૂ થઈ. આ પ્રત્યેક વિષયના સંદર્ભમાં સ્વામીશ્રીને પ્રશ્ન પૂછવામાં આવતો હતો. સ્વામીશ્રીએ તે તમામ પ્રશ્નોના સચોટ ઉત્તરો આપી શિબિરાર્થીઓને સત્સંગનો મહિમા

દૃઢાવ્યો હતો.

૧૩મી ઑગસ્ટના શિબિરસત્રમાં મંચની મધ્યમાં રાખવામાં આવેલા હિંડોળામાં સ્વામીશ્રી ઠાકોરજી સહ બિરાજ્યા અને સંતોએ ભગવાન સ્વામિનારાયણની સ્મૃતિ કરાવતું હિંડોળાપદ *'વડતાલ ગામ ફૂલવાડીએ રે હિંડોળો આંબાની ડાળ...'* ગાયું. તે સમયે સૌ જાણે શ્રીહરિની પ્રત્યક્ષ સંનિધિ અનુભવતા હોય તેવું વાતાવરણ રચાઈ ગયું.

શિબિરના આ સત્રમાં મુખ્યત્વે સત્પુરુષનાં ચાર સુખ સૌને પ્રાપ્ત થયાં હતાં. જેમાં સૌપ્રથમ પ્રસાદી અર્પતાં સ્વામીશ્રી તથા ત્યાગવલ્લભદાસ સ્વામીએ અહીંની પ્રસિદ્ધ વાનગી 'ઝાંઝીબાર મિક્સ' બનાવી, જે સૌ કાર્યકરોને પીરસવામાં આવી હતી. બીજું અને ત્રીજું સુખ હતું – દર્શન તથા કથાવાર્તાનું. સૌને કૃપાલાભ રૂપે દર્શન આપતાં સ્વામીશ્રીએ સૌ પર આશીર્વર્ષા કરી. ચોથું અને અંતિમ સુખ હતું – મળવાનું એટલે કે ભેટવાનું! સૌના પ્રતિનિધિ રૂપે સ્વામીશ્રી પાંચ

## સ્વામીશ્રીની મુલાકાતે આફ્રિકન મહાનુભાવો...





*દાર-એ-સલામ ખાતે સ્વામીશ્રીના નિવાસ દરમ્યાન ટાન્ઝાનિયાના અનેક રાષ્ટ્રીય મહાનુભાવો સ્વામીશ્રીની દર્શન-મુલાકાતે આવીને આશીર્વાદ પામ્યા હતા. એમાંના એક હતા – ટાન્ઝાનિયાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ શ્રી જકાયા મોરિશો કીકવેટે.*

*તા. ૨૧-૮-૨૦૧૯ના રોજ શ્રી કીકવેટે સ્વામીશ્રીની મુલાકાતે પધાર્યા ત્યારે સ્વામીશ્રીને સન્માનતાં તેમણે કહ્યું: 'આપ અહીં પધાર્યા તે બદલ આપનો ખૂબ ખૂબ આભાર. કૃપા કરીને આપ ટાન્ઝાનિયામાં વારંવાર પધારશો! આપના અહીં આવવાથી સમગ્ર ટાન્ઝાનિયા પણ આનંદિત છે. આપ અમારા દેશને આશીર્વાદ આપો કે અહીં શાંતિ રહે, દેશની પ્રગતિ થાય. જો આપ દર વરસે અહીં આવી શકો તો અમે આપના ખૂબ આભારી થઈશું. આપની યાત્રા માટે અમે શુભકામના પાઠવીએ છીએ.'*

*રાષ્ટ્રપ્રમુખ શ્રી કીકવેટેને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત થયા હતા. તેની પણ સ્મૃતિઓ થઈ. શ્રી કીકવેટેનો સ્વામીશ્રી પ્રત્યેનો ભાવ અનન્ય હતો. સ્વામીશ્રીએ તેમને ભગવાન સાથે વધુ જોડતાં જપમાળા ભેટમાં આપી. સાથે સ્મૃતિભેટ તરીકે સુવર્ણકળશ અને ટ્રૅન્સેન્ડન્સ પુસ્તક આપ્યું. સ્મૃતિછબી બાદ સ્વામીશ્રીને 'જય સ્વામિનારાયણ' કહી તેમણે વિદાય લીધી.*

*ટાન્ઝાનિયાના પ્રૅસિડેન્ટ શ્રી મેગફૂલી વતી તેમના પ્રતિનિધિ અને ટાન્ઝાનિયાના ગૃહમંત્રી શ્રી હામદ મસૌની(Hamad Masauni) સ્વામીશ્રીને સત્કારવા આવ્યા હતા. તા. ૨૮-૮-૨૦૧૯ના રોજ થયેલી આ દર્શન-મુલાકાત દરમ્યાન રાષ્ટ્રપ્રમુખ વતી સ્વામીશ્રીનું સ્વાગત કરીને શ્રી હામદે જણાવ્યું: 'આપ અહીં પધાર્યા તે બદલ અમને ખૂબ આનંદ થયો છે. આપ અહીં અવાર-નવાર આવતા રહો અને અહીં વધારે રહો તો અમને ખૂબ આનંદ થશે.'*

*સ્વામીશ્રીએ ટાન્ઝાનિયાની પ્રગતિ, શાંતિ અને સમૃદ્ધિ માટે આશીર્વાદ આપ્યા. સાથે રાષ્ટ્રપ્રમુખશ્રી મેગફૂલીને આશીર્વાદ રૂપે કલામંડિત સુવર્ણરસિત કળશ, ટ્રૅન્સેન્ડન્સ પુસ્તક તથા પ્રસાદ આપ્યો.*

*આમ, સ્વામીશ્રીના આગમનને વધાવીને ટાન્ઝાનિયાના અનેક મહાનુભાવોએ તેઓના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.*

સંતોને ભેટ્યા. પછી ઉપસ્થિત સમગ્ર ભક્તસમુદાયને બે હાથ પ્રસારી સમૂહમાં આશ્લેષની ભાવના વ્યક્ત કરી! સૌનાં હૃદય આનંદથી પુલકિત થઈ ઊઠ્યાં.

પ્રથમ શિબિરના અંતિમ સત્રનો મુખ્ય કાર્યક્રમ હતોઃ 'દિવ્ય મન.' આ કાર્યક્રમમાં એક સંવાદની પ્રસ્તુતિ દ્વારા અવગુણ-ગ્રાહક દૃષ્ટિ છોડીને ગુણ-ગ્રાહક થવાની અદ્‌ભુત પ્રેરણા આપવામાં આવી.

સંવાદની સમાપ્તિ બાદ શિબિરાર્થીઓને સત્સંગનું ભાથું બાંધી આપતાં સ્વામીશ્રીએ આશીર્વાદમાં જણાવ્યુંઃ 'આપણું મન ભંગાર જેવું છે એને દિવ્ય બનાવવાનું છે. અનંત અનંત બ્રહ્માંડથી પર એવા શ્રીજી-મહારાજના સંગે આપણને સુખ ન આવે એનું કારણ આપણું ભંગાર મન. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઈર્ષ્યા, આશા, તૃષ્ણા એ બધાથી આપણું મન ભરેલું છે. એમાં ક્યાંથી સુખ આવે?

દિવ્ય મન = અમૂલ્ય અમૂલ્ય!

અહીં તો બધા ભગવાનના ભક્તો છે. એક એક સમર્પિત! એનો ગુણ ન આવે તો ધૂળ પડી! વ્યક્તિમાં કાંઈ માલ ન હોય, પણ જો તેમાં હેત થાય તો પતી ગયું. અહીં આ હરિભક્તોમાં એક એકમાં ઢગલાબંધ ગુણો છે, પણ તે મૂકીને આપણે કચરો વીણીએ તે કેવું કહેવાય? શ્રીજીમહારાજના શબ્દો છેઃ 'સવળા વિચાર કરવા ને અવળા વિચારનો ત્યાગ કરવો', દિવ્ય મનમાં આટલું જ છે. ગુણગ્રહણ કરે, સવળા વિચાર કરે તે સુખી થાય.

સવળું ગ્રહણ કરીએ તો એ દિવ્ય મન છે. દાસભાવ, મહિમા, મસ્તકે એકબીજાની ચરણરજ ચઢાવવી એ દિવ્ય મન છે. આવી ટેવ પડી જાય તો તમને આનંદ આનંદનો પાર નહીં રહે. શ્રીજીમહારાજના વખતમાં હજારો એવા ભક્તો થયા છે. દૃષ્ટિ બદલે તેને ખૂબ આનંદ આવે.'

આશીર્વાદની સમાપ્તિ બાદ સ્વામીશ્રીએ બે દિવસ બાદ આવેલી રહેલા રક્ષાબંધનના પાવન અવસરે સમગ્ર આફ્રિકા ખંડના હરિભક્તો માટેની રાખડીઓ પ્રસાદીભૂત કરી.

વિદાય લેતા તમામ શિબિરાર્થીઓને સ્વામીશ્રીએ દૃષ્ટિમાં દૃષ્ટિ મેળવતાં, પ્રેમ વરસાવતાં નિજહસ્તે પ્રસાદ આપ્યો. ત્યાગવલ્લભદાસ સ્વામીએ સૌને સ્મૃતિભેટ પ્રદાન કરી હતી.

શિબિરના પ્રથમ સોપાનમાં સૌ શિબિરાર્થીઓએ સ્વામીશ્રીનાં નિઃસ્વાર્થ અને અપાર હેતનો દિવ્ય અનુભવ કર્યો હતો. સૌનાં હૃદયમાં અક્ષરનાં પ્રેમનાં અજવાળાં પથરાઈ ચૂક્યાં હતાં. સૌ ગદ્‌ગદિત થઈ ઊઠ્યા હતા.

આજે સવારે સ્વામીશ્રીએ આફ્રિકાના લીલોંગ્વે, લીમ્બે અને મઝૂઝૂ શહેરો ખાતે રચાનાર નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોની ભૂમિનું પૂજન કર્યું હતું.




કાર્યકરોની પ્રથમ શિબિરની પૂર્ણાહુતિ બાદ તા. ૧૪થી ૧૬ ઑગસ્ટ દરમ્યાન કિશોર-કિશોરી અને તા. ૧૭થી ૧૯ ઑગસ્ટ દરમ્યાન અન્ય બાકી રહેલા કાર્યકરો માટે દિવ્યમ્ શિબિર યોજાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સ્વામીશ્રીની પાવન ઉપસ્થિતિમાં ત્રણ સોપાનમાં યોજાયેલી 'દિવ્યમ્' શિબિરના તમામ કાર્યક્રમો એકસરખા હતા. એકસરખા કાર્યક્રમો હોવા છતાં સ્વામીશ્રીએ નૂતન સ્ફૂર્તિ સાથે અને અત્યંત પ્રસન્નતા વરસાવીને સૌને દિવ્ય લાભથી લાભાન્વિત કર્યા હતા. ત્યાગવલ્લભદાસ સ્વામીએ ત્રણેય શિબિરોમાં, બધાં જ સત્રોમાં હાજર રહી સૌને પ્રેરણા આપી હતી. દૂર-સુદૂર દેશોથી, બત્રીસ-બત્રીસ કલાકનું ટ્રાવેલિંગ કરીને, આ શિબિરનો લાભ લેવા આવનાર તમામ શિબિરાર્થીઓને ગુરુહરિના સાંનિધ્યમાં સત્સંગનો અણચિંતવ્યો લાભ મળ્યો હતો.

પ્રિયવ્રતદાસ સ્વામી અને આફ્રિકા ખંડમાં વિચરણ કરતા સંતોએ આ શિબિરને સફળ બનાવવામાં દિન-રાત પુરુષાર્થ કર્યો હતો. સૌ પ્રત્યે આભાર વ્યક્ત કરતાં પ્રિયવ્રતદાસ સ્વામીએ શિબિરના સફળ આયોજનમાં ખૂબ જ સમર્પણ કરનાર સુભાષભાઈનો ખાસ આભાર માન્યો હતો.

સતત નવ દિવસની શિબિરોમાં સંતોએ મનનીય પ્રવચનો દ્વારા જ્ઞાનબોધ રેલાવ્યો હતો. આમ, આ 'દિવ્યમ્' શિબિર સૌ શિબિરાર્થીઓ માટે સ્વામીશ્રીની દિવ્યતાનાં અજવાળાં પામ્યાની અનોખી અનુભૂતિ સમી બની રહી હતી.



## દાર-એ-સલામ ખાતે સત્સંગ સભાઓમાં અમૃતલાભ આપતાં સ્વામીશ્રી...

ટાન્ઝાનિયા ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના નિવાસના પ્રારંભના દિવસોમાં યોજાયેલી 'દિવ્યમ્' શિબિરમાં સતત નવ દિવસ સુધી શિબિરાર્થીઓના હૃદયમાં દિવ્યતાનાં અજવાળાં પ્રસરાવી સ્વામીશ્રી તા. ૧૯-૮-૨૦૧૯ના રોજ સાંજે દાર-એ-સલામ સ્થિત બી.એ.પી.એસ. મંદિરે પધાર્યા હતા. અહીં મોટી સંખ્યામાં ઊમટેલા હરિભક્તો ગુરુહરિનાં દર્શનથી કૃતાર્થ થયા. બાળકોએ *'આવ્યા રે, સ્વામી આવ્યા રે આવ્યા...'* ભક્તિગીતના તાલે સ્વામીશ્રીને વધાવ્યા. સૌને દર્શનલાભ આપતાં સ્વામીશ્રી મંદિરની સામે જ આવેલા શ્રી સુભાષભાઈના નિવાસ સ્થાને ઉતારે પધાર્યા.

દાર-એ-સલામ ખાતેના નિવાસ દરમ્યાન મંદિરમાં નિત્ય ઠાકોરજીનાં દર્શને પધારતા સ્વામીશ્રીનાં દર્શનની વિરલ સ્મૃતિઓ સૌએ અંતરમાં કંડારી લીધી હતી. મંદિરની નજીકમાં જ આવેલા સનાતન હિંદુ મંદિરના હૉલમાં પ્રાતઃપૂજા અને સંધ્યા સત્સંગ સભાઓ યોજાઈ હતી. પ્રાતઃપૂજા દરમ્યાન અહીં બાળકોના મુખપાઠ વિશિષ્ટ રહ્યા. એટલા અદ્‌ભુત કે તેનાથી અત્યંત પ્રસન્ન થયેલા સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા દરમ્યાન આ બાળકોને સમીપ બોલાવી તેમના પર આશીર્વાદ અને વાત્સલ્યની વર્ષા કરી હતી.

### સ્વાગત સભા

તા. ૨૦-૮-૨૦૧૯ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને દાર-એ-સલામના આંગણે સત્કારવા સ્વાગત સભા યોજાઈ હતી. સંતો-ભક્તોએ વૈદિક ષોડશોપચાર વિધિથી શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીને વધાવ્યા. *'આનંદ આનંદ છાયો રે, ઉત્સવ આંગણ આયો રે...'* સ્વાગત ગીત પર બાળ-યુવાવૃંદે ખૂબ સુંદર નૃત્ય કરતાં શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીને વધાવ્યા.

સ્વામીશ્રીના આગમન નિમિત્તે ૨૨૩૮ જેટલાં બાળકો, યુવકો, વડીલો અને મહિલા ભક્તોએ તપ, વ્રત અને ભક્તિ કર્યાં હતાં. સૌએ આ તપયજ્ઞનું અર્ઘ્ય શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીનાં ચરણોમાં અર્પણ કર્યું, એ પ્રાર્થના સાથે કે, 'આપ નિરંતર અમને દિવ્ય સાંનિધ્ય આપતા રહો...'

આજના દિવસે ટાન્ઝાનિયા ખાતે સ્વામીશ્રીને વધાવવા ઇન્ડિયન હાઈકમિશનર શ્રી રાજીવ કોહલીજી પધાર્યા હતા. ટાન્ઝાનિયામાં રહેતા તમામ ભારતીયો વતી હાર પહેરાવીને તેમણે સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ રૂપે કલામંડિત કળશ ભેટમાં આપ્યો. દાર-એ-સલામ સ્થિત વિવિધ ભારતીય સમાજોના અગ્રણીઓએ પણ સ્વામીશ્રીને વધાવ્યા.

હારતોરાવિધિ બાદ એક સુંદર સંવાદ રજૂ થયો. જેમાં દર્શાવવામાં આવ્યું કે સ્વામીશ્રીના આગમનથી આફ્રિકાની ધરતી વધુ દિવ્ય, પવિત્ર અને આનંદદાયી બની. માણસો, દેવો અને અક્ષરમુક્ત બાળકોએ તે આનંદાનુભૂતિની રજૂઆત કરી.

અંતે સૌને આશીર્વાદથી કૃતાર્થ કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: "યોગીબાપા ગઢડા પધારેલા. એમનું બહુ સ્વાગત થયું. ત્યારે યોગીબાપા બોલ્યા, 'આ અમારું સ્વાગત નથી, ભગવાન સ્વામિનારાયણનું અને દાદાખાચરનું સ્વાગત છે.' એટલે આ પણ સ્વામિનારાયણ ભગવાનનું



દાર-એ-સલામ ખાતે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા વચનામૃતની હસ્તલિખિત પ્રતો સાથે શ્રી હરિકૃષ્ણ મહારાજનો તુલાવિધિ થયો...



દાર-એ-સલામ ખાતે નિર્માણ પામનાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર-ભવનનું ભૂમિ-ખાત કરતા સ્વામીશ્રી...

સ્વાગત છે. આપણે તો વચ્ચે માધ્યમ તરીકે છીએ.

શ્રીજીમહારાજ બહુ કૃપા કરી આ બ્રહ્માંડમાં પધાર્યા. તેઓ ન પધાર્યા હોત તો આપણો જન્મ-મરણનો ફેરો ચાલુ રહેત. આપણે બધા ધન્ય થયા છીએ, ને આ બ્રહ્માંડ ધન્ય થયું છે!

આપણને સ્વામિનારાયણ ભગવાને નિયમ-ધર્મ આપ્યા છે, તો આપણે તેનું પાલન કરવું. સંપ-સુહૃદભાવ-એકતા રાખી, દાસના દાસ થઈ જીવન વિતાવવું.''

આશીર્વાદની સમાપ્તિ બાદ સૌને વંદન કરતાં સ્વામીશ્રીએ સભામાંથી વિદાય લીધી.

## વચનામૃત દ્વિશતાબ્દી દિન

તા. ૨૧-૮-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીની પાવન નિશ્રામાં 'વચનામૃત દ્વિશતાબ્દી દિન' ઊજવાયો હતો. એક પ્રાસંગિક સંવાદ રજૂ થયો, જેમાં વચનામૃતના આધારે બાળકોએ સત્પુરુષનો મહિમા ગાયો. સારરૂપે કહેવામાં આવ્યું: 'વચનામૃતનું રહસ્ય એટલે પ્રગટ સત્પુરુષ!'

ખૂબ રસપ્રદ આ કાર્યક્રમના અંતે સ્વામીશ્રીને પૂછવામાં આવ્યું, 'સ્વામી! આ અમે વચનામૃતનો સાર કહ્યો તે સાચું કે ખોટું?' સ્વામીશ્રીનો ઉત્તર એ જ આજના આશીર્વાદ હતા. સ્વામીશ્રી કહે: 'શ્રીજીમહારાજ સાચા, ગુણાતીતાનંદ સ્વામી સાચા અને પ્રમુખસ્વામી મહારાજ સાચા છે. શ્રીજીમહારાજ સાચાબોલા હતા, એટલું તો આપણે માનીએ છીએ. તો મહારાજે વચનામૃતમાં ને બીજા ગ્રંથોમાં જે બધી વાત કરી છે તે બધું સાચું જ હોય ને!'

વચનામૃત દ્વિશતાબ્દી વર્ષ નિમિત્તે સમગ્ર આફ્રિકા ખંડમાં એક વિશેષ આયોજન થયું હતું. હરિભક્તો નિજહસ્તે વચનામૃતોનું લેખન કરે અને તેનું સંકલન કરીને વચનામૃતની હસ્તલિખિત પ્રતો તૈયાર થાય. ટાન્ઝાનિયા દેશમાં એવી ૨૨ પ્રતો તૈયાર થઈ હતી! સભામધ્યેથી રંગેચંગે તેની પોથીયાત્રા લઈને બાળકો આવ્યા. નૃત્યકાર બાળકો તેને વધાવતાં નૃત્ય કરી રહ્યા હતા. વચ્ચે વચ્ચે આતશબાજી પણ થઈ. યાત્રાના અંતે વચનામૃતના ઉદ્‌ગાતા ભગવાન સ્વામિનારાયણનું ચલસ્વરૂપ શ્રી હરિકૃષ્ણ મહારાજ પાલખીમાં પધાર્યા. આનંદ ઉત્સવ સાથે સમગ્ર પોથીયાત્રા મંચ પર આવી. ત્યાગવલ્લભદાસ સ્વામીએ પ્રત્યેક હસ્તલિખિત પ્રતનું પૂજન કર્યું ને સ્વામીશ્રીએ પુષ્પો પધરાવ્યાં.

એક વિશાળ તુલામાં વરિષ્ઠ સંતોએ પૂજિત હસ્તપ્રતો પધરાવી અને બીજા પલ્લામાં હરિકૃષ્ણ મહારાજને પધરાવ્યા. છેલ્લી હસ્તપ્રત સ્વામીશ્રીએ પધરાવી ને તે સાથે જ ઠાકોરજી તોળાઈ ગયા! શ્રીજીમહારાજને એમના સ્વ-સ્વરૂપ વાણીથી જ તોળવામાં આવ્યા! સરસ ઉત્સવમાં ખૂબ



દાર-એ-સલામ ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર અને સનાતન મંદિરના પ્રાંગણમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલા વિવિધ સત્સંગ કાર્યક્રમોનો લાભ હજારોની ભક્તમેદનીએ લીધો...

સદાસ્મરણીય લાભ આપી સ્વામીશ્રીએ ઉત્સવને સાર્થક કરી દીધો!

### સંપ દિન

તા. ૨૨-૮-૨૦૧૯ના રોજ 'સંપ દિન' ઊજવાયો હતો. આજનો 'સંપ દિન' બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સંપ માટે આપેલ સૂત્રઃ 'ખમવું, ઘસાવું, મનગમતું મૂકવું અને અનુકૂળ થવું' વિષય પર કેન્દ્રિત હતો. સ્વામીશ્રીના આગમન પૂર્વે 'ખમવું અને ઘસાવું' વિષય પર પ્રિયવ્રતદાસ સ્વામીએ મનનીય પ્રવચનનો લાભ આપ્યો હતો.

'મનગમતું મૂકવું' વિષય સંપ નૃત્યથી પ્રસ્તુત થયો. પારેવાંઓ પારધીની જાળમાં ફસાયાં - એક સુજ્ઞ પારેવાએ કહ્યું તેમ બધાંએ માન્યું. પોતાના વિચારો, પોતાનું મનગમતું મૂકી દીધું ને એકસાથે ઉડાન ભરી તો બધાં મુક્ત થયાં.

અંતિમ વિષય 'અનુકૂળ થવું' એક હળવી રમત દ્વારા પ્રસ્તુત થયો. જેમાં છ છ વ્યક્તિની ટીમો પાડવામાં આવી. છએ જણાને એક જ કેરેટ પર ઊભા રાખવામાં આવ્યા. બીજાં એક એક કેરેટ આપવામાં આવ્યા. આ છએ જણાને જમીન પર પગ મૂક્યા વગર આ બંને કેરેટનો ઉપયોગ કરીને બીજા છેડે પહોંચવાનું હતું. આમાં એકબીજાને અનુકૂળ થવું જ પડે. ભીડો ખમવો જ પડે. તો જ પાર પડે! સૌને આ રમતથી ખૂબ જ આનંદ આવ્યો.

અંતમાં સ્વામીશ્રીએ સુંદર આશીર્વચન ઉચ્ચારતાં કહ્યું, 'પ્રમુખસ્વામી મહારાજે આ ચાર શબ્દોમાં સંપની બધી વાત કરી દીધી. આ બધી કલમ અઘરી છે પણ મનમાં ધાર્યું હોય કે 'આપણે સંપ રાખવો જ છે' તો બધું થઈ જાય. જો સંપ રાખવાની વાત આઘીપાછી હોય, ઢચુપચુ હોય તો કાંઈ ન થાય. એનું ઊંધું પરિણામ આવે. પ્રમુખસ્વામી મહારાજે એમનો વરસોનો અનુભવ આ ચાર શબ્દોમાં કહી દીધો. આપણે તો વિચાર કરવો પડે, પણ પ્રમુખસ્વામી મહારાજનો આ નક્કર અનુભવ. એમણે જીવનમાં મૂકેલું છે પ્રૅક્ટિકલ, માટે આ વાત કહી દીધી. માટે આપણે એમના ચીલે ચાલવું.

આ ચાર શબ્દો જોરદાર છે - નાના લાગે છે, પણ તેનાથી મોટાં મોટાં કામ થયાં છે. જબરજસ્ત કામ થયાં છે. જે આ રીતે સંપ રાખે તેને ફાયદો-નફો થયો છે અને તેની જીત થઈ છે.''

### ઉપાસના દિન

તા. ૨૩-૮-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાયેલા 'ઉપાસના દિન'ની સભામાં શિશુઓ ને બાળકોએ ઉપાસના સંબંધી ગહન ચર્ચા સહજશૈલીમાં રજૂ કરી હતી. સ્વામીશ્રી સૌ બાળકો પર ખૂબ પ્રસન્ન થયા.

અંતમાં સ્વામીશ્રીએ શુભાશિષ આપતાં જણાવ્યુંઃ ''શાસ્ત્રીજી મહારાજ સાક્ષાત્ અક્ષરધામ, અક્ષરબ્રહ્મ હતા!

તેઓના પ્રતાપે આપણે બધા સુખિયા છીએ, લહેર કરીએ છીએ. તેમણે કહ્યું, 'મારું કાર્ય ચાલુ રહેશે.' તે કાર્ય એટલે ઉપાસનાનું કાર્ય. આપણે તેમાં ભળી જવું. ને આ જ કાર્ય કરવાનું છે. બીજું બધું તો આપણે અનંત જન્મોથી કર્યું છે, કુટારો કર્યો છે ને જન્મ-મરણમાંથી બહાર નીકળ્યા નથી. હવે વેળા આવી ગઈ છે.

શાસ્ત્રીજી મહારાજને કોટિ કોટિ ધન્યવાદ આપીએ તોય પાર આવે એવો નથી. કેટલો મોટો પરોપકાર છે! બીજું બધું તો મળે પણ મોક્ષ ન મળે. એ શાસ્ત્રીજી મહારાજે આપણને આપ્યું છે. હવે આ વાત સમજે જ છૂટકો. એટલે આપણે એમાં ચાલ્યા જવું ને પોતાને ધન્ય માનવું. આ જન્મે આપણે ધન્ય થઈ ગયા. ભગવાન મળ્યા, સત્પુરુષ મળ્યા એટલે આપણાથી કોઈ ભાગ્યશાળી નથી. મોક્ષ, જે ઊંચામાં ઊંચું પદ તે આપણને મળ્યું, એટલે આપણે પોતાને ભાગ્યશાળી માનવા. આ વાત સમજી રાખવી ને એનો કેફ રાખવો. પૈસાનો સત્તાનો એ બધો કેફ તો બરાબર છે, પણ આ નિષ્ઠાનો, આ ઉપાસનાનો કેફ રાખવો.''

ઉપાસનાની ચર્ચા કરનાર તમામ બાળકો સાથે સ્મૃતિછબી પડાવી સ્વામીશ્રીએ બાળકોને ચિરંતન સ્મૃતિ આપી દીધી.

આજે સવારે પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રી હંગામી ધોરણે રચાનાર મંદિરની ભૂમિ પર પધાર્યા. દાર-એ-સલામમાં દિન-પ્રતિદિન સત્સંગની અભિવૃદ્ધિ થઈ રહી છે. અત્યારે જે સ્થાન પર બી.એ.પી.એસ. મંદિર છે એની જગ્યાએ મોટું મંદિર કરવાનો સંસ્થાએ નિર્ણય લીધો છે. તેના નિર્માણકાર્ય દરમ્યાન આ ભૂમિ પર હંગામી ધોરણે મંદિર અને સભાખંડ બનશે. મુખ્ય મંદિરની મૂર્તિઓ અહીં પધરાવાશે ને અત્યારે જ્યાં મંદિર છે ત્યાં નૂતન મંદિરનું નિર્માણ થાય પછી કાયમ માટે મૂર્તિઓ પુનઃ તે મંદિરમાં પધરાવાશે. આજે આ ભૂમિનું પૂજન કરવા સ્વામીશ્રી હરિકૃષ્ણ મહારાજને લઈને પધાર્યા. હરિકૃષ્ણ મહારાજના પૂજન સાથે સ્વામીશ્રીએ વૈદિક ભૂમિપૂજનવિધિ કર્યો. આરતી બાદ ઓજારોનું પૂજન કરી સ્વામીશ્રીએ સ્વહસ્તે ભૂમિખનન કર્યું. મકાનની ઈષ્ટિકાનું પૂજન કર્યું. ત્યારબાદ ત્યાગવલ્લભદાસ સ્વામી તથા સંતો-ભક્તોએ પણ ભૂમિખનનનો લાભ લીધો હતો.

## જન્માષ્ટમી ઉત્સવ

તા. ૨૪-૮-૨૦૧૯ની સંધ્યાએ વ્યાયામ શાળાના મેદાનમાં જન્માષ્ટમી ઉત્સવનો શાનદાર કાર્યક્રમ યોજાઈ ગયો. વિવિધ કાર્યક્રમો અને પ્રાસંગિક પ્રવચનોની શૃંખલા બાદ 'ભીષ્મ પ્રતિજ્ઞા' સંવાદ રજૂ થયો. ત્યારપછી ત્યાગવલ્લભદાસ સ્વામીએ 'જન્માષ્ટમી મર્મ – આશરો' વિષયક સુંદર મર્મસભર સંબોધન કર્યું. બીજો એક સંવાદ 'आप क्या लेंगे?' રજૂ થયો. જેમાં, અર્જુને કૃષ્ણ ભગવાનની પસંદગી કરી ત્યારથી જ તેમની જીત નક્કી થઈ ગઈ હતી તે દર્શાવાયું.

સુંદર કાર્યક્રમોની પ્રસ્તુતિ બાદ આશિષ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: ''શ્રીકૃષ્ણ ભગવાને શસ્ત્ર લીધા વિના યુદ્ધ પાર પાડ્યું. ભગવાન સમર્થ છે. તેમનો આશરો દૃઢ કરવો. એટલો દૃઢ કે બીજો ફોદો ન આવે. જેણે ભગવાનનો દૃઢ આશરો કર્યો છે તેને ધન્યવાદ આપવામાં આવે છે. બધું મળે પણ ભગવાનનો આશરો ન મળે. દુર્યોધન છેતરાયો કે 'મારે એમની સેનાનું કામ છે' પણ અર્જુન જ્ઞાની હતા. તેમણે ભગવાન માંગ્યા. આપણે પણ અર્જુનની જેમ ભગવાનનો દૃઢ આશરો કરવાનો. એમાં બધું આવી જાય.''

બાદ કૃષ્ણ-જન્મોત્સવ ઊજવાયો. સુંદર પારણામાં શ્રી ઠાકોરજીને પધરાવી વિવિધ મિષ્ટાન્ન પકવાન્ન સહિતનો થાળ ધરાવાયો. સ્વામીશ્રી અને ત્યાગવલ્લભ સ્વામીએ જન્મોત્સવની આરતી ઉતારી. આરતી બાદ સ્વામીશ્રીએ ઠાકોરજીને પ્રેમથી પારણે ઝુલાવ્યા. જન્મોત્સવનાં પદોનું ગાન થયું. ત્યાગવલ્લભદાસ સ્વામી અને સંતોએ પણ ઠાકોરજીને પારણે ઝુલાવી ભક્તિઅર્ઘ્ય અર્પ્યું.

આજની સભા દાર-એ-સલામના ઇતિહાસમાં ઐતિહાસિક બની રહી. ૩,૦૦૦ કરતાં વધારે ભક્તો-ભાવિકોએ કૃષ્ણજન્મોત્સવનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

આજે ઝાંબિયા સત્સંગ મંડળે શ્રી હરિકૃષ્ણ મહારાજનો તુલાવિધિ કરી વિશેષ ભક્તિ-અર્ઘ્ય અર્પ્યું હતું.

## પાટોત્સવ

તા. ૨૫-૮-૨૦૧૯ના રોજ દાર-એ-સલામના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો ૪૨મો પાટોત્સવ ઊજવાયો હતો. આમ તો તેનાં તારીખ-તિથિ અલગ છે, પરંતુ સ્વામીશ્રીની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં આજે પાટોત્સવ ઊજવવાનું નક્કી થયું હતું. આ પ્રસંગે વહેલી સવારથી જ મંગલ વાતાવરણમાં પાટોત્સવનો વિધિ આરંભાયો. પાટોત્સવની વિધિ કરીને સ્વામીશ્રીએ નીલકંઠવર્ણીનાં અભિષેક-પ્રદક્ષિણા કર્યાં. આજના ઉત્સવે ૨૭૩ વચનામૃતની સ્મૃતિમાં ઠાકોરજી સમક્ષ ૨૭૩ વાનગીઓનો સુંદર અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સ્વામીશ્રીએ અન્નકૂટ સહિત ઠાકોરજીની આરતી

## આફ્રિકન ભક્તો પર સ્વામીશ્રીની સ્નેહલ વર્ષા...










સ્વામીશ્રીની નિઃસ્વાર્થ અને દિવ્ય સ્નેહલ વર્ષા આબાલવૃદ્ધ સૌ પર નિરંતર વરસતી રહે છે. દાર-એ-સલામ ખાતેની સ્વામીશ્રીની આ યાત્રા દરમ્યાન સ્થાનિક આફ્રિકન ભક્તો પર પણ સ્વામીશ્રીની કરુણાભીની સ્નેહવર્ષા વરસી રહી...

ઉતારી ઠાકોરજીને અર્ઘ્ય અર્પણ કરીને પાટોત્સવનું અંતિમ ચરણ પૂર્ણ કર્યું.

વળી, આજે નૈરોબી ખાતેના બી.એ.પી.એસ. મંદિરનો ૨૦મો પાટોત્સવ હતો. સ્વામીશ્રીએ વીડિયોકૉલ દ્વારા પાટોત્સવની આરતીનાં દર્શન કર્યાં.

આજે અહીં બાળ-બાલિકાઓની વિશિષ્ટ સભાનું આયોજન થયું હતું. બાળસભાના અદ્‌ભુત કાર્યક્રમોની ચરમસીમા રૂપે સ્વામીશ્રીએ બાળકોને દર્શન અને આશીર્વાદનો લાભ આપ્યો હતો. તેમાંય સ્વામીશ્રીએ ખૂબ લડાવીને બાળકોને યોગીજી મહારાજે કહેલી બોધકથા વર્ણવી ત્યારે બાળકો આનંદે હરખી ઊઠ્યા હતા. આજે સ્વામીશ્રીએ પાંચ બ્રાહ્મણ બટુકોને યજ્ઞોપવીત આપી હતી.

તા. ૨૬-૮-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીની પાવન નિશ્રામાં યોજાયેલી 'બાળ દિન' નિમિત્તેની સભાના મુખ્ય કાર્યક્રમરૂપે 'દિવ્ય સફારી' નામક સંવાદ રજૂ થયો હતો. જેમાં જંગલના પ્રાણીઓ વચ્ચે વાર્તાલાપ યોજાયો હતો. અમુક પ્રાણીઓ બીજા પ્રાણીઓનાં અંગો પર હસતાં હતાં તેથી તે પ્રાણીઓ પોતાનાં અંગો પર શરમ-સંકોચ અનુભવતા હતા. તે વખતે દિવ્ય દૃષ્ટિનાં ચશ્માં ધારણ કરાવતાં જ પ્રાણીઓને પોતાના અંગનું મહત્ત્વ સમજાવા લાગ્યું હતું અને અભાવ-અવગુણ લેનાર પ્રાણીઓને પણ તેમનામાં ગુણો દેખાવા લાગ્યા હતા.

સુંદર સંવાદની પ્રસ્તુતિ બાદ પ્રેરણાવચનો કહેતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'તમે શ્રીજીમહારાજનાં સંતાનો છો એટલે વ્યસન-કુસંગમાં પડવું નહીં. શૂરવીર થવું અને આપણી જે નિષ્ઠા છે તેનું પ્રવર્તન કર્યે રાખવું, કર્યે રાખવું એ જ સાર છે. એ જ મુદ્દો

છે. માન, ક્રોધ, લોભ, ઈર્ષ્યા એ કચરામાં પડવું જ નહીં. આપણે બધાને દિવ્ય, માયા પર જોવા. શ્રીજીમહારાજનાં આપેલાં વચન અને ધર્મનિયમ, એ પ્રમાણે દૃઢ રહેવું. નિશ્ચય ને નિયમ આ બે હોય તો ઠેઠ અક્ષરધામ સુધી કોઈ તમારો વાળ વાંકો કરી શકે નહીં.'

## કીર્તન-ભક્તિ

તા. ૨૭-૮-૨૦૧૯ના રોજ સનાતન મંદિરમાં કીર્તન-ભક્તિનો કાર્યક્રમ યોજાયો હતો. સ્વામીશ્રીની પાવન નિશ્રામાં યોજાયેલી કીર્તન-ભક્તિથી સૌના અંતરમાં આનંદ-ઉત્સાહ-ઉલ્લાસનો પાર ન રહ્યો. કીર્તનોના તાલે સ્વામીશ્રી નેત્ર મીંચી શ્રીહરિની મૂર્તિમાં ગુલતાન થઈ ગયા હતા. બાળકો-યુવાનો અને વૃદ્ધોએ આનંદથી ભક્તિનૃત્યો કર્યાં. સ્વામીશ્રીએ કરમાં દાંડિયા ગ્રહી કીર્તનોના તાલે વિશેષ સ્મૃતિ આપી. સ્વામીશ્રીની પાવન સંનિધિમાં અદ્ભુત કીર્તનભક્તિ-ઉત્સવ ઊજવાઈ ગયો.

## સ્મૃતિ સભા

તા. ૨૮-૮-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીની પાવન નિશ્રામાં 'સ્મૃતિ સભા' યોજાઈ હતી. સભાનો મધ્યવર્તી વિચાર હતો 'વરસ્યા અનરાધાર...' છેલ્લા એકવીસ દિવસથી સ્વામીશ્રીએ દાર-એ-સલામના ભક્તો પર અનરાધાર સત્સંગસુખની વર્ષા કરી હતી આજે તેની સ્મૃતિમાં સભા યોજાઈ હતી. સ્વામીશ્રીએ આપેલી દિવ્ય સ્મૃતિઓની ગૂંથણી કાર્યકરોએ જીવંત પરિસંવાદ દ્વારા કરી. સંવાદનું નામ હતું: 'સમર્તિ સુખકારી...' વચ્ચે વચ્ચે તે સ્મૃતિઓને અનુરૂપ વીડિયો પણ દર્શાવાયા હતા. સાથે સંતોએ સુંદર કીર્તનોનું ગાન કરી વાતાવરણને વિશેષ ભક્તિમય બનાવી દીધું હતું.

આ વખતના નિવાસ દરમ્યાન સ્વામીશ્રીએ સ્થાનિક આફ્રિકન બંધુઓને પણ ખૂબ લાભ આપ્યો હતો. તેમના પ્રતિનિધિરૂપે સ્વામીશ્રીનો ખૂબ લાભ લેનાર સ્ટીવન તથા અબ્દુલે સ્વાહીલી ભાષામાં સ્વામીશ્રી પ્રત્યેની પોતાની ભાવનાઓ રજૂ કરી હતી.

સ્ટીવને કહ્યું, 'સ્વામીબાપા! આપનો ખૂબ ખૂબ આભાર કે આપે મારું જીવન સુધારી નાખ્યું. જય સ્વામિનારાયણ!'

અબ્દુલે કહ્યું, 'અમારા ભાઉડા જેવા જીવોને સાચી સલામ મારતાં પણ આપે શીખવ્યું. આપનો આભાર.'

અહીં પ્રસંગ નોંધવો ઘટે કે સ્ટીવન નાળિયેર વેચી પોતાનું ગુજરાન ચલાવે છે. પોતાની તૂટેલી-ભાંગેલી સાઇકલ પર તે દરરોજ નાળિયેર વેચવા માટે આવતો હતો. સ્વામીશ્રીએ આ દૃશ્ય જોયું ને સંતોને કહીને તેને નવી સાઇકલ અપાવી. તે સ્વામીશ્રીને દરરોજ નાળિયેર આપતો હતો. સ્વામીશ્રી તેની ભક્તિને સહર્ષ સ્વીકારી થોડું નાળિયેરપાણી અંગીકાર કરતા હતા.

આવો જ એક બીજો પ્રસંગ છે કે એકવાર સ્વામીશ્રીને આવતા જોઈ સનાતન મંદિરના ચોકીદાર અબ્દુલે ડાબા હાથે સ્વામીશ્રીને સલામ મારી ત્યારે સ્વામીશ્રીએ તેને ડાબા હાથે નહીં, પણ જમણા હાથે સલામ મારતાં શીખવ્યું અને આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રીએ વારંવાર એ બંને અને અન્યો પર વરસાવેલા નિઃસ્વાર્થ સ્નેહ બદલ આ બંને ભાવિકોએ આભારવશ થઈ સ્વામીશ્રી પ્રત્યે પોતાની ભાવોર્મિઓ વ્યક્ત કરી હતી.

અંતે સૌએ હાથ જોડીને સ્વામીશ્રીની મૂર્તિ નજરોમાં ભરતા ગદ્ગદ હૃદયે *'મહાબળવંત માયા તમારી...'* પ્રાર્થનાનું ગાન કર્યું. ત્યારપછી સૌ પર કૃપાવર્ષા વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'શ્રીજીમહારાજ જેવા ભગવાન મળ્યા તે સારમાં સાર છે. માટે એકબીજામાં દિવ્યભાવ રાખો, મહિમા સમજો, દાસના દાસ થાઓ - આ બધાં આપણાં મૂલ્યો છે. એમાં ખૂબ માલ છે. શ્રીજી-મહારાજની પ્રસન્નતા છે. એટલે અભાવ-અવગુણ ન લેવાની વાત દૃઢ કરીને રાખવી. અભાવ-અવગુણ ઝેર છે, તે દેખાતું નથી પરંતુ તે તમારું જીવન બગાડે ને જે તમારી વાત સાંભળે તેનું પણ જીવન બગાડે.

શ્રીજીમહારાજે કહ્યું, 'ભલે અમારી સેવા ન કરતો હોય, પણ હરિભક્તના ગુણ લેતો હોય તો તેણે અમારી અતિશય સેવા કરી એમ અમે માની લઈએ છીએ.' વારે વારે આ કરો તો કલ્યાણ, મોક્ષ થાય ને શ્રીજીમહારાજની અતિશય પ્રસન્નતા થાય. માટે શ્રીજીમહારાજની પ્રસન્નતા થાય એમાં પડવું, બીજું બધું કાઢી નાંખવું. આ બધાં સારાં સારાં મૂલ્યો છે તે અપનાવવાં, એ માર્ગે ચાલવું તો કામ થઈ જાય.'

દાર-એ-સલામ ખાતેના રોકાણની આ અંતિમ સભા હોવાથી સંતો-ભક્તોએ હારતોરા કરી સ્વામીશ્રીને ભાવભરી વિદાય આપી. ટાન્ઝાનિયા સત્સંગ મંડળના ચૅરમૅન શ્રી કુમારભાઈ પૂજારાએ આભારવિધિ કર્યો.

આમ, સતત બાવીસ દિવસ સુધી દાર-એ-સલામમાં સ્વામીશ્રીએ વરસાવેલી અનરાધાર હેતલવર્ષામાં સૌ ભીંજાયાં હતાં. સૌને આધ્યાત્મિક લાભમાં રસબસ કરી સ્વામીશ્રીએ યુગાન્ડા દેશના મુખ્ય શહેર કંપાલા જવા વિદાય લીધી હતી.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત)

◆

# સત્સંગ શિક્ષણ પરીક્ષા - દેશનાં કેન્દ્રોનું પરિણામ - જુલાઈ ૨૦૧૯

સન ૨૦૧૯ના વર્ષમાં જુલાઈ માસમાં લેવાયેલી પરીક્ષા અંતર્ગત દેશનાં **૫૧૦** પરીક્ષા કેન્દ્રોમાં હરિભક્તો માટેની સત્સંગ પ્રારંભ પરીક્ષાથી માંડીને અનુસ્નાતક કક્ષાની પ્રાજ્ઞ તૃતીય ખંડ સુધીની ૭ પરીક્ષાઓ લેવામાં આવી હતી. જેમાં **૨૧,૫૪૫** પરીક્ષાર્થીઓ બેઠા હતા. તેમાંથી કુલ **૪૫.૩૨** ટકા પરિણામ સાથે **૯,૭૬૫** પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા.

— **પરીક્ષા વ્યવસ્થાપક**

## પારિતોષિક વિજેતાઓની યાદી

### સત્સંગ પ્રારંભ

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | પિપળિયા શિલ્પાબેન વિનોદભાઈ | ૯૯ | વેડ રોડ, સુરત |
| ૧. | પટેલ મહિમા જતીનભાઈ | ૯૯ | ગાંધીધામ, કચ્છ |
| ૧. | બાવળિયા નિલેશભાઈ પોપટભાઈ | ૯૯ | અક્ષરધામ વિદ્યાલય, સુરત |
| ૨. | હીરપરા અશ્વિનભાઈ હરજીભાઈ | ૯૮ | રાયસણ, ગાંધીનગર |
| ૨. | તાવેથિયા શોભાબેન નરેશભાઈ | ૯૮ | કતારગામ, સુરત |
| ૨. | અમદાવાદી એશાબેન ભારદીપભાઈ | ૯૮ | કતારગામ, સુરત |
| ૨. | મકવાણા પ્રીતિબેન દીપકભાઈ | ૯૮ | કેશોદ, વેરાવળ |
| ૨. | પટેલ તૃપ્તિબેન બાબુભાઈ | ૯૮ | શાહીબાગ, અમદાવાદ |
| ૩. | પટેલ રેખાબેન જિજ્ઞેશભાઈ | ૯૭ | અટલાદરા, વડોદરા |
| ૩. | તધા મનિષાબેન યતિનભાઈ | ૯૭ | કતારગામ, સુરત |
| ૩. | નારોલા શોભાબેન પરેશભાઈ | ૯૭ | કતારગામ, સુરત |
| ૩. | વઘાસિયા કેતનભાઈ શામજીભાઈ | ૯૭ | વેડ રોડ, સુરત |
| ૩. | પ્રજાપતિ મીતા ચેતનકુમાર | ૯૭ | અક્ષર બંગ્લોઝ, ગાંધીનગર |
| ૩. | પટેલ સવિતાબેન જયંતીભાઈ | ૯૭ | રાયસણ, ગાંધીનગર |
| ૩. | જોષી જયશ્રીબેન પરેશભાઈ | ૯૭ | સેકટર-૬, ગાંધીનગર |
| ૪. | વિઠ્ઠલપરા નિકિતાબેન પંકજભાઈ | ૯૬ | કોલેજ રોડ, વઢવાણ |
| ૪. | પટેલ ડૉ. ધીરજલાલ ત્રિભોવનદાસ | ૯૬ | કોલેજ રોડ, વઢવાણ |
| ૪. | તગડિયા ગોપી ઘનશ્યામભાઈ | ૯૬ | કતારગામ, સુરત |
| ૪. | રાય ભાવનાબેન ભરતભાઈ | ૯૬ | સમતા, વડોદરા |
| ૪. | પરીખ હિનાબેન આશિષભાઈ | ૯૬ | સેટેલાઈટ, અમદાવાદ |
| ૪. | વસોયા ફાલ્ગુની જિજ્ઞેશભાઈ | ૯૬ | પૂણે |
| ૪. | ઝાલા તેજસ વિજયસિંહ | ૯૬ | રાંદેર, સુરત |
| ૪. | પટેલ પ્રવિણાબેન હેમાંગભાઈ | ૯૬ | શાહીબાગ, અમદાવાદ |
| ૫. | પટેલ જયેશભાઈ મંગળભાઈ | ૯૫ | સેકટર-૨૦, ગાંધીનગર |
| ૫. | પરમાર જીનલ ભરતભાઈ | ૯૫ | નારાયણનગર, રાજકોટ |
| ૫. | પરમાર હાર્દિક પરસોત્તમભાઈ | ૯૫ | રાંદેર, સુરત |
| ૫. | રૂપારેલિયા રવિ પ્રાગજીભાઈ | ૯૫ | કતારગામ, સુરત |
| ૫. | અવૈયા રેખાબેન ધર્મેશભાઈ | ૯૫ | અક્ષરધામ વિદ્યાલય, સુરત |
| ૫. | શેઠ નિતિનભાઈ રતિલાલ | ૯૫ | ગોપીપુરા, સુરત |
| ૫. | વિઠ્ઠલપરા રીનાબેન સંજયકુમાર | ૯૫ | અક્ષર બંગ્લોઝ, ગાંધીનગર |

### સત્સંગ પ્રવેશ

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | બારોટ મિલન ઘનશ્યામભાઈ | ૧૪૫ | અક્ષર બંગ્લોઝ, ગાંધીનગર |
| ૨. | પાંભર પુષ્પાબેન અરવિંદભાઈ | ૧૪૩ | લક્ષ્મીનગર, રાજકોટ |
| ૩. | પટેલ અક્ષર નિમેષભાઈ | ૧૪૧ | સેકટર-૨, ગાંધીનગર |
| ૩. | પટેલ ભાવિકાબેન અંકિતકુમાર | ૧૪૧ | સેકટર-૨૬, ગાંધીનગર |
| ૩. | પંચાલ જગદીશકુમાર માધવલાલ | ૧૪૧ | અક્ષર બંગ્લોઝ, ગાંધીનગર |
| ૪. | ચાવડા જિતેશભાઈ જગદીશભાઈ | ૧૪૦ | પ્રમુખનગર, ગાંધીનગર |
| ૫. | કતબા અંકિત ચિમનભાઈ | ૧૩૯ | અક્ષર બંગ્લોઝ, ગાંધીનગર |

### સત્સંગ પરિચય

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | કોવાડીયા વિશાલ ઝવેરભાઈ | ૧૪૧ | મીરા રોડ, મુંબઈ |
| ૨. | સુથાર મહેશ ઈશ્વરભાઈ | ૧૩૮ | અક્ષર બંગ્લોઝ, ગાંધીનગર |
| ૩. | પટેલ નિમિષા અંકિતકુમાર | ૧૩૫ | રામ લક્ષ્મણ, વડોદરા |
| ૪. | ચાંપાનેરિયા મુકેશ નવનીતલાલ | ૧૩૩ | બેગમપુરા, સુરત |
| ૫. | રાણા મનિષાબેન દીપકભાઈ | ૧૩૧ | મીરા રોડ, મુંબઈ |

### સત્સંગ પ્રવીણ

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | પટેલ બાલચંદ્રભાઈ ડાહ્યાભાઈ | ૧૯૧ | પ્રમુખનગર,ગાંધીનગર |
| ૨. | પટેલ શૈલેશભાઈ મનુભાઈ | ૧૮૯ | અક્ષર મંદિર, ગોંડલ |
| ૩. | રોહિત નગીનભાઈ પરસોત્તમભાઈ | ૧૮૩ | નારાયણકુંજ, ભરૂચ |
| ૪. | ચૌહાણ હેતલબેન મેહુલભાઈ | ૧૭૫ | અક્ષર મંદિર, ગોંડલ |
| ૫. | ગણાત્રા મમતાબેન મહેશભાઈ | ૧૭૧ | ગાંધીધામ, કચ્છ |

### સત્સંગ પ્રાજ્ઞ - ૧

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | રાયઠઠ્ઠા વિક્રમ નવનીતભાઈ | ૧૭૯ | બેંગલોર, દ. ભારત |
| ૨. | રાયઠઠ્ઠા શીતલ વિક્રમભાઈ | ૧૭૨ | બેંગલોર, દ. ભારત |
| ૩. | ડાંખરા જિજ્ઞાબેન શૈલેશભાઈ | ૧૬૦ | રાંદેર, સુરત |
| ૪. | નાણાવટી રશ્મિબેન અખિલેશભાઈ | ૧૫૮ | માંજલપુર, વડોદરા |
| ૫. | કાસોદરિયા આશાબેન હરેશભાઈ | ૧૫૬ | અક્ષરવાડી, સુરત |

### સત્સંગ પ્રાજ્ઞ - ૨

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | પટેલ ગીતાબેન શૈલેશભાઈ | ૧૭૬ | અક્ષર મંદિર, ગોંડલ |
| ૨. | શાહ નીપાબેન પરેશભાઈ | ૧૭૪ | કાંદિવલી(વેસ્ટ), મુંબઈ |
| ૩. | ઇટાલિયા સોનલ લક્ષ્મણભાઈ | ૧૭૨ | વેડ રોડ, સુરત |
| ૪. | પટેલ ઊર્વિબેન તુષારભાઈ | ૧૭૦ | છાણી જકાતનાકા, વડોદરા |
| ૫. | ચોટલિયા મયૂરીબેન જૈમિનભાઈ | ૧૬૮ | રાંદેર, સુરત |

### સત્સંગ પ્રાજ્ઞ - ૩

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | કુમાર બ્રિજેશભાઈ જિતેન્દ્રભાઈ | ૧૫૫ | સેટેલાઈટ, અમદાવાદ |
| ૨. | મિયાણી ભૂમિબેન સમીરભાઈ | ૧૫૩ | અક્ષર બંગ્લોઝ, ગાંધીનગર |
| ૩. | ગોપાણી યજ્ઞેશભાઈ દામજીભાઈ | ૧૫૧ | વેડ રોડ, સુરત |
| ૪. | માંડાણી નયનાબેન સંજયભાઈ | ૧૪૮ | અક્ષરવાડી, સુરત |
| ૫. | ઠક્કર ડૉ. રાજશ્રી ગૌરવકુમાર | ૧૪૩ | પ્રમુખનગર, ગાંધીનગર |

# અમેરિકાના એડિસન નગર ખાતે નવનિર્મિત બી.એ.પી.એસ. મંદિરનો ઊજવાયો શાનદાર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ



અમેરિકાના ન્યૂજર્સી રાજ્યમાં આવેલું એક નગર એટલે એડિસન. સન ૧૯૫૪માં વિખ્યાત વિજ્ઞાની થોમસ આલ્વા એડિસનના સન્માનમાં રેરીટેનમાંથી બદલીને આ નગરનું નામ એડિસન રાખવામાં આવ્યું હતું. ૭૯.૫ વર્ગ કિ.મી. ક્ષેત્રફળ ધરાવતા આ નગરની કુલ આબાદીમાં ૧૭.૭૫ ટકા ભારતીયો વસે છે.

ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની પ્રથમ ધર્મયાત્રા (૧૯૭૪)માં ન્યૂજર્સી રાજ્યનાં ઘણાં બધાં શહેરોમાં વસતા ભક્તોના ઘરે સ્વામીશ્રીએ પધરામણી કરી હતી, જેમાં એડિસનનો પણ સમાવેશ થયો હતો. ત્યારબાદ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ વર્ષો સુધી એડિસન નગરમાં પધારી સત્સંગલાભ આપતા રહ્યા. સન ૧૯૮૮માં સતત બાર દિવસ સુધી ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજે એડિસનમાં રોકાણ કરીને સૌને ભક્તિભીના કર્યા હતા. વિશેષમાં અહીં એ સમયે જળઝીલણી એકાદશીનો ઉત્સવ ઊજવીને સૌને ધન્ય કર્યા હતા. 'કલ્ચરલ ફૅસ્ટિવલ ઑફ ઇન્ડિયા'ની પૂર્વ તૈયારી માટે સ્વામીશ્રીને ૧૯૯૦માં બે-ત્રણ જગ્યાઓ બતાવવામાં આવેલી, પરંતુ એડિસનમાં ૨૫૦૦ વૂડબ્રિજ એવન્યૂ ઉપર આવેલા વૅરહાઉસમાં પધાર્યા અને તરત જ આ જગ્યા લઈ લેવાની આજ્ઞા કરી, અહીં પુષ્પવર્ષા કરી, ભવિષ્યમાં અહીં સુંદર મંદિર થશે તેવી આર્ષવાણી પણ ઉચ્ચારી!

સન ૧૯૯૧માં 'કલ્ચરલ ફૅસ્ટિવલ ઑફ ઇન્ડિયા' એડિસનની ધરા ઉપર જ ઊજવાયો. સાંસ્કૃતિક મહોત્સવના ભાગરૂપે ૨૧ જુલાઈ, ૧૯૯૧ના વૅરહાઉસમાં જ 'વિશ્વશાંતિ મહાયજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે આર્ષવાણી ઉચ્ચારતાં સ્વામીશ્રીએ કહ્યું, 'આ જગ્યા ઉપર શ્રી અક્ષર-પુરુષોત્તમ મહારાજ, ગુરુપરંપરા, હનુમાન, ગણપતિ, સીતારામ અને તમામ દેવોનું સ્થાપન થવાનું છે. એ જગ્યા ઉપર યજ્ઞ થયો.'

૧ ઑગસ્ટ, ૧૯૯૧ના સવારે સાંસ્કૃતિક મહોત્સવમાંથી અચાનક સ્વામીશ્રી વૅરહાઉસમાં પધાર્યા. સ્વામીશ્રીએ સ્વયં મેઝર ટેપથી જગ્યા મપાવીને અહીં મંદિર રચવાનો સંકલ્પ કર્યો હતો. સાથે સાથે મંદિરમાં સિંહાસન કઈ બાજુ કેટલું ઊંચું, કઈ કઈ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવી, સિંહાસનમાં કેટલી ઘુંમટી, પૂજારીનું રોકાણ, સંતોનો ઉતારો, પ્રદક્ષિણા કરવી તેનું પણ સૂચન કર્યું હતું.

તા. ૮ ઑગસ્ટ, ૧૯૯૧ના મંગલ દિને સ્વામીશ્રીએ, સર્વે વરિષ્ઠ સંતો અને હજારો ભક્તોની ઉપસ્થિતિમાં અહીં જ ભગવત્સ્વરૂપોની પ્રાણપ્રતિષ્ઠા કરી હતી.

ત્યારબાદ સ્વામીશ્રીનાં પ્રેરણા-માર્ગદર્શન મુજબ કાર્યકરોના ભક્તિમય પુરુષાર્થથી સત્સંગ દિન-પ્રતિદિન

વધવા લાગ્યો. બી.એ.પી.એસ.ના સ્વયંસેવકોએ જાત-મહેનતથી વૅરહાઉસને વિશાળ સભાગૃહ-મંદિરમાં રૂપાંતરણ કર્યું. સન ૧૯૯૪માં આ મંદિરમાં સ્વામીશ્રીએ રોકાણ કરી સત્સંગલાભ આપ્યો અને આ વૅરહાઉસની કાયાપલટ કરવાની પરવાનગી આપી દીધી. સ્વામીશ્રીની આજ્ઞાથી, ગ્લાસ રિઈનફોર્સ કોન્ક્રીટથી આ વૅરહાઉસને સુશોભિત કરીને તેને મંદિરનાં અલંકરણોથી શોભાવી દીધું.





મંદિર મહોત્સવમાં વિશ્વશાંતિ મહાયજ્ઞમાં હજારો ભક્તોએ આહુતિ અર્પીને મંદિર અને મૂર્તિઓને વધાવ્યાં...

૬ ઑગસ્ટ, ૧૯૯૬ના રોજ સ્વામીશ્રી એડિસન પધાર્યા અને નવીનીકરણને નિહાળીને ખૂબ જ પ્રસન્ન થયા. ૧૧ ઑગસ્ટ, ૧૯૯૬ના રોજ આ નૂતન મંદિરમાં, નૂતન સિંહાસનમાં, નૂતન મૂર્તિઓની સ્વામીશ્રીએ પ્રાણપ્રતિષ્ઠા કરી.

સન ૧૯૯૬માં તેઓની આજ્ઞાથી અમેરિકામાં સત્સંગ વિકાસ અર્થે યજ્ઞવલ્લભદાસ સ્વામી અને અન્ય સંતોનો સ્થાયી નિવાસ થયો. એડિસન મંદિર જ પૂજ્ય સંતોનું કાયમી નિવાસસ્થાન તથા સત્સંગપ્રવૃત્તિનું કાર્યાલય બન્યું. સ્વામીશ્રીના આશીર્વાદથી સત્સંગે હરણફાળ ભરી અને ચાર જ વર્ષમાં અહીંથી જુદા જુદા વિસ્તારમાં બાર નૂતન મંદિરનો પ્રારંભ થયો.

પ્રમુખસ્વામી મહારાજ તેમજ તેઓની આજ્ઞાથી મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતોએ સમયે સમયે અહીં પધારીને સત્સંગને વધુ વેગ આપ્યો. સંતોના વિચરણથી સત્સંગનો વ્યાપ વધતાં મંદિરનો સભાગૃહ નાનો પડવા લાગ્યો. પરિણામે જુલાઈ, ૨૦૦૭થી શનિવાર અને રવિવાર એમ બે દિવસ સત્સંગસભાઓ યોજાતી થઈ. તા. ૨૩ સપ્ટેમ્બર, ૨૦૦૭ના રોજ અહીં જળઝીલણી એકાદશીનો ઉત્સવ પ્રમુખસ્વામી મહારાજે ભવ્યતાથી ઊજવ્યો. તે સમયે હજારો ભક્તોનો હકડેઠઠ સમુદાય જોતાં સ્વામીશ્રીએ આશીર્વાદમાં જણાવ્યું હતું, 'આપણો સત્સંગ વધ્યો છે ને વધવાનો છે. આ નાનું છે. તમારે કાયમનો ભીડો છે, અમે આજે જોયું તો અમનેય થયું કે કંઈક કરવા જેવું તો ખરું. આ નાનું (મંદિર) છે ને મોટું (મંદિર) કરવું છે.' સ્વામીશ્રીના આ વાક્યે એડિસનના ભક્તો નૂતન મંદિર માટે ભૂમિ જોવા લાગ્યા, પરંતુ છેલ્લાં ૪૫ વર્ષોમાં આ ભૂમિ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનાં પુનિત ચરણો દ્વારા પાવન થયેલી છે તેથી વર્તમાન મંદિરની આ ભૂમિ પર જ મંદિર કરવાનું નક્કી થયું.

બાંધકામના નકશાઓ તૈયાર થવા લાગ્યા. ટાઉનશિપમાં પરવાનગી માટે પ્રક્રિયાઓ શરૂ થઈ. આ પ્રક્રિયાઓની વચ્ચે સન ૨૦૧૪માં ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ ૧૨મી ઑગસ્ટના રોજ અહીં પધાર્યા હતા. નૂતન રચાનાર મંદિરમાં ઠાકોરજી જ્યાં બિરાજમાન થવાના હતા, તે જગ્યા ઉપર જ મંત્રોચ્ચાર સાથે ત્રણ પુષ્પો પધરાવીને સ્વામીશ્રીએ ભૂમિપૂજન કર્યું. થોડા જ દિવસો બાદ મહંત સ્વામી મહારાજના હસ્તે શાસ્ત્રોક્ત વિધિથી ભૂમિપૂજન કરાવી, નૂતન મંદિરનાં મંડાણ શરૂ કરાવ્યાં. સન ૨૦૧૬માં ખાતમુહૂર્તમાં પધરાવવામાં આવનાર કળશનું સ્વામીશ્રીએ સારંગપુરમાં પૂજન કર્યું અને નિર્વિઘ્ને મંદિરનું કાર્ય પૂર્ણ થાય એવા આશીર્વાદ આપ્યા.

સન ૨૦૧૭માં નૂતન મંદિરનું કાર્ય શરૂ થતાં, મહંત સ્વામી મહારાજે આશીર્વાદ પત્ર લખી સૌ ભક્તોના ઉત્સાહને બેવડો કરી દીધો. ગુરુહરિના આશીર્વાદે એડિસનના આબાલવૃદ્ધ ભક્તોમાં નૂતન પ્રાણનો સંચાર

કર્યો અને નૂતન મંદિરના આ કાર્યમાં સર્વે સંપથી જોડાઈ ગયા. થોડા જ સમયમાં અનેકવિધ પ્રવૃત્તિઓથી સજ્જ ત્રિમંજિલા બી.એ.પી.એસ. મંદિર તૈયાર થઈ ગયું.

આ નૂતન મંદિરનો બહારનો ભાગ હવેલી આકારનો છે. પૂજ્ય નારાયણમુનિદાસ સ્વામી અને બ્રહ્મચરણદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સારંગપુરમાં આ હવેલીની

અલ્પાહાર જમાડવાની સેવા યુવતીમંડળ અને પ્રેમવતી મંડળનાં બહેનોએ ઉપાડી લીધેલી. સાથે સમગ્ર મંદિરનું સફાઈનું કામ પણ મહિલામંડળે જ કર્યું હતું.

મૂર્તિપ્રતિષ્ઠાનો દિવસ જેમ નજીક આવતો હતો, તેમ તેમ સર્વેનો ઉત્સાહ પણ વધતો જતો હતો. મંદિર મહોત્સવની ઉજવણીના ભાગરૂપે છેલ્લા છ મહિનાથી, દર





ભક્તિ અને સમર્પણભર્યા ઉત્સાહથી થનગનતી શાનદાર શોભાયાત્રાએ ન્યૂજર્સીના રાજમાર્ગો પર ભારતીય આંદોલન જગાવ્યું...

ડિઝાઈન તૈયાર કરવામાં આવી. એફ.આર.પી.માં સુંદર સુશોભન સાથે, નકશીકામથી ભરપૂર ઝરૂખા, થાંભલા, બારશાખ આદિ ભારતથી આવવા લાગ્યાં. પાંસઠ ફૂટની ઊંચાઈએ જઈને આ લગાડવાનું જોખમ ભર્યું કામ સ્વયંસેવકોએ ઉપાડી લીધું. શ્રી છગનભાઈ અને તેમના પુત્ર રાકેશભાઈ પટેલે ચૌદ મહિના સુધી વ્યવસાય બંધ કરી, દસથી બાર યુવકોની સહાયથી આ કાર્ય પૂર્ણ કર્યું. તેને અનુરૂપ લાઈટિંગ દ્વારા મંદિરની શોભામાં ચાર ચાંદ લગાવી દીધા.

બ્રહ્મચરણદાસ સ્વામી તથા નિર્મલયોગીદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ કાર્યકરોએ ખૂબ જ મહેનતથી નિજમંદિરની ડિઝાઇન તૈયાર કરી. મંદિરના પ્રત્યેક વિભાગમાં સ્વયંસેવકોનો સંપ દૃશ્યમાન થતો હતો. બાથરૂમ હોય કે રૂમોના દરવાજા, રૂમોનું રંગકામ હોય કે સિલિંગ ટાઇલ્સ લગાવવાની હોય, એલ.ઈ.ડી લાઇટની શોભા હોય કે વાયરિંગનું કાર્ય હોય વગેરે અનેક કાર્યો કાર્યકરોએ સેવા કરીને સંપૂર્ણ કર્યાં. છેલ્લા ત્રણ મહિનાથી સેંકડો સ્વયંસેવક ભાઈઓ-બહેનો સાંજના ૭-૦૦ વાગે આવી જતાં. તેમને સોંપવામાં આવેલી સેવા રાતના ૧૨-૦૦ કે ૧-૦૦ વાગ્યા સુધી કરતાં. શુક્રવાર, શનિવારના દિવસે તો આખી રાત સેવાઓ ચાલતી. આ કાર્યકરોને રાતના સમયે જુદા જુદા

મહિને 'સંપથી ચમત્કાર સર્જાય છે' એ કેન્દ્રીય વિષય હેઠળ સત્સંગ, સુહૃદભાવ, સમર્પણ, સંસ્કૃતિ અને સર્જન વિષયક વિશેષ સભાઓ યોજવામાં આવી. મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી જોતજોતાંમાં મંદિરનો પ્રતિષ્ઠા ઉત્સવ આવી ગયો. પ્રતિષ્ઠા ઉત્સવની તૈયારીઓ પણ શાનદાર હતી.

મંદિર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવનો આરંભ તા. ૧૦ અને ૧૧ ઑગસ્ટના રોજ વિશ્વશાંતિ યજ્ઞ દ્વારા થયો. જુદા જુદા ચાર વિભાગોમાં ૧,૬૦૦થી વધુ યજમાનોએ યજ્ઞ-નારાયણને આહુતિ અર્પી ધન્યતા અનુભવી હતી. આ યજ્ઞની વિશિષ્ટતા એ હતી કે યજ્ઞની મહાપૂજાવિધિમાં ૩૦ બાળકો પણ જોડાયા હતા. ભૂદેવોની સાથે બાળકોના મુખે સંસ્કૃતના શ્લોકો સાંભળીને સંતો અને યજમાન ભક્તો ખૂબ જ પ્રસન્ન થયા હતા.

૧૩ ઑગસ્ટના રોજ આત્મતૃપ્તદાસ સ્વામીની ઉપસ્થિતિમાં કાર્યકરોની એક વિશિષ્ટ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેવાની સાથે મહોત્સવનો કેવી રીતે લાભ લેવો તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

૧૪ ઑગસ્ટની મંગલ પ્રભાતે પૂજ્ય ડૉક્ટર સ્વામીની ઉપસ્થિતિમાં નૂતન મંદિરનો પ્રાસાદ પ્રવેશવિધિ યોજાયો હતો. ડૉક્ટર સ્વામી અને સંતોએ નૂતન મંદિરના સભાગૃહો, બાલ-કિશોર-યુવક વગેરે પ્રવૃત્તિઓના વિવિધ વિભાગો,

જિમ, બુકસ્ટોલ, પ્રેમવતી, રસોડું અને અંતે નિજ મંદિરમાં પધારીને ઠાકોરજીના નૂતન સિંહાસનનું પૂજન કર્યું હતું.

૧૬મી ઑગસ્ટના સવારના સમૂહ વેવિશાળ અને જનોઈ વિધિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મધ્યાહ્ન સમયે મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની અજોડ શોભાયાત્રા મિડલસેક્સ કાઉન્ટી કૉલેજથી પ્રારંભાઈને સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ અવસરે આશરે ત્રણ હજાર જેટલા ભક્તો-ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં વરિષ્ઠ સંતો અને સ્થાનિક સંતોએ ઉદ્બોધનનો લાભ આપ્યો હતો. આ સભામાં મંદિરના નિર્માણમાં સહયોગ-યોગદાન આપનાર સંતો-ભક્તોને બિરદાવવામાં આવ્યા હતા.





બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓના વેદોક્ત સ્થાપનવિધિ પ્રસંગે ડૉક્ટર સ્વામી અને ઈશ્વરચરણ સ્વામી...

એડિસન મંદિર સુધી યોજાઈ હતી. પૂજ્ય ડૉક્ટર સ્વામી અને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ શોભાયાત્રાને વધાવી હતી. આશરે દોઢ કિલોમીટર લાંબી આ શોભાયાત્રામાં કુલ ૯ કલાત્મક રથ રચવામાં આવ્યા હતા. જેમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રાધા-કૃષ્ણ, શ્રી નીલકંઠવર્ણી મહારાજ, શ્રી રામ પરિવાર, શ્રી શિવ પરિવાર અને ગુણાતીત ગુરુવર્યો બિરાજમાન હતા. શોભાયાત્રામાં ચાર હજારથી વધુ ભાવિકો-ભક્તો જોડાયા હતા. જે જે સ્થાન પરથી આ શોભાયાત્રા પસાર થઈ હતી, ત્યાં ત્યાં સ્થાનિકો આ શોભાયાત્રાનાં દર્શન કરી ધન્યતા અનુભવતા હતા. શોભાયાત્રા મંદિરે વિરમી ત્યારબાદ સૌએ કીર્તનભક્તિનો લાભ લીધો હતો.

તા. ૧૭મી ઑગસ્ટના રોજ મંદિરમાં મૂર્તિઓનો વેદોક્ત સ્થાપનવિધિ યોજાયો હતો. આ સ્થાપનવિધિનું આયોજન બે દિવસો દરમ્યાન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિને અક્ષરપુરુષોત્તમ મહારાજ સહિતનાં ભગવત્‌સ્વરૂપોનો પુનઃ સ્થાપનવિધિ અને દ્વિતીય દિને ગુણાતીત ગુરુવર્યોનો સ્થાપનવિધિ યોજાયો હતો. પ્રથમ દિને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પ્રતિષ્ઠિત કરેલાં ભગવત્‌સ્વરૂપોનો પુનઃ સ્થાપનવિધિ પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ

સંધ્યા સમયે 'મંદિરમ્ - ધ મ્યુઝિકલ' મધ્યવર્તી વિચાર હેઠળ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકો-યુવકોની અદ્ભુત રજૂઆતોએ સૌને દંગ કરી દીધા હતા. આ કાર્યક્રમમાં આશરે સાડા છ હજારથી વધુ ભક્તો-ભાવિકો પધાર્યા હતા. ઉદ્ઘાટનના આ પ્રથમ દિવસે જ મંદિરનો ભવ્ય સભાગૃહ અને પ્રાંગણ નાનાં પડ્યાં હતાં.

૧૮મી ઑગસ્ટના રોજ ગુણાતીત ગુરુવર્યોની મૂર્તિઓનો સ્થાપનવિધિ યોજાયો હતો. પરમ પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી વગેરે સંતોએ ગુરુવર્યોની મૂર્તિઓનો સ્થાપનવિધિ કર્યો હતો.

મધ્યાહ્ને મહિલાવૃંદ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ 'દિવ્ય મંદિરને વંદના – સંસ્કાર સરગમ' રજૂ થયો હતો. જેમાં બહેનોએ હજારોની સંખ્યામાં લાભ પ્રાપ્ત કર્યો હતો.

વરિષ્ઠ સંતોની છત્રછાયા હેઠળ એડિસન મંદિરમાં રહીને વર્ષોથી અહીંની સત્સંગ પ્રવૃત્તિઓનું સુકાન સંભાળતા હરિદર્શનદાસ સ્વામી તેમજ અન્ય સંતોના માર્ગદર્શન મુજબ સૌના ભક્તિમય પુરુષાર્થથી એડિસન બી.એ.પી.એસ. મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ ધામધૂમપૂર્વક ઊજવાયો હતો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના ઉપક્રમે આ મંદિર મહોત્સવ તેઓનાં ચરણે એક ભાવાંજલિરૂપ બની રહ્યો. ◆

# નોર્થ અમેરિકામાં ડૉક્ટર સ્વામી અને સંતવૃંદે કરી સત્સંગવર્ષા...





નોર્થ અમેરિકા ખંડ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં પુનીત ચરણોથી અનેકવાર પાવન થયો છે. ગુરુવર્યોની કૃપાથી પાવન થયેલા આ ખંડમાં વરિષ્ઠ સંતો અને સંતવૃંદ દ્વારા સત્સંગલાભ પ્રાપ્ત થતો રહે છે. તાજેતરમાં ગુરુહરિ મહંત સ્વામીની આજ્ઞાથી તા. ૨૦ મે થી ૧૯ ઑગસ્ટ, ૨૦૧૯ દરમ્યાન નોર્થ અમેરિકા ખાતે પૂજ્ય ડૉક્ટર સ્વામી અને સંતવૃંદનું વિચરણ યોજાયું હતું.

આ વિચરણમાં ડૉક્ટર સ્વામી સાથે જ્ઞાનેશ્વરદાસ સ્વામી, આત્મતૃપ્તદાસ સ્વામી, આદર્શયોગીદાસ સ્વામી, આત્મમંગલદાસ સ્વામી અને ધર્મવલ્લભદાસ સ્વામી વગેરે સંતો જોડાયા હતા. આ વિચરણ દરમ્યાન સંતવૃંદે નોર્થ અમેરિકાનાં વિવિધ રિજિયન્સમાં વસતા ભક્તોના વિશાળ સમુદાયને સત્સંગનાં પ્રેરણા પીયૂષ પાયાં હતાં. સમગ્ર વિચરણ દરમ્યાન સંતમંડળે વિવિધ શિબિરો તેમજ ઠેર ઠેર સત્સંગ-કાર્યક્રમો દ્વારા કાર્યકરો, ભક્તો અને બહોળા ભારતીય સમુદાયને સત્સંગલાભ આપ્યો હતો.

નોર્થ અમેરિકામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના શ્વેતાંબરી સાધુ સમા હજારો કાર્યકરો સત્સંગ-પ્રવૃત્તિમાં કરોડરજ્જુ સમાન સેવા આપી રહ્યા છે. તેમના સેવાલક્ષી ઘડતર અને આધ્યાત્મિક ઉત્કર્ષ માટે નોર્થ અમેરિકાના ૬ વિભાગોમાં કુલ ૬ સેમિનાર યોજાયા હતા. આ સેમિનારનો મધ્યવર્તી વિચાર હતો – 'સાધના.' જેમાં વિવિધ દૃષ્ટિકોણથી અધ્યાત્મનું તલસ્પર્શી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સેમિનારનું સૌથી આશ્ચર્યજનક અંગ હતું ૮૫ વર્ષની જૈફ વયે ડૉક્ટર સ્વામીનો કથાવાર્તા કરવાનો ઉમંગ! ડૉક્ટર સ્વામીએ પોતાની સાધનાના નિચોડ સમાં પ્રેરણાપ્રવચનો દ્વારા સૌ કાર્યકરોને તેમની સેવારૂપી સાધના અને વ્યાવહારિક જીવનને પરિશુદ્ધ કરવા કટિબદ્ધ કર્યા. બે દિવસના આ સેમિનારમાં બહોળી સંખ્યામાં કાર્યકર ભાઈઓ-બહેનો ઉત્સાહભેર જોડાયા હતા. સમગ્ર નોર્થ અમેરિકામાંથી ૫,૫૦૦ કરતાં વધારે કાર્યકરોએ ડૉક્ટર સ્વામી, જ્ઞાનેશ્વરદાસ સ્વામી, આત્મતૃપ્તદાસ સ્વામી અને અન્ય સંતો પાસેથી અદ્‌ભુત માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું.

નોર્થ અમેરિકાના બહોળા બી.એ.પી.એસ. સમુદાયને લક્ષમાં રાખીને સત્સંગ શિબિરોનું પણ આયોજન થયું હતું. તમામ રિજન્સમાં કુલ દસ શિબિરો યોજાઈ હતી. આ શિબિરોનો મધ્યવર્તી વિચાર હતો – 'સાધના, વચનામૃતની સાથે સત્પુરુષ સંગાથે.' દોઢ દિવસની આ શિબિરોમાં વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે વચનામૃત ગ્રંથના આધારે વ્યક્તિગત સાધનામાં સમજણ, વર્તન અને પ્રવર્તન જેવા વિષયોને આવરી લેતી વિવિધ રજૂઆતો થઈ હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા ઉદ્‌બોધિત વચનામૃતમાં આલેખાયેલી અને સત્પુરુષના જીવન દ્વારા પ્રતિબિંબિત

થતી સાધના વ્યક્તિગત જીવનમાં કેવી રીતે આવી શકે તેનું સરળ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શિબિરના અંતિમ ચરણમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ભાગરૂપે યોગયજ્ઞમાં સૌ શિબિરાર્થી નિયમગ્રહણ કરીને તેને પાળવા માટે પ્રતિજ્ઞાબદ્ધ થયા હતા. શિબિરાર્થી તરીકે પસંદગી પામેલા ૧૮,૦૦૦ કરતાં વધુ ભક્તોએ શિબિરની પ્રેરક રજૂઆતોની સાથે સાથે ડૉક્ટર સ્વામીનાં આશીર્વચન પણ પ્રાપ્ત કર્યા હતા.

સંતવૃંદના આ વિચરણ દરમ્યાન વિશિષ્ટ યુવા શિબિરોનું આયોજન થયું હતું, જેમાં ૨૪૦૦ કરતાં વધારે યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો. વચનામૃત દ્વિશતાબ્દીના ઉપક્રમે વચનામૃતના આધારે યુવા અવસ્થાને અનુરૂપ સાધના કેવી રીતે કરી શકાય તેનું મનનીય માર્ગદર્શન સૌએ પ્રાપ્ત કર્યું હતું.

આ વિચરણ દરમ્યાન ડૉક્ટર સ્વામી સાથે અંગત મુલાકાતો દ્વારા ૩,૦૦૦ કરતાં વધુ ભક્તોએ માર્ગદર્શન મેળવ્યું હતું. સંતવૃંદે ભક્તો-ભાવિકોના ઘરે પધરામણીનો પણ લાભ આપ્યો હતો. વિવિધ રિજન્સમાં લોકનેતાઓ, ભારતીય અગ્રણીઓ, ગુજરાતી અગ્રણીઓ અને અન્ય મહાનુભાવોએ પણ કાર્યક્રમોમાં હાજરી આપીને લાભ પ્રાપ્ત કર્યો હતો.

વિચરણના અંતે ન્યૂજર્સીના એડિસન ખાતે નૂતન મંદિરમાં પુનઃ પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ ખૂબ ભવ્યતાથી ઊજવાયો. આ નિમિત્તે યજ્ઞ, નગરયાત્રા, કીર્તન આરાધના અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાયા હતા. આ પ્રસંગે સમગ્ર નોર્થ અમેરિકા અને નોર્થ-ઈસ્ટ રિજનના ભક્તોએ ખૂબ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

આમ, નોર્થ અમેરિકામાં વસતાં ભક્તોમાં નૂતન જોમનું પ્રસારણ કરીને પૂજ્ય ડૉક્ટર સ્વામી અને સંતવૃંદે લંડન પધારીને અહીં પણ બાળ-યુવા-સંયુક્ત શિબિરોમાં ખૂબ સત્સંગલાભ આપ્યો હતો, જેમાં સમગ્ર યુ.કે. અને યુરોપના હજારો ભક્તો લાભાન્વિત થયા હતા. આમ, પશ્ચિમની દુનિયામાં સત્સંગનું એક વધુ આંદોલન પ્રસરાવીને સંતવૃંદ ભારત પધાર્યું હતું. ◆

## ફીજી ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે 'ભાષ્ય પરંપરા સંરક્ષક' બહુમાન

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે દેશ-વિદેશમાં અનેકવિધ કાર્યક્રમો ચાલી રહ્યા છે. એ જ શૃંખલા હેઠળ બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંત ભદ્રેશદાસ સ્વામીની ઉપસ્થિતિમાં તાજેતરમાં ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, ફીજી વગેરે દેશોના સિડની, મેલબર્ન, એડિલેઇડ, બ્રિસ્બન, પર્થ, ઑકલેન્ડ, વેલિંગ્ટન, ક્રાઈસ્ટ ચર્ચ, રોટોરુઆ વગેરે ઉપરાંત ફીજીમાં સુવા નગર ખાતે પણ વિશેષ સત્સંગ કાર્યક્રમો યોજાઈ ગયા. ભદ્રેશદાસ સ્વામી અને સંતોનાં વ્યાખ્યાનો દ્વારા સૌએ શિબિરો અને કથાપર્વો વગેરે કાર્યક્રમો અને સનાતન વૈદિક અક્ષરપુરુષોત્તમ દર્શનનાં સત્રોમાં શાસ્ત્રીય સમજ સાથે ઉપાસનાની દૃઢતા કરી હતી.

ફીજી ખાતે સુવા શહેરમાં તા. ૨૨-૯-૨૦૧૯ના રોજ એક વિશિષ્ટ સમારોહ યોજાઈ ગયો. આ સમારોહમાં ફીજી દેશની બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને 'ભાષ્ય પરંપરા સંરક્ષક' એવું બહુમાન અર્પણ કર્યું હતું. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સનાતન હિંદુ ધર્મનાં આદિ શાસ્ત્રો - પ્રસ્થાનત્રયી પર આ સદીમાં ભદ્રેશદાસ સ્વામી દ્વારા વિદ્વત્તાપૂર્ણ ભાષ્ય રચાવીને એક યુગવર્તી કાર્ય કર્યું છે અને વૈદિક સનાતન ધર્મની મહાન સેવા કરી છે. ભારતવર્ષમાં પ્રાચીન સમયથી ચાલી આવતી ભાષ્ય પરંપરા તેઓએ જીવંત રાખી છે. એટલે જ ફીજીની મુખ્ય સામાજિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ તથા શૈક્ષણિક સંસ્થાઓએ સાથે મળીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને 'ભાષ્ય પરંપરા સંરક્ષક' બહુમાન અર્પણ કરતાં ભાષ્યકાર ભદ્રેશદાસ સ્વામીના હાથમાં તે અર્પણ કર્યું હતું અને પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વના ઉપક્રમે એક ગૌરવપૂર્ણ પુષ્પ તેઓનાં ચરણે અર્પ્યું હતું. ◆








# ફ્રાન્સ અને રશિયામાં સંતવૃંદ દ્વારા સત્સંગલાભ

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ તથા આશીર્વાદથી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં યુરોપના વિવિધ દેશોમાં બી.એ.પી.એસ. સત્સંગની અભિવૃદ્ધિ થઈ રહી છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે કરેલા પુરુષાર્થના ફળસ્વરૂપે હવે, ફ્રાન્સના મહાનગર પેરિસ ખાતે શિખરયુક્ત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના નિર્માણની પ્રવૃત્તિઓનો આરંભ થયો છે.

આ મંદિર-નિર્માણની કાર્યવાહી માટે મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી અને સંતવૃંદ જુલાઈના દ્વિતીય સપ્તાહમાં પેરિસ પધાર્યું હતું, જેમાં યુ.કે.-યુરોપની સત્સંગપ્રવૃત્તિ સંભાળતું સંતવૃંદ અને ટ્રસ્ટીવૃંદ લંડનથી પણ જોડાયું હતું. આ દિવસો દરમ્યાન સતત પાંચ દિવસ સુધી પેરિસમાં સત્સંગની ગંગા વહી હતી. ઈશ્વરચરણ સ્વામી અને સંતોએ ગુરુપૂર્ણિમા વગેરે ઉત્સવોની સાથે પ્રેરક સત્સંગલાભ આપ્યો હતો. તેમાં બેલ્જિયમ, પોર્ટુગલ, જર્મની વગેરે દેશોના હરિભક્તોએ પણ લાભ લીધો હતો. ફ્રાન્સમાં મંદિર થવાનું હોવાથી સૌનો ઉત્સાહ અનન્ય અનુભવાતો હતો. અહીંથી ઈશ્વરચરણ સ્વામી અને સંતોએ રશિયા ખાતે મોસ્કો અને સેન્ટ પિટર્સબર્ગ ખાતે પણ સત્સંગલાભ આપ્યો હતો. અહીં સત્સંગ કરાવવાનો યોગીજી મહારાજનો સંકલ્પ સિદ્ધ થઈ રહ્યો હોવાથી સૌમાં અનન્ય ઉત્સાહ અનુભવાતો હતો. મોસ્કોના પ્રસિદ્ધ બેસિલ ચર્ચ તથા પ્રસિદ્ધ ઘંટની પણ સંતોએ મુલાકાત લીધી હતી. બાદ, ઈશ્વરચરણ સ્વામીએ અમેરિકા ખાતે ન્યૂજર્સી, ન્યૂયોર્ક, નોર્થ કેરોલિના અને વોશિંગ્ટન ડી.સી. ખાતે પણ સત્સંગલાભ આપ્યો હતો. આમ, ભગવાન સ્વામિનારાયણના પ્રતાપે દેશ-વિદેશમાં બી.એ.પી.એસ. સત્સંગની સરવાણી વધુ પ્રબળ બનીને વેગવંતી વહી રહી છે.







# અક્ષરધામનાં દર્શને મોંગોલિયાના રાષ્ટ્રપ્રમુખશ્રી અને મહાનુભાવો...

છેલ્લાં ૧૪ વર્ષોથી દેશ-વિદેશના અનેક રાષ્ટ્રપ્રમુખો અને વડાપ્રધાનો સહિત મહાનુભાવો દિલ્હી ખાતે સ્વામિનારાયણ અક્ષરધામની મુલાકાત લઈને હિંદુ ધર્મ પ્રત્યે ગૌરવ અને ગર્વનો અનુભવ કરતા રહ્યા છે. તાજેતરમાં બે વધુ મહાનુભાવોએ દિલ્હી ખાતે સ્વામિ-નારાયણ અક્ષરધામની દર્શન-મુલાકાત લઈને સનાતન હિંદુ ધર્મના જ્યોતિર્ધર પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિ-નારાયણને ભાવપુષ્પ અર્પણ કર્યાં હતાં.

મોંગોલિયા દેશના રાષ્ટ્રપ્રમુખ શ્રી ખલ્તમાગિન બટુલ્ગાએ તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ અક્ષરધામની દર્શનયાત્રા માણી હતી. બી.એ.પી.એસ. સંસ્થા વતી ધર્મવત્સલદાસ સ્વામીએ રાષ્ટ્રપ્રમુખ બટુલ્ગાને સત્કાર્યા હતા. અક્ષરધામના ગર્ભગૃહમાં બિરાજમાન ભગવાન શ્રી સ્વામિનારાયણને પુષ્પાંજલિ અર્પણ કરીને રાષ્ટ્રપ્રમુખ શ્રી બટુલ્ગાએ અક્ષરધામની કલાત્મક સૃષ્ટિને માણી હતી. વિશ્વશાંતિ-સંવાદિતા અને મોંગોલિયાની પ્રજાની સુખાકારી માટે રાષ્ટ્રપ્રમુખશ્રી બટુલ્ગા તથા સાથે આવેલા પ્રતિનિધિ મંડળે શ્રી નીલકંઠ પ્રભુ પર અભિષેક કર્યો હતો. ભવ્ય અક્ષરધામનાં દર્શનથી પ્રભાવિત થતાં જ રાષ્ટ્રપ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે 'ભારતીય સંસ્કૃતિના સમૃદ્ધ પ્રાચીન સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાનું અનુપમ પ્રતીક છે અક્ષરધામ. આ અદ્‌ભુત પરિસર અને સંસ્થાને તથા તેના નિર્માણ-સંચાલનમાં જોડાયેલા સૌને હાર્દિક અભિનંદન.'

તા. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૯ના દિને અમેરિકાના ન્યૂજર્સી રાજ્યના ગવર્નર શ્રી ફિલ મરફીએ પણ અક્ષરધામની દર્શનયાત્રા માણી હતી. તેમની સાથે રાજ્યના મંત્રીઓ, ધારાસભ્યો, અર્થશાસ્ત્રીઓ, સ્વાસ્થ્ય અને ઉદ્યોગ ખાતાના વ્યવસ્થાપકો અને પ્રોફેસરો સહિત પ્રતિનિધિ મંડળ પણ જોડાયું હતું. બી.એ.પી.એસ. વતી જ્ઞાનમુનિદાસ સ્વામી વગેરે સંતોએ સ્વાગત કર્યું હતું. અક્ષરધામની દર્શનયાત્રાથી તમામ મહાનુભાવોએ સાનંદાશ્ચર્યની અનુભૂતિ કરી હતી. ગવર્નરશ્રીએ અહીં રવિ સત્સંગસભામાં પણ સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતુંઃ 'ભારતમાં કે વિદેશમાં પોતાની ઉદારતા દ્વારા કોઈપણ જાતના ભેદભાવ વિના સૌની સેવા કરીને પ્રમુખસ્વામી મહારાજે સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેઓ એક એવું પ્રેરણાબળ છે જેને હું અહીં, ન્યૂજર્સી રાજ્યના રોબિન્સવિલ અને એડિસન ખાતે એકત્રિત થયેલા લોકોમાં અનુભવી શકું છું. ભારત અને અમેરિકાના સંબંધોને આ ઐતિહાસિક અને શાંતિપૂર્ણ કાર્યક્રમ વધુ ગાઢ બનાવે એવી મને આશા છે.'

આમ, ગવર્નરશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોએ અક્ષરધામની દિવ્યાનુભૂતિને હૃદયથી માણી હતી. ◆



# રાજકોટ યુવાપ્રવૃતિ દ્વારા દિલ્હી અક્ષરધામ ખાતે યોજાઈ સત્સંગ શિબિર 'એક નિશાન અક્ષરધામ'


દેશ અને વિદેશમાં ઠેર ઠેર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની યુવાપ્રવૃત્તિ દ્વારા અનેકવિધ પ્રેરક કાર્યક્રમો વર્ષભર ચાલતા રહે છે. એ શૃંખલામાં તાજેતરમાં તા. ૨૦થી ૨૩ ઑગસ્ટ, ૨૦૧૯ના રોજ દિલ્હી અક્ષરધામ ખાતે રાજકોટનાં સેંકડો યુવક-યુવતીઓ માટે 'એક જ નિશાન અક્ષરધામ' વિષયક શિબિર-સેમિનાર યોજાઈ ગયો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ગાંધીનગર ખાતે શિબિરનું દીપ પ્રાગટ્ય કરીને શિબિરનો મંગલ આરંભ કરાવ્યો હતો. સાથે સાથે શિબિરાર્થીઓ માટેના સત્સંગ સાહિત્યને પણ પ્રસાદીભૂત કર્યું હતું.

શિબિરના ઉપક્રમે રાજકોટ શહેરના પસંદગી પામેલાં ૫૦૦ જેટલાં યુવક-યુવતીઓ વિમાનયાત્રા દ્વારા દિલ્હી ખાતે સ્વામિનારાયણ અક્ષરધામ પહોંચ્યાં હતાં. તા. ૨૦ ઑગસ્ટના રોજ તમામ શિબિરાર્થીઓએ અક્ષરધામનાં દર્શન, પ્રદર્શનયાત્રાનો લાભ પ્રાપ્ત કર્યો હતો. તા. ૨૧ અને ૨૨ ઑગસ્ટના રોજ આયોજિત શિબિરમાં વિદ્વાન સંતોએ 'એક નિશાન અક્ષરધામ'નાં વિવિધ સોપાનો સુપેરે સમજાવ્યાં હતાં. વિદ્વાન સંતોનાં વ્યાખ્યાનો, અનેકવિધ માધ્યમો દ્વારા શિબિરાર્થીઓએ કાર્યક્રમોને રસપ્રદ રીતે માણ્યા હતા. શિબિર દરમ્યાન અક્ષરધામ પરિસરમાં શિબિરાર્થીઓ માટે સમૂહ નિત્યપૂજાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. શ્વેત પરિવેશ અને ઉપવસ્ત્રોથી સુશોભિત શિબિરાર્થીઓએ અક્ષરધામ સમક્ષ સમૂહપૂજા કરી ત્યારે યુવાપુષ્પોએ અક્ષરધામને આશ્લેષમાં લીધું હોય તેવી દિવ્યતા છવાઈ હતી. શિબિરાર્થીઓ દ્વારા અક્ષરધામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ સમક્ષ સહજાનંદ નામાવલિનો પઠન-યજ્ઞ યોજાયો હતો. સાથે સાથે ધૂન, કીર્તન, પ્રાર્થના લેખન દ્વારા યુવાનોએ વિશેષ ભક્તિ અર્ઘ્ય અર્પણ કર્યું હતું. સર્વે શિબિરાર્થીઓએ અક્ષરધામમાં જવાની બે પાંખો સ્વરૂપે આજ્ઞા-ઉપાસનામાં વિશેષ વર્તવા, સમજવાના નિયમો ગ્રહણ કર્યા હતા. શિબિરાર્થીઓએ દિલ્હીનાં વિખ્યાત સ્થળોની પણ મુલાકાત લીધી હતી.

બાળપણથી વંચાયેલી, બોલાયેલી સ્વામીની વાત 'આપણે તો અક્ષરધામમાં જવું છે એવો એક સંકલ્પ રાખવો' તેની પૂર્ણતાની સુખદ અનુભૂતિ યુવાનોએ કરી હતી. આ જ આ શિબિરની સાચી ફળશ્રુતિ બની રહી! ◆


# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## ગોંડલમાં અક્ષર મંદિર ખાતે યોજાયું યુવા સંમેલન



ગોંડલમાં શ્રી અક્ષર મંદિર ખાતે તા. ૮-૯-૨૦૧૯ના રોજ The Secret of Success મધ્યવર્તી વિચાર સાથે યુવા સંમેલન યોજાઈ ગયું, જેમાં ૨૬ શાળાઓ અને છાત્રાલયોનાં ૬૦૦૦ યુવક-યુવતીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. દરેક વ્યક્તિ સફળ અને સુખી થવા ઇચ્છે છે તો સફળતાનો રાજમાર્ગ કેવી રીતે કંડારી શકાય તે વિષયક અપૂર્વમુનિદાસ સ્વામીએ પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. સંમેલનમાં જૂનાગઢના કમિશનર શ્રી તુષારભાઈ સુમેરા, સ્થાનિક પ્રતિષ્ઠિત અગ્રણીઓ અને શૈક્ષણિક સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. યુવકોએ તેઓની સાથે પ્રશ્નોત્તરી કરીને સફળતા વિષયક સુંદર માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. ◆

## અતિવૃષ્ટિમાં મુંબઈ ખાતે રાહતકાર્ય



તા. ૪-૯-૨૦૧૯ના રોજ મુંબઈમાં અતિવૃષ્ટિને કારણે તારાજી સર્જાઈ હતી. પરિણામે મુંબઈના દાદર રેલવે સ્ટેશન પર પણ હજારો મુસાફરો અટવાઈ પડ્યા હતા. આ કઠિન પરિસ્થિતિમાં મુંબઈમાં દાદર ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર દ્વારા રાહતકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. બી.એ.પી.એસ. સંસ્થાએ ૩૦૦૦થી વધુ મુસાફરો માટે ગરમગરમ ભોજનની તાત્કાલિક વ્યવસ્થા કરી દીધી હતી. ૫૦૦ પુરુષ-મહિલાઓએ અલગ-અલગ રાત્રિ રોકાણ મંદિર ખાતે કર્યું હતું. એડિશનલ કમિશનરશ્રી પ્રવીણ દરાડેએ સંસ્થાનાં રાહતકાર્યોની મુલાકાત લીધી હતી અને પ્રભાવિત થઈને સંસ્થાનો આભાર માન્યો હતો. ◆

## સુરતની લાજપોર જેલમાં યોજાઈ સત્સંગસભા



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે તા. ૨૭ ઑગસ્ટના રોજ સુરતમાં બી.એ.પી.એસ. મંદિર દ્વારા લાજપોર મધ્યસ્થ જેલ ખાતે વિશિષ્ટ પ્રેરણાસભા યોજાઈ હતી. 'આંતર ખોજ' મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી આ સત્સંગસભામાં કાર્યકરો અને સંતોએ પ્રેરક વક્તવ્યો દ્વારા કેદીઓને વ્યસનમુક્ત બનીને સદાચારી બનવાનું માર્ગદર્શન આપ્યું હતું. ઘણા કેદીઓ વ્યસનમુક્ત બનવા સંકલ્પબદ્ધ થયા હતા. આ વિશિષ્ટ આયોજનથી જેલના અધિકારીગણ અને ૫૦૦ કેદીઓએ ખૂબ પ્રભાવિત થઈને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા તથા ગુરુહરિ મહંત સ્વામી મહારાજનો અંતરથી આભાર માન્યો હતો. ◆

### ભક્તરાજ શાંતિલાલ ભોગીલાલ શાહ, અમદાવાદ, ઉં.વ. ૯૫, જન્મ તા. ૫-૩-૧૯૨૪, અક્ષરવાસ તા. ૩-૯-૨૦૧૯



મૂળ પ્રાંતિજના વતની અને દાયકાઓથી અમદાવાદમાં સ્થાયી થનાર શ્રી શાંતિલાલ શાહ એટલે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સમયથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં જોડાયેલા એક અગ્રણી અને સંનિષ્ઠ ભક્તરાજ. મૂળ વૈષ્ણવ વણિક પરિવારમાં તેમનો જન્મ. મુંબઈ ખાતે ટેક્સટાઈલ એન્જિનિયર થયા બાદ સન ૧૯૪૮માં અમદાવાદના જગવિખ્યાત કાપડ ઉદ્યોગમાં જોડાયા. એન્જિનિયર તરીકે કારકિર્દી શરૂ કરીને જ્યુબિલી ટેક્સટાઈલ મિલમાં જનરલ મૅનેજર તરીકે સર્વોચ્ચ પદે પહોંચ્યા. સન ૧૯૪૮માં અમદાવાદમાં આવતાંની સાથે જ તેમને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો યોગ થયો. શાસ્ત્રીજી મહારાજની કૃપાથી થતી સમાધિનાં દર્શન કર્યાં અને શાસ્ત્રીજી મહારાજનાં ચરણે સમર્પિત થઈ ગયા. શાસ્ત્રીજી મહારાજના સ્નેહ અને વાત્સલ્યની જેમ યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજના સ્નેહ અને વાત્સલ્યનો પણ દાયકાઓ સુધી અનુભવ કર્યો. એક નિષ્ઠાવાન અને સમર્પિત સત્સંગી તરીકે તન-મન-ધનથી સેવા કરીને તેમણે સતત સાત દાયકાઓ સુધી એ ત્રણેય ગુરુવર્યોને ખૂબ પ્રસન્ન કર્યા. સંસ્થાના દેશ-વિદેશના ઉત્સવોમાં તથા અનેક કાર્યક્રમોમાં તેઓ હંમેશાં જોડાયેલા રહ્યા. કાપડ ઉદ્યોગના એક પ્રતિષ્ઠિત હોદ્દામાંથી નિવૃત્તિ લઈને તેઓ બી.એ.પી.એસ. મંદિર શાહીબાગમાં સેવામાં જોડાઈ ગયા. સેવા ઉપરાંત નિત્ય મંગળા આરતી, નિત્ય કથા, નિત્ય સંધ્યા-શયન આરતી અને નિત્ય સત્સંગ એમનું જીવન હતું. ૯૫ વર્ષની જૈફ વયે પણ ક્યારેય તેમાં ચૂક ન પડે. સૌના આત્મીય અને સૌના સ્નેહી એવા શાંતિભાઈને દાસભાવ અને મહિમાનું અંગ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પણ તેમના પર ખૂબ કૃપા. સર્વે પરિવારજનોને સત્સંગનો રંગ લગાડીને જીવનના છેલ્લા શ્વાસ સુધી સેવા અને ભક્તિમય રહેનાર શાંતિભાઈના અક્ષરવાસથી બી.એ.પી.એસ. સંસ્થાને એક સંનિષ્ઠ અને સેવાનિષ્ઠ આદર્શ ભક્તરાજની ખોટ પડી છે. તેમને હાર્દિક ભાવાંજલિ.

### ભક્તરાજ પ્રહ્લાદભાઈ નારાયણદાસ પટેલ, દાસજ, ઉં.વ. ૯૨, અક્ષરવાસ તા. ૨૬-૬-૨૦૧૯



ઊંઝા તાલુકાના દાસજ ગામના વતની નિષ્ઠાવાન હરિભક્ત શ્રી પ્રહ્લાદભાઈએ વારસામાંથી સત્સંગનાં પીયૂષ પીધાં હતાં. સમાધિ પ્રકરણ અને પ્રમુખવરણી દિન વગેરે અનેક ઐતિહાસિક પ્રસંગોના સાક્ષી શ્રી પ્રહ્લાદભાઈએ અમદાવાદ, સારંગપુર અને અટલાદરામાં શાસ્ત્રીજી મહારાજનાં દર્શન-આશીર્વાદનો લાભ પણ પ્રાપ્ત કર્યો હતો. તેઓ સમાધિમાં પ્રસાદીરૂપે આવેલી કેરી અને સાકર પણ જમ્યા હતા. દાસજમાં તેઓના ભક્તિભાવથી સન ૧૯૬૮માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે તથા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અનેકવાર પધારીને સત્સંગલાભ આપ્યો હતો. સ્વામીશ્રી તેઓને 'ભગત પાઘડી' ઉપનામથી સંબોધતા. દિલ્હીમાં મંદિર પ્રતિષ્ઠા ઉત્સવમાં સ્વામીશ્રીએ તેઓને પાઘડી સાથે અક્ષરધામમાં લઈ જવાનો કોલ આપ્યો હતો. મહંત સ્વામી મહારાજે પત્ર દ્વારા આશીર્વાદ આપ્યા ને બીજા જ દિવસે અક્ષરધામમાં વિરાજી ગયા. ભક્તરાજ પ્રહ્લાદભાઈના અક્ષરવાસથી મહિમાવંત ભક્તની ખોટ પડી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ.

### ભક્તરાજ જશભાઈ મણિભાઈ પટેલ, આણંદ, ઉં.વ. ૮૩, અક્ષરવાસ તા. ૧૫-૫-૨૦૧૯



આણંદના અગ્રણી હરિભક્ત અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પૂર્વ ટ્રસ્ટી અ.નિ. શ્રી મણિભાઈ જીવાભાઈ પટેલના જ્યેષ્ઠ પુત્ર શ્રી જશભાઈને સત્સંગ વારસામાંથી જ પ્રાપ્ત થયો હતો. બાળપણથી સત્સંગ-સેવા-ભક્તિમાં સદા ઉત્સાહી એવા જશભાઈ યુવાવસ્થામાં વિનુભાઈ(મહંત સ્વામી મહારાજ) સાથે રમતો રમતા અને ગોષ્ઠિ કરતા. પ્રમુખસ્વામી મહારાજની સાથે વર્ષો સુધી સરદાર ગંજમાં દુકાને દુકાને દાળના ધર્માદા અર્થેની સેવામાં જોડાતા હતા. પ્રમુખસ્વામી મહારાજના ૯૭મા જન્મજયંતી મહોત્સવમાં પોતાના પેટ્રોલપંપ પરથી ફ્યુઅલની વિશિષ્ટ સેવા કરી હતી. પરિવારમાં સત્સંગના વારસાનું સુપેરે સિંચન કરીને તેમણે ગુણાતીત ગુરુવર્યોનો અપાર રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓના અક્ષરવાસથી એક નિષ્ઠાવાન અને સેવાભાવી ભક્તની ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

### શ્રી મહેન્દ્રભાઈ પંડ્યા, રાજપીપળા, ઉં.વ. ૭૧, અક્ષરવાસ તા. ૭-૮-૨૦૧૯



શ્રી મહેન્દ્રભાઈ પંડ્યાને યુવાવસ્થામાં સત્સંગનો યોગ થયો ત્યારથી સેવાભાવના અને સમર્પણ જેવા ગુણો સાહજિક રીતે વણાઈ ગયા હતા. સત્સંગ અર્થે પધારતા સંતો-ભક્તોના ઉતારા અને ભોજનની વ્યવસ્થા સામાન્ય સ્થિતિ હોવા છતાં ખૂબ ઉત્સાહ અને મહિમાથી કરીને સૌનો અપાર રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

### શ્રી કાંતિલાલ સી. ચૌહાણ, ગાંધીનગર, ઉં.વ.૮૬, અ.વા. તા. ૨૯-૭-'૧૯



મૂળ રૂપાલના વતની શ્રી કાંતિલાલ સી. ચૌહાણ ગાંધીનગરના એક પાયાના હરિભક્ત હતા. ઉચ્ચ હોદ્દા પરથી નિવૃત્તિ બાદ નિર્માનીપણે ગાંધીનગર અક્ષરધામમાં અને સંસ્થાના દરેક મહોત્સવની સેવામાં ઉત્સાહથી સેવા કરનાર આ ભક્તરાજે પરિવારમાં પણ સત્સંગનું સુપેરે સિંચન કરીને ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.








## યુગાન્ડાના મહાનગર કંપાલા ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના વિશાળ નૂતન સંકુલનું ઉદ્‌ઘાટન

સન ૧૯૬૦માં કંપાલા ખાતે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે રચેલું બી.એ.પી.એસ. મંદિર નવા રૂપરંગ અને નૂતન સાત મંજિલા સંકુલ સાથે નવીનીકરણ પામ્યું છે. વિશાળ સભાગૃહ અને અનેકવિધ સત્સંગપ્રવૃત્તિ-સુવિધાઓ સાથેના આ નૂતન સંકુલનું મહંત સ્વામી મહારાજે ઉદ્‌ઘાટન કર્યું તેની છબિઓ...

Swaminarayan Prakash Gujarati, October-2019, Published on 1-10-2019. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Licenced to post without prepayment No. PMG/HQ/009/2018-20, Valid upto 31-12-2020. Regd No. GAMC-274/2018-2020, Valid upto 31-12-2020, RNI 33506/79.









## નૈરોબીમાં ભક્તિભાવપૂર્વક ઊજવાયો
## મહંત સ્વામી મહારાજનો ૮૬મો જન્મજયંતી મહોત્સવ

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનો ૮૬મો જન્મજયંતી મહોત્સવ પૂર્વ આફ્રિકામાં કેન્યાના મહાનગર નૈરોબી ખાતે હજારો ભક્તોની ઉપસ્થિતિમાં ભક્તિભાવપૂર્વક ઊજવાયો હતો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજમાં સનાતન હિન્દુ ધર્મનાં શાસ્ત્રોમાં વર્ણવેલાં સંતનાં સર્વે પવિત્ર લક્ષણોની નિત્ય અનુભૂતિ અસંખ્ય લોકોને થાય છે. જન્મજયંતી પર્વે એ શાસ્ત્રીય લક્ષણોની છણાવટ સાથે વિદ્વાન સંતોએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજની ગુણગાથા ગાઈ હતી. આ પ્રસંગે સ્વામીશ્રી પ્રત્યે દેશ-વિદેશમાંથી મહાનુભાવોના શુભસંદેશાઓની હારમાળા વહી હતી.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas